સર્વ મંગલ માં સ્વસ્તિક બોલે શ્વેતાયન શરણમ્ મમઃ
યજ્ઞ નારાયણ કુંડ બોલે શ્વેતાયન શરણમ્ મમઃ
શ્વેતાયન શરણમ્ મમઃ શ્વેતાયન શરણમ્ મમઃ
અનાદિ શ્રી કૃષ્ણ નારાયણ શ્વેતાયન શરણમ્ મમઃ
શરણાગતિ મંડળ બોલે શ્વેતાયન શરણમ્ મમઃ
પરમધામના મુકતો બોલે શ્વેતાયન શરણમ્ મમઃ
કંભરાલક્ષ્મી ગોપાળનદંન શ્વેતાયન શરણમ્ મમઃ
શ્વેતાયન શરણમ્ મમઃ શ્વેતાયન શરણમ્ મમઃ
અનાદિ શ્રી કૃષ્ણ નારાયણ શ્વેતાયન શરણમ્ મમઃ

ધુન (હરે કૃષ્ણ હરે કૃષ્ણ)

હરે કૃષ્ણ હરે કૃષ્ણ બાલકૃષ્ણ હરે હરે
શ્રીપતે શ્રી કંભરાપુત્ર લક્ષ્મીપતે હરે હરે
વિશ્વેશ્વર શ્રીકાંત કૃષ્ણ ગોપાલનંદન હરે હરે
બ્રહ્મપ્રિયા પતે બાલકૃષ્ણ મુકત પતે હરે હરે
અનાદિ શ્રીકૃષ્ણ નારાયણ બ્રહ્મપતે હરે હરે
સત્ય પતે શ્રીકાંત કૃષ્ણ બાલકૃષ્ણ હરે હરે
શ્રી કૃષ્ણ વલ્લભ સ્વામિ ના કાંત કૃષ્ણ હરે હરે
શ્વેતાયન હરિ વ્યાસ કૃષ્ણ બાલકૃષ્ણ હરે હરે
હરે કૃષ્ણ હરે કૃષ્ણ બાલકૃષ્ણ હરે હરે

કિર્તન

આવો તો રમવાને દર્શન દેવાને
પ્રગટ મારે જોવા છે. તમને રમતા રે દર્શન દેતા રે ----આવો
હાથમાં છે લાકડી માથે છે પાઘડી
કંઠે ગુલાબ ના હાર બહું શોભે
હે---- હું તો જોઈને ધન્ય ધન્ય થાઉં રે
પ્રગટ ફુલવાડી ના ચોક માં રે મધ્ય શિખર માં રે ----આવો
ધામ ના ધામી વાલો હાજરા હજૂર છે.
રંગ સોહામાણો ને તેજ અપાર છે.
હે----હું તો જોઈને ધન્ય ધન્ય થાઉં રે
પ્રગટ ફુલવાડી ધામ માં રે મધ્ય શિખર માં રે ----આવો

કિર્તન

આવ્યાં કૃપા કરી ને અપાર, શ્વેતાયન વ્યાસ હરિ
નથી આવ્યાં આ પ્રભુ કોઈવાર, શ્વેતાયન વ્યાસ હરિ આવ્યાં.....
પરમ ધામ નાં ધામી ની કૃપા અપાર
ભકત જનો નાં કાજે ધર્યો અવતાર
આવી કૃપા ઓ નાં કરનાર, શ્વેતાયન વ્યાસ હરિ આવ્યાં.....
કુંકાવાવ માં પ્રગટયાં ઘણી કૃપા કરી
કંભરા ગોપાળ ઘેર આવ્યાં જન્મ ધરી
પોતે અનાદિ શ્રી કૃષ્ણ અવતાર, શ્વેતાયન વ્યાસ હરિ આવ્યાં.....
વાલે વિદ્યા મુરત સ્વ સ્વરૂપ ધર્યા
વિશ્વ વિધ્ધવંતો ને મંત્ર મુગ્ધ કર્યા
કલમ ધ્વારા કળાઓ કરનાર, શ્વેતાયન વ્યાસ હરિ આવ્યાં.....
કોટી બ્રહમાંડો તેના એકરોમે ફરે
દેવો અવતારો આદિ તેનું ધ્યાન ધરે
અનંત કોટી મુકતો ને સેવનાર શ્વેતાયન વ્યાસ હરિ આવ્યાં.....
એના ઐશ્વર્ય સામર્થ્ય શકિત અપાર
તેનો પામી શકતાં નથી કોઈ રે પાર
એતો સર્વે શકિતઓ ધરનાર, શ્વેતાયન વ્યાસ હરિ આવ્યાં.....
ધરી અવતાર ધર્મ કેરા રક્ષાણ કર્યા
એ અવતારો કૃષ્ણ નારાયણે ધર્યા
એતો સર્વે અવતાર ધરનાર, શ્વેતાયન વ્યાસ હરિ આવ્યાં.....
પ્રભુ ચરાણ દાસ વિશાલ ચિત ધરી
ગાય કિર્તન પ્રગટ પ્રભુ નું પ્રિત કરી
આવ્યાં ભકતોની લેવા સંભાળ શ્વેતાયન વ્યાસ હરિ આવ્યાં.....

કિર્તન

આ મંડળ પરમધામ નું હરિ શરણાગતિ નામનું
શ્વેતાયન વ્યાસે સ્થાપ્યું છે. આ નામ પ્રભુ એ રાખ્યું છે.

આ મંડળ ના સંતો મુકતો ગુણગ્રાહી એવા તે ભકતો
એ પરમધામ થી આવ્યા છે. શ્વેતાયન સંગે લાવ્યાં છે.

એ જીવ નથી આ જગત ના કાજ કરવાં આવ્યા પ્રગટ નાં
પ્રગટ નાં આજ્ઞા કારી છે, એની વાતો કઈક ન્યારી છે.

આ લોક ની માયા છોડી છે એને વૃતિ પ્રભું માં જોડી છે
સેવા નાં કાજે કરે છે પ્રગટ ને રાજી કરે છે.

દેખાવે સાધારણ જેવા છે એના ગુણો લીધા જેવા છે.
એનો એક ગુણજો આવી જાય, આ જીવન ધન્ય થઈ જાય.

આ મંડળ તો સામાન્ય નથી બીજુ કોઈ મંડળ આવું નથી
આ સ્વયંમ પ્રભુ એ રચ્યું છે, આમા પ્રભુનું મન વસ્યું છે.

પ્રત્યક્ષ પ્રભુજી ને મળેલા સેવાથી રાજી કરેલા
આ મંડળ નાં મુકતો છે સંતોને ખરા ભકતો છે

પ્રગટ નો મહીમા જાણે છે બીજા ને પણ જણાવે છે
આશ્રીત પ્રભુ નાં બનાવે છે, પ્રગટ પ્રભુ ને ભજાવે છે.

આ મંડળ ની મધ્ય માં રહી, કાર્યો કરે છે કષ્ટો સહી
એ ભકતો ને કોટી વંદન છે, અપારો અભિનંદન છે.

હર કાર્ય માં તત્પર રહે એવું, દાસો નો આ દાસ કહે
એવું શરણાગતિ મંડળ છે, આ પ્રગટ પ્રભુ નું મંડળ છે.

કિર્તન

આવ્યાં છે રે આવ્યાં છે, અવતારી શ્વેતાયન આવ્યાં છે
શુભ સંકલ્પ ધારી તે આવ્યાં છે, અવતારી શ્વેતાયન આવ્યાં છે.

પરમધામ નાં ધામી પ્રભુ પધારીયાં
આવીને નર તન રૂપ વાલે ધારીયાં
પ્રભુ કુંકા તે વાવ અવતર્યા છે અવતારી શ્વેતાયન આવ્યાં છે. આવ્યાં.....

જગત ના કલ્યાણ કરવાને કાજે
અવતાર ધરીને પ્રભુ આવ્યાં છે આજે.
પ્રભુ પટેલ કુળ માં પ્રગટયાં છે. અવતારી શ્વેતાયન આવ્યાં છે. આવ્યાં.....

અનંત જીવો તેના શરણે લઈ ને
ઉધ્ધાર કરે છે વાલો પોતાનો કહીને
એને પરમધામે વળાવ્યાં છે. અવતારી શ્વેતાયન આવ્યાં છે. આવ્યાં.....

ભક્તો ની ભેળા ભક્તો જેવા થઈને.
સેવા ના સુખ આપે રાજી રે થઈને
વાલા ભક્તો નાં મનડે ભાવ્યાં છે. અવતારી શ્વેતાયન આવ્યાં છે. આવ્યાં.....

ભક્તો ને ભેળા કરી મંડળ સ્થાપ્યા
શરણા ગતિ મંડળ નામ રે આપીયાં
મોટા મોટા કાર્યો કરાવ્યાં છે. અવતારી શ્વેતાયન આવ્યાં છે. આવ્યાં.....

કૃપા નાં પાત્ર વાલા ભક્તો ને કરીયાં
દાસ કહે ભક્તો નાં મનડાં રે હરીયાં
સૌ ભક્તો એ હૃદિયે વસાવ્યાં છે. અવતારી શ્વેતાયન આવ્યાં છે. આવ્યાં.....

કિર્તન

આનંદ આનંદ થાય, આજ મારે હૈયે હરખ ન માય

પ્રત્યક્ષ દર્શન થાય, આજ મારે હૈયે હરખ ન માય

પુર્વ જન્મો ના મારા પુણ્ય રે ફળીયાં

મળીયા શ્વેતાયન રાય, આજ મારે હૈયે હરખ ન માય

સહેજે સહેજે અમને પ્રગટ મળીયા

આણ ધારીયાં સુખજ થાય, આજ મારે હૈયે હરખ ન માય

શરાણે લઈ ને મારા દુઃખડાં રે હરીયા

કરીયાં સુખીયા સદાય, આજ મારે હૈયે હરખ ન માય

ચરાણ કમળ નાં મેતો દર્શન કરીયા

ચિન્હ જોયા ચરાણો ની માય, આજ મારે હૈયે હરખ ન માય

સુખ દાય સુખકારી પ્રભુજી પામીયાં

વામીયાં દુઃખડા સદાય, આજ મારે હૈયે હરખ ન માય

પ્રત્યક્ષ જાણી ને અમે પ્રગટ ને ભજતાં

ભજતાં ભવ દુઃખ જાય, આજ મારે હૈયે હરખ ન માય

સર્વોપરિ અવતારી પ્રભુ મે જાણીયાં

જાણીયાં જગત ની માય, આજ મારે હૈયે હરખ ન માય

દાસો નાં દાસ ને દર્શન આપતાં

ભુલતાં ન વ રે ભુલાય, આજ મારે હૈયે હરખ ન માય

કિર્તન

આવો પ્રગટ પ્રભુ ને પગે લાગવા રે લોલ
શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી નાથ અવીનાશી
આવો પ્રગટ પ્રભુ ને પગે લાગવા રે લોલ ... આવો પ્રગટ
જેને સંતો ને દેવો સૌ નમે રે લોલ
એવા ગોપાળ દેવ ના લાલ અવીનાશી
આવો પ્રગટ પ્રભુ ને પગે લાગવા રે લોલ ... આવો પ્રગટ
છે પરમધામ ના અધિપતી રે લોલ
એજ ગોપાળ દેવ ના પુત્ર અવીનાશી
આવો પ્રગટ પ્રભુ ને પગે લાગવા રે લોલ ... આવો પ્રગટ
જેના વચન થી અનેક કામ સિધ્ધ થયા રે લોલ
એવા પ્રગટ પોતે સાક્ષાત આવીનાશી
જેણે રોગી ના રોગ મટાડીયા રે લોલ ... આવો પ્રગટ
જેણે આપ્યા છે પુત્ર અનેક અવીનાશી
જેણે પરચા આપ્યા છે મલિન દેશ માં રે લોલ
તેણે સ્થાપી ઈ શરાણગતિ આજ અવિનાશી ... આવો પ્રગટ
તમે શરાણાગતિ ના નાથ છો રે લોલ
તમે હૈયા કેરા છો હાર અવિનાશી
મહા મુકતો પુજે છે જેની પાદુકા રે લોલ ... આવો પ્રગટ
આવો કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ અવિનાશી
એમ દાસ રાણછોડ ની વિનંતી રે લોલ
સહુ સુણો થઈ એક ચિત્ત અવિનાશી ... આવો પ્રગટ
આવો પ્રગટ પ્રભુ ને પગે લાગવા રે લોલ

કિર્તન

અમને દર્શન દેજો શ્વેતાયન હરી વ્યાસ
દર્શન દેજો હૈયા ના કરી રાખો સ્વામિ ..... અમને દર્શન
શ્રી કૃષ્ણ વલ્લભાચાર્યજી લીયે કોઇ નામ
તેનો ઉદ્ધાર કરે, સ્વામિ આપે પરમધામ ..... અમને દર્શન
રચી શરણાગતિ મંડળ ને ધાર્યું તમારૂ થાય.
અંતરદા આવી કરે, દિયે પરચા અપાર ..... અમને દર્શન
ચોવિંશ અવતાર લીન કર્યા ને ધર્યું સંતરૂપ.
જોગે જોગે ઓળખ્યા તમને રટે શ્વેતાયન ..... અમને દર્શન
નારાયણ સુત ગોવિંદ કરે અરજ ઉરનાંથ.
અખંડ સેવા કરૂ તમારી, બીજી નથી આશ ..... અમને દર્શન

કિર્તન

અમે પ્યાસા રે, શ્રી હરિ ના રાજીપા તણા
નિષ્કામ ભકત પ્રભુ ને વ્હાલા ઘણા ..... અમે પ્યાસા
સેવક ની નજર રાખવા, પ્રભુજી બંધાણા,
ફળ ની ઇચ્છા રાખી તે, તો સકામ ગણાય ..... અમે પ્યાસા
હરિ ના રે ભકતો ચારેય મુકિત ન માંગે
પ્રભુ ની સેવા માં રહે છે રે આગે ..... અમે પ્યાસા
પ્રભુ ના વચનો માં જે સહેજ ન ચૂકે
મુમુક્ષુ હતા તે તો પ્રગટ માં તાણાણા ..... અમે પ્યાસા
શરણાગત ને સેવા દેવા, પ્રભુજી બંધાણા
ડાબો છે તેતો, પરિક્ષા માં અથડાણા ..... અમે પ્યાસા
કૃષ્ણવલ્લભાચાર્યજી પ્રવિણ ને ઓળખાણા

વરતાય તેટલું વરતવું પણ અવતારી એવા ભગવાન મને મળ્યા છે તેનું બળ રાખવું

કિર્તન

અવતાર ધર્યો છે પ્રભુજી તમે, અમારુ કલ્યાણ કરવાને
હું તો જન્મો જન્મ થી ભટકુ છુ
ભવસાગર માં ભટકી થાકયો છુ
પ્રભુ કલ્યાણ કરો અમારુ
અવતાર ધર્યો છે પ્રભુજી તમે અમારું કલ્યાણ કરજો
આ જન્મે ઉધ્ધાર કરો મારો
પ્રગટ પ્રભુજી શ્વેતાયન મહારાજ છો
પ્રભુ કલ્યાણ કરો અમારું
અવતાર ધર્યો છે પ્રભુજી તમે અમારુ કલ્યાણ કરવાને
ધર્યો ચોરાશી લાખ દેહ આ જીવે
મલ્યો મનુષ્ય અવતાર મોંધો મને
પ્રભુ કલ્યાણ કરો અમારું
અવતાર ધર્યો પ્રભુજી તમે અમારું કલ્યાણ કરવાને
આ ક્ષણે ધામથી પધાર્યા ધણી
મલ્યા સાક્ષાત સ્વામી આજ મને
પ્રભુ કલ્યાણ કરો અમારું
અવતાર ધર્યો છે પ્રભુજી તમે અમારું કલ્યાણ કરવાને
લાખ ચોરાશી માત-પિતા કર્યા
ધાવીયા સમુદ્ર જેટલુ ધાવણ માનુ
પ્રભુ કલ્યાણ કરો અમારું
અવતાર ધર્યો છે પ્રભુજી તમે અમારું કલ્યાણ કરવાને
હવે જન્મ મરણ ટળી ગયો
માતા - પિતા પ્રગટ ભગવાન મળ્યા
પ્રભુ કલ્યાણ કરો અમારું

અવતાર ધર્યો છે પ્રભુજી તમે અમારું કલ્યાણ કરવાને
પિતા અમારા પ્રગટ ભગવાન છે.
સુખે જાશુ પરમધામે

પ્રભુ કલ્યાણ કરો અમારું

અવતાર ધર્યો છે પ્રભુજી તમે અમારું કલ્યાણ કરવાને
ધામ ધામી જે પરમધામના ધણી
પ્રેમે પધાર્યા પૃથ્વી પર પ્રભુ

પ્રભુ કલ્યાણ કરો અમારું

અવતાર ધર્યો છે પ્રભુજી તમે અમારું કલ્યાણ કરવાને
રોમે રોમે બ્રહમાંડ વસે જેને
તેવા પ્રગટ પ્રભુ નો આશ્રય મને

પ્રભુ કલ્યાણ કરો અમારું

અવતાર ધર્યો છે પ્રભુજી તમે અમારું કલ્યાણ કરવાને
નથી ખામી કોઈ રીત ભાત ની હવે
દાસ જયંતિ ધન્ય ભાગ્ય માને

પ્રભુ કલ્યાણ કરો અમારું

અવતાર ધર્યો છે પ્રભુજી તમે અમારું કલ્યાણ કરવાને

ભગવાન નું ચિંતન કરતાં કરતાં દેહ મૂકે તો અતિ મોટી પદવી ને પામે છે.

કિર્તન

આસો વદ આઠમે પ્રગટીયા ભગવાન
સવંત ઓગણીસો એકસઠને શનિવારે પ્રગટીયા .....
સોહામણા કુંકાવાવમાં, કંભરા લક્ષ્મી ને ઘેર,
તારીખ એકવીસ દશ ઓગણીસો પાંચે પ્રગટીયા .....
વંદન નિરખી ગોપાળ કૃષ્ણ, દેવાણીના બાળને,
જીવ્હા વાર્ણવી, પાવન કરવા વેણને પ્રગટીયા .....
દર્શન દુર્લભ તે સુગમ કરી કરવા ભકતોના કાજ,
શ્રી હરિ શરણાગતિ મંડળના, હેતુ છો મહારાજ પ્રગટીયા .....
આપી પરચા અનેક હરિ ભકતના હર્યા દુઃખ,
શાસ્ત્રો રચી વિદ્યાર્થી ને સરલ કર્યા સુખ પ્રગટીયા .....
હરિ છાતી હૃદયમા પધરાવતા પ્રગટ મહારાજ
પુર્ણ પુરૂષોત્તમ અક્ષરપતિ પ્રગટયા છે આજ પ્રગટીયા .....
મહારાજા ધિરાજને ઓળખી ઓળખાવો બીજાને ,
કહે દાસ પ્રવિણ મહાભવ ભય નહી છોડાવવાને પ્રગટીયા .....

કિર્તન

આરતી પ્રગટ મંદિર માં થાય
ઝાલર નગારા વાગે શરણાઈ ..... આરતી
અખંડ દિવડા જગમગ થાય
આરતી શ્વેતાયન મંદિર માં થાય ..... આરતી
ગણેશ દેવ ને ફુલ ચડાવાય
હનુમંત દેવ ને અભિષેક થાય ..... આરતી
રૂડા તિલક શણગારો સોહાય
શ્વેતાયન વ્યાસ ની પુજા થાય ..... આરતી
સાકર શ્રીફળ નો પ્રસાદ વેંચાય
ગુણલા પ્રભુજી ના રે ગવાય ..... આરતી
પ્રગટ ની આરતી થી દુઃખડા જાય
આરતી નો મહિમા શરણાગતિ ગાય ..... આરતી

કિર્તન

આવો અખંડ સુખ આપવા રે લોલ
તમો કૃષ્ણવલ્લભાચાર્યજી નિત્ય સુખકારી
આવો અખંડ સુખ આપવા રે લોલ
નિજ ભકતો એ મંદિર બંધાવીયુ રે લોલ
એવો પ્રગટ તાણો પરતાપ સુખકારી
આવો અખંડ સુખ આપવા રે લોલ
રૂડી રેખા શોભે છે જમણા હાથ માં રે લોલ
પોતે પુરષોતમ સાક્ષાત સુખકારી
આવો અખંડ સુખ આપવા રે લોલ
જેના ચરણો માં ચિન્હ અતિ શોભતા રે લોલ
તેને જોઈ જોઈ તૃપ્તી ન થાય સુખકારી
આવો અખંડ સુખ આપવા રે લોલ
વાલે કળયુગ માં કરૂણા કરી રે લોલ
દેવા નરનારી ને ધામ સુખકારી
આવો અખંડ સુખ આપવા રે લોલ
વાલો ભકતોના સંકલ્પ જાણતા રે લોલ
કહી દેતા તે ન્યાય ને અન્યાય સુખકારી
વાલે પ્રગટ નુ સ્થાન રૂડુ કરીયુ રે લોલ
વસ્યા શરણગતિ માં સાક્ષાત સુખકારી
દાસ રાણછોડ ને પ્રગટ મળીયા રે લોલ
ફેરા જન્મો જન્મ ના ટળીયા આજ સુખકારી
આવો અખંડ સુખ આપવા રે લોલ

ભગવાન ના આશરા નું બળ ધામમાં લઈ જાય છે.

કિર્તન

આજ પ્રગટ શ્વેતાયન મુજ ને મળીયા રે લોલ
કોઈ માને નહી સાચી વાત મારી બેની
પ્રગટ શ્વેતાયન મુજ ને મળીયા રે લોલ
એ તો પરમધામ ના ધામી છે રે લોલ
માનો પ્રગટ પોતે ભગવાન મારી બેની
પ્રગટ શ્વેતાયન મુજ ને મળીયા રે લોલ
જેનો જન્મ છે કુંકાવાવ ગામ માં રે લોલ
તે તો જાણે છે સત્સંગ સમાજ મારી બેની
પ્રગટ શ્વેતાયન મુજ ને મળીયા રે લોલ
જેના લલાટ માં રેખા રૂડી શોભતી રે લોલ
તેના કંઠે ગુલાબ ના હાર મારી બેની
પ્રગટ શ્વેતાયન મુજ ને મળીયા રે લોલ
જેનુ નામ છે કૃષ્ણવલ્લભાચાર્યજી રે લોલ
એવુ બીજુ ન હોય જગમાય મારી બેની
પ્રગટ શ્વેતાયન મુજ ને મળીયા રે લોલ
જેને ગ્રંથો અનેક રચીયા રે લોલ
પૂરા સતાવન જ્ઞાન ભંડાર મારી બેની
પ્રગટ શ્વેતાયન મુજ ને મળીયા રે લોલ
જેને ધર્મ ને ઉજળો બનાવીયો રે લોલ
એ તો અક્ષર તાણા આધાર મારી બેની
પ્રગટ શ્વેતાયન મુજ ને મળીયા રે લોલ
પ્રગટે પરચા દીધા છે દેશો દેશ મારે લોલ
પ્રગટે શરણાગતિ ને મુખો મુખ મારી બેની
પ્રગટ શ્વેતાયન મુજ ને મળીયા રે લોલ
આજ પ્રગટ ના ગુણ અમે ગાઈએ રે લોલ
જાય વારી દાસ રણછોડ મારી બેની
પ્રગટ શ્વેતાયન મુજ ને મળીયા રે લોલ

કિર્તન

આનંદ આનંદ આજ શ્વેતાયન સંગ માં

શ્વેતાયન સંગમાં ને પ્રગટના રંગ માં

અંધારે અંજવાળા થાય શ્વેતાયન સંગ માં

શ્વેતાયન સંગમાં ને પ્રગટના રંગ માં

દુઃખીયા તે સુખીયા થાય શ્વેતાયન સંગ માં

આનંદ આનંદ આજ શ્વેતાયન સંગ માં

માયા તે મુકત બની જાય શ્વેતાયન સંગ માં

આનંદ આનંદ આજ શ્વેતાયન સંગ માં

શ્વેતાયન સંગ મા ને પ્રગટના રંગ માં

વાલ્યો વાલ્મીકી બની જાય શ્વેતાયન સંગ માં

આનંદ આનંદ આજ શ્વેતાયન સંગ માં

શ્વેતાયન સંગ માં ને પ્રગટના રંગ માં

શરણાગતિ સંત બની જાય શ્વેતાયન સંગ માં

કિર્તન

એકાશી ની સાલ માં પ્રગટે વિચાર્યુ વિદેશ કાગળ લખ્યા જી રે

શરણાગતિ મંડળ ને પ્રગટે જાણાવ્યું આટલા તે કાર્ય કરવાજી રે

પહેલું તે કાર્ય કુલવાડી માં કુવાના નીર છલકશેજી રે

નીર છલકશે ને નદીમાં જાશે કંકાવટી ભરપુર થાશે જી રે

બીજું તે કાર્ય કુલવાડી માં મોક્ષ મંદિર બંધાશે જી રે

મધય શીખર માં પ્રગટ બીરાજે નિત્ય નિત્ય નોબત વાગશે જી રે

ત્રીજુ તે કાર્ય લોમષઋષિ નો આશ્રમ જાગૃત થાશે જી રે

શાસ્ત્ર માં લખ્યુ સાકાર થાશે પશ્ચીમ કાશી કહેવાસે જી રે

ચોથું તે કાર્ય કુંકાવાવ ધામે કુમ કુમ વાવ છલકાશે જી રે

અનાદિ શ્રી કૃષ્ણ આનંદ આપશે દુઃખીયો ના દુઃખડા કાપશે જી રે

પાંચમુ તે કાર્ય ઘેર ઘેર લાલજી સેવા ના સુખ અતિ આપશે જી રે

દુઃખી જનો ના દુખડા રે કાપશે શ્વેતાયન સુખ બહુ સુખ આપશે જી રે

જન્મ ભુમી માં પ્રગટ બિરાજે અનેક માનતા ઓ આવશે જી રે

રોતા રે આવશે હસ્તા રે જાશે પ્રગટ ના ગુણલા ગાશે જી રે

ગાય ભીમદાસજી પ્રગટ પ્રતાપે શ્વેતાયન સુખડા આપશે જી રે

કિર્તન

આવો બાલકૃષ્ણ મહારાજ વંણથલી મંદિર કરવા કાજ
આપ ઈચ્છાયે વંણથલી આવી મુરત જોયુ મહારાજ
ધ્રુવ તારા નું નિશાન લઈને સ્થાપ્યુ નિજ મંદિર આવો.....
ભુખરા પાણા ભેળા કરી ને ચુનો બનાવ્યો ત્યાંજ
ચકી બનાવી ચુનો રે પીસ્યો પ્રગટ પોતે મહારાજ આવો.....
પથ્થર કઢાવ્યા ધાર ના પોતે પીરસ્યો છે પકવાન
કામ કરે ત્યાં ભેળા ને ભેળા વિચરો છો મહારાજ આવો.....
ધારે જઈને ઈન્દ્ર બોલાવ્યો વરસાવ્યો અમૃતમેઘ
ભીંજાતા ભીંજાતા મંદિરે આવ્યા પરચા થયા છે અનેક આવો.....
કથા કરી ને અમૃત પાયા જામવાણથલી ગામ
ઘર ખેતર ને વાડી એ વિચરી બનાવ્યું પરમધામ આવો.....
ભુત પિસાચ નો મોક્ષ કરીને ભૂમી બનાવી પાવન
શરણાગતિ એ ઓળખી લીધા પ્રગટ શ્વેતાયન વ્યાસ આવો.....
લાકડા કેરી લાઠી માં રહેતુ વાણીયા કેરુ ભૂત
પ્રગટ શ્વેતાયન ત્યા પધારી ઉગારયો તેનો સુત આવો.....
જૈન ડેરા માં જઈ ને પ્રગટે કળશ ચડાવ્યો ત્યાંય
દાસ રણછોડ કહે ભાવે રે ભજતા દર્શન આપે મહારાજ આવો.....

ભગવાન નો આશરો રાખવો એ મત અતિસાર માં સાર છે.

કિર્તન

અમે આવ્યા તમારે દવાર રે હો શ્વેતાયન
અમને લાગી દર્શન ની લગન એકવાર આવજો રે હો શ્વેતાયન
તમે કુંકાવાવ ગામ માં પ્રગટીયા હો શ્વેતાયન
માતા કંભરાલક્ષ્મી ના બાળ એકવાર આવજો રે હો શ્વેતાયન
મારા પૂર્વ જન્મ ના યોગ થી હો શ્વેતાયન
તેથી મળીયા મને સાક્ષાત એકવાર આવજો રે હો શ્વેતાયન
તમે દુઃખીઓ ના દુઃખ મટાડતા હો શ્વેતાયન
અમને સુખી કર્યા છે તત્કાળ એકવાર આવજો રે હો શ્વેતાયન
તમે ફુલવાડી મોટા ધામ માં હો શ્વેતાયન
તમે વિચરો છો સાક્ષાત એકવાર આવજો રે હો શ્વેતાયન
તમે ચરણો માં ચિન્હ બતાવીયા હો શ્વેતાયન
તમે દેતા ભકતો ને દર્શન એકવાર આવજો રે હો શ્વેતાયન
મારા પ્રાણ તણા આધાર રે હો શ્વેતાયન
તમે જાલજો મારો હાથ એકવાર આવજો રે હો શ્વેતાયન
તમે શરણાગતિ મંડળ ના સંગ માં હો શ્વેતાયન
તમે દર્શન દેજો વારંવારં એકવાર આવજો રે હો શ્વેતાયન
તમે બૃહમપેલેસ બંધાવજો હો શ્વેતાયન
તમે રેજો ભકતો સંગાથ એકવાર આવજો રે હો શ્વેતાયન
અમે આવ્યા તમારે દ્વાર રે હો શ્વેતાયન

કિર્તન

આંખ મારી ઉઘાડુ ત્યાં શ્વેતાયન દેખુ
ધન્ય રે જીવન માંરૂ કૃપા એની લેખુ
શ્વેતાયન વ્યાસજી ના રચના ઉચારું
હરિ નો આનંદ મારે અંતરે ઉતારુ .... આંખ મારી
શિક્ષાપત્રી મારી અતંર ની આખો
હરિ એ આપી છે મને ઉડવા ની પાંખો
પ્રગટ ની સેવા ને ધન્ય ભાગ્ય લેખુ .... આંખ મારી
ગુરૂભાઈ મારા સગા ને સંબંધી
છુટી રે ગ્રંથી મારી માયા ની બાંધી
પ્રગટ પ્રભુ ને મારા સ્વામિનાથ જાણુ .... આંખ મારી
સર્વે સંતો આશીષ દે જો એવી
શુધ્ધ ભકિત વધે મારી પૂર્ણિ માં જેવી
શ્વેતાયન વ્યાસજી ને હદય મા રાખું .... આંખ મારી
જેણે પ્રગટ પ્રભુ નો બ્રહ્મરસ ચાખ્યો
તેણે સંસાર ને મિથ્યા કરી નાખ્યો
પરમધામ ના દિવ્ય સુખ રે લેખુ .... આંખ મારી
એ રસ હેમંત ભગતે રે ચાખ્યો
તેણે સંસાર ને મિથ્યા કરી નાખ્યો
હરિ ની સેવા માં અહોનીશ દેખુ .... આંખ મારી
એ રસ શણાગતિ મંડળે ચાખીયો
સઘળો સંસાર તેણે દિવ્ય કરી નાખીયો
તેણે હરિ ને સર્વસ્વ અર્પણ કીધું .... આંખ મારી

કિર્તન

આજ મેં તો દીઠા રે શ્વેતાયન આવતા રે લોલ
સાથે સાથે શરણાગતિ ના સંત જો .... આજ મેં તો
સુંદર શોભે છે શિરપર પાઘડી રે લોલ
ભાલે શોભે કુમકુમ ચાંદલો ને રેખા જો ... આજ મેં તો
કાને શોભે કુંડળ મયુરાકાર ના રે લોલ
કંઠે શોભે હેમ ગુલાબના હાર જો .... આજ મેં તો
જરકશી જામ પહેર્યા જરી કેરા રે લોલ
હાથે શોભે આંટી વીંટીને વેઢ જો .... આજ મેં તો
કેળે રે કંદોરો શોભે હીરા જડેલા રે લોલ
પગે શોભે ઝાંઝર જગમગાટ જો .... આજ મેં તો
દર્શન દીધા દવાખાને રે લોલ
દીધા દર્શન રાજકોટ શહેર માં જો .... આજ મેં તો
નિરખ્યા મે તો નેણા ભરી નાથ ને રે લોલ

કિર્તન

આજ મારા સ્વામી રે શ્વેતાયન અમને સાંભળો
એ જી એ તો સૌની પુરે આશ (૨) .... આજ મારા
એવા માતા રે કંભરા પિતા ગોપાળ દેવ છે રે
એ જી એની સાથે અક્ષરબ્રહ્મ (૨) .... આજ મારા
એવુ વંથલી માં કુલવાડી ધામ છે.
એ જી ત્યાં વસે છે શ્વેતાયન (૨) .... આજ મારા
એવા કુંકાવાવ ના સ્વામી મારા પ્રાણ છે.
એ જી તમને ભજુ દિવસ ને રાત (૨) .... આજ મારા
તમે ઉજળું કર્યુ રે દેવાણીકુળ ને
એ જી તમે આપ્યું શરણાગતિ નામ (૨) .... આજ મારા
એવી ભકિત રે કરો શ્વેતાયન વ્યાસ ની
એ જી તમને દેસે પરમધામ માં વાસ .... આજ મારા
એવા દાસ રે ઘનશ્યામ ની વિનંતી છે
એ જી પ્રભુ રહેજો મારી સાથ (૨) .... આજ મારા

કિર્તન

આજ મારે આંગણે અનાદિ કૃષ્ણ આવ્યા
પ્રગટયા કુંકાવાવ માં રે લોલ
ભકતો એની ઓળખાણું લઈ લેજો
પરમધામ પહોંચશો રે લોલ
હારે ત્યાં આપણા નાણા કેરુ
પરમધામ માં ચલણ નથી રે લોલ
હારે શરણગતિ મંડળ હુંડી લખી આપે
શાખા તે એની ચાલે ઘણી રે લોલ
ભકતો તમે હુંડી ને સાચવજો
પરમધામ પહોંચશો રે લોલ
નહીતર મહેનત પડશે માથે
ત્યાં કાંઈ વળશે નહી રે લોલ
ભકતો એવા બેઉ લોક ને સુધારો
અનાદિ કૃષ્ણ ઓળખો રે લોલ
હારે એતો ઘેર ઘેર દર્શન આપે
દેશને વિદેશ માં રે લોલ
હારે એના ચિન્હો તાણી બલીહારી
નરનારી મંડે ડોલવા રે લોલ
આજ મારે આંગણે મહા મુકતો આવ્યા
આંગણીયા મારા પાવન થયા રે લોલ
દાસી જયા એ ગુલાબો લાવી
મહા-મુકતો ને વધાવીયા રે લોલ
સખી મેતો ગુલાબ ના હાર ગુથાવીયા
મહા મુકતો ને પહેરાવ્યા રે લોલ

શરીર ના તત્વો તો સોની જેવા ચોર છે.
તે સમજી ને આત્મા એ પરમાત્મા માં પ્રીતિ રાખવી

કિર્તન

આવો અવસર નહી આવે ઘડીઘડી આવો અવસર નહી આવે...
આસો માસ વદ આઠમ શનિવાર
ગોપાળદેવ દ્વાર ધર્યો અવતાર
હે આવી શુભ ઘડી ને વધાવો ઘડીઘડી આવો અવસર નહી આવે...
અવતારી કૃષ્ણ નારાયણ પોતે
ધામો નાં ધામી પ્રગટીયા પોતે
હે સહું સખી ઓ મંગળ ગાવો ઘડીઘડી આવો અવસર નહી આવે...
આંગણાં ઓરડાં ને ભુવ નો સજાવો
વિધ વિધ રંગોળી સાથીયાં પુરાવો
હે મહા મંડપ આંગણે બંધાવો ઘડીઘડી આવો અવસર નહી આવે...
કેળનાં સ્થંભ ને તોરણો બંધાવો
દિપ માળા ઓ ની હારો પ્રગટવો
હે રૂડાં ચોકો ને શેરીયું સજાવો ઘડીઘડી આવો અવસર નહી આવે...
માતા નાં ખોળે બાળ કૃષ્ણ પ્રભુ સોહે
મુખડું જોઈ સહું જન મન મોહે
મારા વાલ ને વાલ થી વધાવો ઘડીઘડી આવો અવસર નહી આવે...
પારણે માતા પ્રેમે પ્રભુ ને જુલાવે
હાથ માં દોર મુખે હાલરડા ગાવે
હે આવી હેતે હરિ ને જુલાવો ઘડીઘડી આવો અવસર નહી આવે...
દેવો ને અવતારો દર્શને આવે
દિવ્ય રૂપ પ્રભુ તેને દર્શાવે
હે વૃષ્ટી ફૂલો ની કરીને વધાવો ઘડીઘડી આવો અવસર નહી આવે...
સર્વે લોક માં ને ધામો તે ધામમાં
જન્મોત્સવ થાય પ્રગટનાં ધામમાં
હે કુંકાવાવ ને ફુલવાડી આવો ઘડીઘડી આવો અવસર નહી આવે...
વગાડી વાજીંત્રોને કિતનો ગાવો
મોટા મોટા મહા રાસો રચાવો
હે જય જન્મોત્સવ જશ ગાવો ઘડીઘડી આવો અવસર નહી આવે...

કિર્તન

આ ફેરે શ્વેતાયન પેલે ફેરે ઘનશ્યામ
અનાદિ નારાયણ આવો ને આ ફેરે શ્વેતાયન....
અનાદિ નારાયણ પોતે પધાર્યા
શરણગતિ જાણે રે વાલા, આ ફેરે શ્વેતાયન....
આવી અવની માં લખ ચોરાશી ફેરા
ભુલવણી માં ભટકાવે રે વાલા, આ ફેરે શ્વેતાયન....
જન્મ મરણ નાં ફેરા તમે ટાળો
શ્વેતાયન ના ચરણે આવો રે વાલા, આ ફેરે શ્વેતાયન....
વાંજીયા ને વ્હાલો પારણા બંધાવે
શ્રધ્ધા ઓ ને આવે રે વાલા, આ ફેરે શ્વેતાયન....
અનાદિ નારાયણ નો મહીમા છે મોટો
જગ માં ન મળે રે જોટો રે વાલા, આ ફેરે શ્વેતાયન....
અનાદિ નારાયણ પોતે પધાર્યા
માં લક્ષ્મી એની સાથે રે વાલા, આ ફેરે શ્વેતાયન....
અનાદિ નારાયણ નાં ગુણલા જે ગાવે
એના વિમાન આવે રે વાલા, આ ફેરે શ્વેતાયન....
પલમાં હસાવે પલ માં રડાવે
લીલા નો પાર ન આવે રે વાલા, આ ફેરે શ્વેતાયન....
એટલી અરજી સુણજો અમારી
અરજ સ્વીકારો મારી રે વાલા, આ ફેરે શ્વેતાયન....
દાસી પુનમ ને શ્વેતાયન ભાવે
બીજા નજરે ન આવે રે વાલા, આ ફેરે શ્વેતાયન....

ભગવાન માં પ્રીતિ કરવામાં વિઘ્ન થાય તેવું તજી દેવું.

કિર્તન

અવસર આવ્યો ને આજ આનંદ થયો
કુમકુમવાપી માં અવસર આવ્યો
વૈશાખ સુદી રૂડી પૂનમ છે.
દેશ પરદેશથી ભકતો આવે છે.
હે... કુંભી પૂજન નો લ્હાવો લેવા
કુમકુમવાપી માં ઉત્સવ આવ્યો
શરણાગતિ સૌ ભેગા રે મળીયા
નવનવ શિખર ના નવનવ છે ઉમરા
હે... ઉંબરા પૂજન નો લાવો લેવા
કુમકુમવાપી માં ઉત્સવ આવ્યો
શ્વેતાયન વ્યાસજીના ગુણલા ગવાય છે.
ભજન કિર્તન ની રમઝટ બોલે છે.
હે... સંગે મહા મુકતો ની અમૃત વાણી
કુમકુમવાપી માં ઉત્સવ આવ્યો
પ્રગટ પ્રભુજી નો મહિમા છે મોટો
અખિલ ભૂમંડલમા જડે નહી જોટો
હે... મોક્ષ મળે અનાદિ કૃણ ભજી
કુમકુમવાપી માં ઉત્સવ આવ્યો
દાસ ઘનશ્યામ શ્વેતાયન ને ભજે છે.
અનાદિ શ્રીકૃણ ના દર્શન ઝંખે છે.
હે... દર્શન દેજો અમને મ્હેર કરી
કુમકુમવાપી માં ઉત્સવ આવ્યો

કિર્તન

આવો તો રમીએ રાસ શ્રી હરિ આવો તો રમીએ રાસ
હૈયે આનંદ ઉલ્લાસ શ્રી હરિ આવો તો રમીએ રાસ
આસો વદી અષ્ટમિ ના મંડપો સજાવીયા
આસો પાલવ ના તોરણ બંધાવ્યા
હિંડોળો બાંધ્યો આંબાડાળ .... શ્રી હરિ
સખાએ ભેળામળી આરતી ઉતારી
સખીઓએ ભેળામળી હાથતાળી પાળી
હીડોંળે હીચંકે દિનાનાથ .... શ્રી હરિ
અબીલ ગુલાલના રંગ ઉડે ભારી
દેવતાઓ રાસ જોવા આવ્યા આકાશે
ફૂલોની વૃષ્ટિ રૂડી થાય .... શ્રી હરિ
ભગવાન રાસ રમે ભકતોની ભીડમાં
રમતાની સાથે વાલો હિંડોળે ઝુલતા
ઝુલાવે સર્વે મળી આજ .... શ્રી હરિ
શરણાગતિ ને તમે ચરણોમાં રાખી
લીલી રાખી છે તમે સત્સંગની વાડી
ભારતમાં કીધો જયજયકાર .... શ્રી હરિ
સાક્ષાત અનાદિ કૃષ્ણ સંત મૂર્તિ જાણી
દંડવત પ્રણામ સ્પર્શ ચરણે શીશ નમાવી
પધારજો અમારી પાસ .... શ્રી હરિ
પૂજે જગત મૂર્તિ કુંકાવાવ ધામે
શ્વેતાયન રચીયા તમે શાસ્ત્ર ગ્રંથ ભારે
વિશ્વના પંડિતો એ કર્યુ સન્માન .... શ્રી હરિ
વિધ્યાવડે તમે પંડિતો જીત્યા
વિશ્વના વિધ્વાનોએ ગ્રંથ વડે ગોતીયા
દિવ્ય બતાવ્યુ છે જ્ઞાન .... શ્રી હરિ

મને જે ભગવાન મળ્યા છે તે વડે મારા સંગ કરનાર જીવને પણ હું ભગવાન ના ધામમાં મોકલી દઉં.
એમ નર કે નારી એવા શ્રી હરિ શરણાગતિ સત્સંગી એ બળ રાખવું.

દિવ્યજ્ઞાન સર્મપી ને ભકિત વડે તાર્યા
આપ શ્રી પરમેશ્વર છો ગ્રંથ વડે ગોતીયા
પ્રગટ વિચરો છો સાક્ષાત .... શ્રી હરિ
કુંકાવાવ ધામે જય ઉત્સવ થાય છે.
કુગેવાડી ગામે રોશની દેખાય છે.
ભકતો બહું રાજી થાય .... શ્રી હરિ
ભકતો ની ભીડમાં આનંદ ઉત્સવમાં
વિચારો છો પ્રભુ સદા જગ આખા માં
શરણાગતિ ગુણ તમારા ગાય .... શ્રી હરિ

કિર્તન

આવો રૂડો હરિ પ્રગટ નો સાથજો
અમે કેમ રે કરી ને સંગ તજીયે રે નાથ આવો.....
આવ્યા પ્રભુ ભકતો ના કાજ રે
પ્રભુ પર પરમધામ ના ધણી રે પધાર્યા રે નાથ આવો.....
ન મળે બ્રહ્મા ને પાસે જાગ્ય જો
તે પ્રભુ સેવે છે શરણાગતિ સમાજ રે નાથ આવો.....
પ્રભુ બિરાજે મહા મંદિર ની માય જો
ત્યારે પ્રેમી રે ભકતો ને સુખ આપશે રે નાથ આવો.....
શરણાગતિ સમાજ ઉભુ પ્રભુ ના દ્વાર જો
પ્રભુ ચરણ સેવા નો આનંદ માણતા રે નાથ આવો.....
દાસ ગોવિંદ તમારા ગુણ ગાઈ રે
ચરણ ની સેવા માં પ્રભુ રાખજો રે નાથ આવો.....

કિર્તન

અવતારી શ્વેતાયન અવતારી

દર્શન દઈ ને ભકતો ને લીધા તારી ..... શ્વેતાયન અવતારી

ગુલાબ પાંખડી દઈ ને સુખ આપ્યા છે.

ગુલાબ પાંખડી એ ભકતો ને લીધા તારી ..... શ્વેતાયન અવતારી

સાકર પ્રસાદિ દઈને સુખ આપ્યા છે

સાકર પ્રસાદિએ ભકતો ને લીધા તારી ..... શ્વેતાયન અવતારી

ચરાણવારી દઈ ને સુખ આપીયા છે

ચરાણવારી એ ભકતો ને લીધા તારી ..... શ્વેતાયન અવતારી

કરી લટકા ને મહાસુખ આપ્યા છે.

લટકા કરીને ભકતો ને લીધા તારી ..... શ્વેતાયન અવતારી

દિવ્ય સેવા દઈ ને સુખ આપ્યા છે.

સેવા દઈ ને ભકતો ને લીધા તારી ..... શ્વેતાયન અવતારી

કરમાં માળા ધરી ને દર્શન આપ્યા છે.

માળા ફેરવી ને ભકતો ને લીધા તારી ..... શ્વેતાયન અવતારી

મંદમંદ હસી ને સુખ આપ્યા છે.

વ્હાલે હસી ને ભકતો ને લીધા તારી ..... શ્વેતાયન અવતારી

ગુલાબ હાર પહેરી ને દર્શન આપ્યા છે.

દાસ શાંતી કહે સુખકારી ..... શ્વેતાયન અવતારી

ભગવાન નું સુખ ક્ષણ માત્ર મળે તો અમીના અખંડ ઓડકાર આપે છે.

કિર્તન

આજ આનંદ ઉર ન માય આનંદ વધામણા....
પ્રભુ પ્રગટ થયા છે આ વાર આનંદ વધામણા....
આસોવદ આઠમ રૂડા દિન માં
કુંકાવાવ તિરથ માં આજ આનંદ વધામણા....
કમરમાતા ગોપાળદેવ તાત રે
નિરખી હરખ પામ્યા સહુ આજ આનંદ વધામણા....
શરણાગતિ ઝુલાવે આજ પારણીયે
ઝુલો ને વહાલા બાલકૃષ્ણનાથ આજ આનંદ વધામણા....
પ્રભુ કૃષ્ણવલ્લભાચાર્યજી રે
કૃષ્ણનારાયણ શ્વેતાયન વ્યાસ આનંદ વધામણા....
કહે દાસ શાંતિ સુખ આપવા
આજ પ્રગટયા છે શ્રી ભગવાન આનંદ વધામણા....

કિર્તન

અમે ભગવા વસ્ત્રો પહેર્યા અનાદિકૃષ્ણ,
તમારી ભકિત નો મને રંગ લાગયો
તમે એક વાર કુંકાવાવ જાજો અનાદિકૃષ્ણ,
તમારી ભકિત નો મને રંગ લાગયો
અમે કુંકાવાવ મા બાળ સ્વરૂપે જોયા અનાદિકૃષ્ણ,
તમારી ભકિત નો મને રંગ લાગયો
તમે એકવાર જુનાગઢ જાજો અનાદિકૃષ્ણ,
તમારી ભકિત નો મને રંગ લાગયો
અમે જુનાગઢ માં સંત સ્વરૂપે જોયા અનાદિકૃષ્ણ,
તમારી ભકિત નો મને રંગ લાગયો
તમે એકવાર ફુલવાડી જાજો અનાદિકૃષ્ણ,
તમારી ભકિત નો મને રંગ લાગયો
અમે ફુલવાડી માં હરતા ફરતા જોયા અનાદિકૃષ્ણ,
તમારી ભકિત નો મને રંગ લાગયો
તમે એકવાર શરણાગતી લેજો અનાદિકૃષ્ણ,
તમારી ભકિત નો મને રંગ લાગયો
અમે શરણાગતી માં સાક્ષાત જોયા અનાદિકૃષ્ણ,
તમારી ભકિત નો મને રંગ લાગયો

ભગવાન અને ભગવાન ના ભકત થકી મન નોખું પડે તો મોટો વિધી જાણવું

કિર્તન

આજ કઠાણ કાળ માં પરચા આપે છે. કૃષ્ણવલ્લભાચાર્યજી શ્રી હરિ
હારે એના ભકતો ના પૂરે કોડ પ્રભુજી કૃષ્ણવલ્લભાચાર્યજી શ્રી હરિ

જામવાણથલી જાત્રાનું ધામ છે
કુલવાડી માં શ્વેતાયન વ્યાસ છે

રહયા ભકતો ના અંગો અંગ પ્રભુજી કૃષ્ણવલ્લભાચાર્યજી શ્રી હરિ

તા. ૧૬-૮-૮૪ ના દિવસે
દીધા દર્શન જામનગર જેલમાં

આવ્યા કૃષ્ણમાંચાર્યજી ની સામે પ્રભુજી કૃષ્ણવલ્લભાચાર્યજી શ્રી હરિ

જેને રોગી ઓના રોગ મટાડીયા
વાલે વાંજીયા ના મેણા ભાંગીયા

ખરી ખાત્રી આપે છે, શરણાગતિ પ્રભુજી કૃષ્ણવલ્લભાચાર્યજી શ્રી હરિ

જેની આજ્ઞાથી સંત ભકત સુખીયા
આપ્યા આમદામ નથી કોઈ દુઃખીયા

છે ભકત પ્રગટ ના સુખીયા પ્રભુજી કૃષ્ણવલ્લભાચાર્યજી શ્રી હરિ

ભકત કાંતિલાલ ના ભુતડા ભગાડીયા
વાડી રત્નાગર ના ભુતને બાળીયા

એવા પ્રગટ પુરૂષોતમ પોતે પ્રભુજી કૃષ્ણવલ્લભાચાર્યજી શ્રી હરિ

એવા પરચા આપે છે ઘણા ઘણા
અમે ગુણ ગાય પ્રગટ તણા

એવા પરચા છે દેશ વિદેશ પ્રભુજી પ્રભુજી કૃષ્ણવલ્લભાચાર્યજી શ્રી હરિ

આપ્યો વાઘનખ તમે અવતારી
ઘસી આંજયો મે આંખડીમાં મારી

દાસ રણછોડ ની આંખડી મટાડી પ્રભુજી કૃષ્ણવલ્લભાચાર્યજી શ્રી હરિ

કિર્તન

આજ શ્વેતાયન વ્યાસ ભલે આવીયા રે
સાથે મુકતો ની મંડળી ને લાવીયા રે આજ.....
ભલા ભકતો ના મનમાં ભાવીયા રે
મે તો મોંઘે મોંઘે મોતીડે વધાવીયા રે આજ.....
મેં તો શેરી વળાવી ને સજ કરી
મે તો ચોક માં ગુલાબ રોપાવીયા રે આજ.....
મેં તો ચંદન થી ઓરડા લીપાવીયા રે
તેને ભગવા તે રંગથી રંગાવીયા રે આજ.....
મે તો ગાદી ને તકિયા બીછાવીયા રે
મારા પ્રભુજી ને પ્રેમથી પધરાવીયા રે આજ.....
હીરા મોતી ના હાર ગુંથાવીયા રે
મારા વ્હાલાજી ને કંઠે પહેરાવીયા રે આજ.....
મે તો ભોજન ભાવતા બનાવ્યા રે
મારા વ્હાલાજી ને પ્રેમથી જમાડીયા રે આજ.....
વ્હાલે અમૃત ના મેઘ વરસાવીયા રે
વ્હાલે શરણાગતિ ને સુખ આપીયા રે આજ.....
આ શરણાગતિ મંડળ કિર્તન ગાય છે રે
મારા વ્હાલાજી ને વારણે જાય છે રે આજ.....

માતા બાળક ની રક્ષા કરે છે તેમ હું ભગવાન મારા વિશ્વાસી ભકત ની રક્ષા કરું છું.

કિર્તન

અંતર ની એક જ આશ શ્વેતાયન ચરણોમા રાખજો

જન્મો જન્મ બનું તમારો દાસ શ્વેતાયન ચરણો મા રાખજો

સત્સંગ માં પ્રગટ પ્રભુ મારે ઘેર આવજો

ભકતો ના પગલે થી પાવન બનાવજો

જોઈ રહી છું તમારી વાટ શ્વેતાયન ચરણો મા રાખજો

સંસાર ના સુખ પ્રભુ મારે નથી કામ ના

પરમધામ ના સુખ પ્રભુ મારે છે કામ ના

એક મારે તમારો આધાર શ્વેતાયન ચરણો મા રાખજો

ફુલવાડી બગીચા નું ફુલ મને બનાવજો

કુમકુમવાપી નુ એવુ પંખીડું બનાવજો

કરવો મારે ધામ નો વિહાર શ્વેતાયન ચરણો મા રાખજો

શરણાગતિ ભકતો મારા સગા ને સંબંધી

અનાદિ શ્રીકૃષ્ણ સાથે પ્રીત મેં તો બાંધી

શરણાગતિ ના જીવન પ્રાણ શ્વેતાયન ચરણો મા રાખજો

અંતર ની એક જ આશ શ્વેતાયન ચરણો મા રાખજો

જન્મો જન્મ બનું તમારો દાસ શ્વેતાયન ચરણો મા રાખજો

કિર્તન

આજ આનંદ ઉત્સવ જયકાર રે જામવાણથલી જાણો રે
શ્વેતાયન આવ્યા થકી આણીવાર રે જામવાણથલી જાણો રે
જામનગર થી શાસ્ત્રીજી શ્રી કૃણવલ્લભાચાર્યજી
આવ્યા આનંદ આપવા રે હરખ્યા હરિ ભકત બાઈ ભાઈ રે
જામવાણથલી જાણો રે

આખા નગર ના આદમી સામા થઈ સજી સાંજ
પુરમા લાવ્યા પ્રેમ થી શ્વેતાયન ને વજાડી વાઝ રે
જામવાણથલી જાણો રે

સભા ભરાયે શોભતી નિત નિત જબરી નિદાન
સુણે કથા સહુ પ્રેમ થી એક મને થઈ એક તાન રે
જામવાણથલી જાણો રે

ગોકુળ સમ લાગે સ્નેહ આ ગામડું ને સ્નેહ કરતા પ્રભુ સેજ
એવા પ્રેમી ભકતો ના પ્રેમને દોડી જોવા આવે છે દેવ રે
જામવાણથલી જાણો રે

ધુનને કિર્તન ધધકી રહયા ગીત રાસ સમી નિત ગાય
એવો બ્રહ્મરસ આનંદ માણવા આજ આવ્યા અમર સહુ આપ રે
જામવાણથલી જાણો રે

હજારો લાવી ફુલહાર ને શાસ્ત્રીજી નું કરી સમ્માન
વાગથલી માં વસાવીયા મંદિર મહંત કરી મહાન રે
જામવાણથલી જાણો રે

આખો શ્રાવણ આજ નો કથા થઈ સુખ કાર
શાસ્ત્રીજી ના થકી સાંભળી ધન્ય અહી તાણા નરનાર રે
જામવાણથલી જાણો રે

આખા પુરમા આજ તો ઘાણો હેત ઘેર ઘેર
પધારાવ્યા શાસ્ત્રીજી ને પ્રેમ થી ધન્ય ધન્ય તેને બહુ પેર રે
જામવાણથલી જાણો રે

અક્ષરાતીત પ્રભુ આવ્યા શાસ્ત્રીજી આહિ આજ
નામ શ્રીકૃણવલ્લભાચાર્ય કહે ભકત પ્રિય કવિ રાજ રે

ભગવાન ના એકાંતિક આંહી થવું અને અક્ષરધામ માં એકાંતિક સેવાઓ કરવી.

કિર્તન

આવે છે રે આવે છે, મારો વાલો તીરથ માં આવે છે

સાથે શરણાગતિ મંડળ ને લાવે છે, મારો વાલી તીરથ માં આવે છે

હાથ માં છે લાકડી ને માથે છે પાઘડી

ગુલાબ ના હાર શોભાવે છે, મારો વાલો તીરથ માં આવે છે

કાન માં કુંડળ ને મોતીડા ની માળા

વેઢ ને વીટીયું શોભાવે છે, મારો વાલો તીરથ માં આવે છે

પીળા પીતાંબર ને જરકશી જામા

સોના ની પોંચીયુ શોભાવે છે રે, મારો વાલો તીરથ માં આવે છે

શરણાગતિ મંડળ ના વાલા શ્વેતાયન

ભકતો ને રાસ રમાડે છે રે, મારો વાલો તીરથ માં આવે છે

કિર્તન

આવો છોગલા વાળા છેલ શ્વેતાયન પ્રગટમારે ઘેર
તમકાજે મે તો તોરણ બાધ્યાં, આસન કર્યા સારા
હૈયું પહેરાવુ હાર ગુલાબી, ભેટુ પ્રભુજી મારી ... આવો...
આરતી તમારી ઉતારૂ શ્વેતાયન, લેવા દિયોને લાવો
ઠંડા પીણા કર્યા પ્રગટ માટે, તમે પિયો તે પાવુ ... આવો...
બાજોટ ઢાળીયા જમવા માટે, બેસી જાવો મહારાજ
લોટા ભરીયા જળ કેરા પ્રભુ, લેજો તમે આજ ... આવો...
ભોજનીયા કર્યા ભાવ થી મે તો, માલ પુવા મહારાજ
વડા કર્યા મે તો પ્રગટ સારૂ, ચટણી ઘણો તાલ ... આવો...
શાક બનાવ્યુ ઉંધીયુ કેરુ નિરખુ હું તમે ખાવો
દાળ ભાત સાથે દહિ જમજો, માણી લેજો મહારાજ ... આવો...
લીબું કેરી ના લેજો અથાણા પાપડ પોચા સાવ
મુખવાસ લીયો મનગમતા જોઈ ભકતોના ભાવ ... આવો...
ફૂલે સેજ બિછાવુ ત્યાં પોઢો પ્રાણપતિ
પાવલીયા દાબુ હેતે પ્રભુજી હૈયે હરખ અતિ ... આવો...
તા. ૨૮/૦૬/૮૭ ના દર્શન આપીયા મહારાજ
દાસ રાણછોડ ને પ્રગટ મળીયા ધન્ય ધન્ય મારા ભાગ્ય ... આવો...

ભગવાન ની ચાકરી, સેવા અને ઉપાસના આત્મા બ્રહમ મુકત થાય છે.

કિર્તન

આવો આવો શ્વેતાયન વ્યાસ રે તમે દર્શન દેવા ને
માતા કંભરાલક્ષ્મી ના બાળ રે તમે દર્શન દેવાને આજ
આવો આવો શ્વેતાયન વ્યાસ રે .....

આંગણા લીપાવુ તોરણ બંધાવુ સાથિયા પુરાવુ આજ
વેગેથી પ્રભુજી વહેલા પધારજો દર્શને આવ્યા લોક રે
આવો આવો શ્વેતાયન વ્યાસ રે .....

કુંકાવાવ માં શ્વેતાયન પ્રગટીયા માતા કંભરા ઘેર અવતાર
ચૌદ લોકથી દેવતા ઓ આવ્યા આવ્યા છે દર્શન કાજે
આવો આવો શ્વેતાયન વ્યાસ રે .....

દેશ વિદેશ નાં પંડીતો હરાવ્યાં જગ માં થયો જયકાર રે
કાશી માં જઈ ને વિદ્યા ભાણી આવ્યા શાસ્ત્રો અપાર
આવો આવો શ્વેતાયન વ્યાસ રે .....

દાસ ઘનશ્યામ કહે સદગુરૂ શરણે, ચરણો માં રાખો મહારાજ
દયા કરી ને દર્શન દેજો દેજો અમને પરમધામ રે
આવો આવો શ્વેતાયન વ્યાસ રે .....

કિર્તન

અવસર આવ્યો છે રૂડો આજ મારૂ મન મોહયુ શ્વેતાયન મંદિરીયે
બ્રહમપેલેસ રૂડા ધામ મારૂ મન મોહયું શ્વેતાયન મંદિરીયે
હે અવસર આવ્યો આજ પ્રાણ પ્રતિષ્ઠા નો
હે... ઉંચા ઉંચા શિખર છે ને સોના ના કળશ છે, મંદિરીયે ઓ હો મંદિરીયે
મંદિરીયે નવ નવ શીખર મારૂ મન મોહયુ .....
હે કુંકાવાવ માં પ્રગટ થઈને સર્વોપરી સિધ્ધી કરી
હે... કુલવાડી મંદિર કરી ભુમી રે પાવન કરી, શરણાગતિ ..... ઓ હો શરણાગતિ
શરણાગતિ નામ રે આપી મારૂ મન મોહયુ ....
હે... દેશ-પરદેશ થી ભકતો આવે છે
હે... તન-મન-ધન થી સેવા કરે છે ભકતો.... ઓ હો .... ભકતો ની
હે ભકતો ની લાગી રે કતાર મારૂ મન મોહયુ....
હે... દર્શન આપ્યા છે. વાલે અનેક સ્વરૂપે
હે... ભકતો ની સંગે વ્હાલો રાસ રમે છે, કુંકાવાવ માં ઓહો ... કુંકાવાવ માં
કુંકાવાવ માં હાજરા હજુર .. મારૂ મન મોહયુ...

પોતાને ન ગમે પણ તે જો ભગવાનને ગમતું હોય
તો તે કરીને રાજી કરી લેવા અને મૂર્તિનું સુખ લેવું.

કિર્તન

આવ્યો રૂડો આસો માસ રે આજ મારે આંગણે વધામણાં
પ્રગટયા શ્વેતાયન વ્યાસ રે આજ મારે આંગણે વધામણાં
આસો વદ આઠમ ની શુભ પ્રભાતે
પ્રગટીયા અનાદિ શ્રી કૃષ્ણ રે આજ આગંણે વધામણાં
મુખડુ શોભે પ્રભુ નું અતિ સોહામણુ
કમરમાતા ની ગોદ માં સોહાય રે આજ મારે આંગણે વધામણાં
પિતા ગોપાળ દેવ આનંદ ઉમંગ ભર્યા
સોના ના દાન દેવાય રે આજ મારે આગંણે વધામણાં
લોમષ રૂષી આવી ને નાચવા રે લાગ્યા
ગાંર્ધવો કરે રૂડા ગાન રે આગંણે વધામણાં
દેવો એ આવી ને દુંદુભી વગાડયા
પુષ્પો નો વરસાદ થાય રે આજ મારે આંગણે વધામણાં
પરમધામ થી પુરૂષોતમ પધાર્યા
દાસી જયા ના સ્વામી નાથ રે આજ મારે આંગણે વધામણાં
આવ્યો રૂડો આસો માસ રે આજ મારે આંગણે વધામણાં
પ્રગટીયા શ્વેતાયન વ્યાસ રે આજ મારે આંગણે વધામણાં

કિર્તન

એક જ આશરો તમારો શ્વેતાયન પ્રભુ એક જ આશરો તમારો
શરાણાગતિ ને તારો પ્રગટ પ્રભુ
એક જ આશરો તમારો.....

તમારી મુર્તિ વિના બીજું ન ભાવે
તમારા દર્શન વિના સુખ ન આવે
હારે વાલા દર્શન દઈ ને ઉગારો શ્વેતાયન પ્રભુ
એક જ આશરો તમારો.....

તમારી વાણી વિના બીજું ન ભાવે
તમારા વચનો વિના સુખ ન આવે
હારે વાલા તમારા મધુરા વચનો સુણાવો શ્વેતાયન પ્રભુ
એક જ આશરો તમારો.....

તમારા સત્સંગ વિના બીજું ન ભાવે
તમારી ભકિત વિના સુખ ન આવે
હારે તમારી ભકિત ના રંગમાં રમાડો શ્વેતાયન પ્રભુ
એક જ આશરો તમારો.....

તમને જોયા વિના સુખ ન આવે
તમને મળ્યા વિના બીજુ ન ભાવે
હારે તમારા ચરણો ની સેવામાં રાખો શ્વેતાયન પ્રભુ
એક જ આશરો તમારો.....

કુમકુમવાપી મહા ધામ તમારું
જુનાગઢ વંથલી સ્નેહે સંભારું
હારે વાલા બગીચે દર્શન આપો શ્વેતાયન પ્રભુ
એક જ આશરો તમારો.....

જેને પોતાના ડાહપણ નું અભિમાન હોય તો, તે અન્તે પડતી દશામાં રખડે છે.

કિર્તન

આજ નિરખ્યા મારા નાથ ને રે લોલ
નવ વિસરે મુર્તિ સુખ ધામ જો આજ નિરખ્યા ....
સુંદર મુખ કમળ સરીખા નેણ છે રે લોલ
શોભે હસતા દાડમ કળી દાંત જો આજ નિરખ્યા ....
મુખ પુરણ શશી શુ ચળકતુ રે લોલ
ભાલ રેખા છે બહ્મનું ધામ જો આજ નિરખ્યા ....
શોભે કંઠ વચ્ચે તિલ શ્યામ ને રે લોલ
શોભે શોભે શ્વેતાયન વ્યાસ જો આજ નિરખ્યા ....
સુંદર નાસિકા નમણી નાથ ની રે લોલ
નિરખી હરખ પામે નરનાર જો આજ નિરખ્યા ....
મંદ મંદ હસે સુખ આપવા રે લોલ
રાજી થઈ ભેટે ભરી બાથ જો આજ નિરખ્યા ....
લાલ લાલ હથેળી ગોપાળ લાલ ની રે લોલ
શોભે ધનુષ્ય બાણ સહિત જો આજ નિરખ્યા ....
ત્રણ ત્રણ ધુટી બહુ ઓપતી રે લોલ
સર્વે ચિન્હો સહિત ભગવાન જો આજ નિરખ્યા ....
એવા ફુલવાડી માં સહુએ નિરખ્યા રે લોલ
એ જ નિરખ્યા શ્વેતાયન વ્યાસ જો આજ નિરખ્યા ....
શોભે સાથળ માં ખાપો શ્વેતાયન ને રે લોલ
વળી લક્ષ્મીજી બિરાજે પાસ જો આજ નિરખ્યા ....
કહે દાસ શાંતી સુખ આપતા રે લોલ
આવ્યા પરમધામ થી નાથ જો આજ નિરખ્યા ....

કિર્તન

અનાદિ કૃષ્ણ કૃષ્ણ અનાદિ શ્રી કૃષ્ણનારાયણ
કૃષ્ણ નારાયણ કૃષ્ણ નારાયણ

વિશ્વંભર પ્રભુ બોલો અનાદિ શ્રી કૃષ્ણનારાયણ
પ્રગટ પ્રભુજી પર પુરૂષોતમ

પરિપુર્ણ પ્રભુ બોલો અનાદિ શ્રી કૃષ્ણનારાયણ
ધામ ધામેશ્વેર છો પરમેશ્વર

પરાત્પર પ્રભુ બોલો અનાદિ શ્રી કૃષ્ણનારાયણ
મુકત પતિ પ્રભુ આત્મ પતિ છો

સર્વ પતિ પ્રભુ બોલો અનાદિ શ્રી કૃષ્ણનારાયણ
અંતરજામી તમે છો બહુ નામી

ધામો નાં ધામી પ્રભુ બોલો અનાદિ શ્રી કૃષ્ણનારાયણ
કલમ ધારી હરિ પ્રભુ અવતારી

વિધામુર્તિ પ્રભુ બોલો અનાદિ શ્રી કૃષ્ણનારાયણ
શરણાગતિ નાં સ્વામી સુખ્કારી

બાલકૃષ્ણ પ્રભું બોલો અનાદિ શ્રી કૃષ્ણનારાયણ

ભકતજને અન્તર સન્મુખ દ્રષ્ટિ રાખીને નિરંતર ભગવાન ની
સેવા માં રહેવું બીજા પદાર્થ વ્હાલા થવા દેવા નહિ.

કિર્તન

અનાદિ શ્રી કૃષ્ણનારાયણ ધામ ધામેશ્વર નાથ
સર્વ અવતાર કારણમં અવતારી પ્રભુનાથ
હો સંતો અવતારી પ્રભુનાથ
પરમધામ થી પધાર્યા પ્રગટીયા કુંકાવાવ ગામ
કંભરા લક્ષ્મી ગોપાલ ઘેર ધરીયા કુંવરજી નામ
હો સંતો ધરીયા કુંવરજીનામ
અગીયાર વર્ષ વાલો કુંકાવાવ માં બાળલીલા કરી
દિવ્ય લીલા પ્રગટ પ્રભુ ની લક્ષ્મીનારાયણ સંહિતા ગાય
હો સંતો લક્ષ્મી નારાયણ સંહિતા ગાય
અઢાર વરસ કાશી ભણી ને ધર્મનો ધ્વજ રોપીયો
શાસ્ત્રો રચીયા સતાવન વ્હાલે કહાવ્યા શ્વેતાયન વ્યાસ
હો સંતો કહાવ્યા શ્વેતાયન વ્યાસ
અઢાર વરસ વ્હાલો જામનગર માં શરણાગત નાં દુઃખો કાપીયા
પ્રગટ પણ જાહેર કરી અનાદિ કૃષ્ણ નામ આપ્યું
હો સંતો અનાદિ કૃષ્ણ નામ આપ્યું
ઘણા વરસ જૂનાગઢે રહી ભકતો ને લાડ લાડાવ્યા
દિવ્ય દર્શન સેવા ના સુખ આપી ભકતો ને મન ભાવ્યા
હો સંતો ભકતો ને મન ભાવ્યા
મૂર્તિ પધરાવી કુંકાવાવ ગામે કરવા અનેક કલ્યાણ
સહેજે દર્શન થાય પ્રભુના દર્શને કલ્યાણ થાય
હો સંતો દર્શને કલ્યાણ થાય
અનાદિ શ્રી કૃષ્ણ નારાયણ બિરાજે પ્રગટ પ્રમાણ
કંકાવટી કાઠે ફુલવાડી ધામે, મધ્ય શિખર માહી
હો સંતો મધ્ય શિખર માહી
કુંકાવાવ ધામે પ્રગટ બિરાજે, બ્રહ્મપેલેસ કહેવાય
ફુલવાડી ધામે પ્રગટ બિરાજે, પરમ પદ પમાય
દાસ અશ્વિન કહે યાત્રા કરી પરમ પદ પમાય
હો સંતો પરમ પદ પમાય

કિર્તન

અમને ગુરૂ મળ્યા અક્ષર બ્રહ્મ જો
પ્રગટ શ્વેતાયન નું નામ લઈ
અમને સેવા આપી ને ઉધાર્યા જો
પ્રગટ શ્વેતાયન નું નામ લઈ
અમને દીક્ષા આપી પાવન કર્યા જો
પ્રગટ શ્વેતાયન નું નામ લઈ
કથા કિર્તન કરી ને બળ આપ્યા જો
પ્રગટ શ્વેતાયન નું નામ લઈ
સભા સત્સંગ નો સાર સમજાવતા જો
પ્રગટ શ્વેતાયન નું નામ લઈ
સદાય હૈયા માં આનંદ ઉપજાવતા જો
પ્રગટ શ્વેતાયન નું નામ લઈ
દર્શન આપી અપાવી પાવન કર્યા જો
પ્રગટ શ્વેતાયન નું નામ લઈ
સેવા કરી કરાવી ને તાર્યા જો
પ્રગટ શ્વેતાયન નું નામ લઈ
અમને ચિન્હોની સમજણ આપી જો
પ્રગટ શ્વેતાયન નું નામ લઈ
ચિન્હ ધારી સાથે લેવા આવજો હો
પ્રગટ શ્વેતાયન નું નામ લઈ

દેહ કે દેહના સગા સંબંધી માથી હેત તોડીને પ્રગટ ભગવાનમાં હેત કરવું તો વિઘ્ન ન આવે.

કિર્તન

આવો વ્હાલા શ્વેતાયનજી મારા નાથજી રે
ભકતો ના કારણે પ્રગટ થઈ ને
કર્યા છે વાલે નિજ જનના કાજરે ... આવો ....
પ્રથમ દર્શન દઈને કૃતાર્થ કર્યા છે કંભરામાતા રે
બીજા દર્શન હનુંમાનજી ને ત્રીજા ઋષિ મુનિ રાય ને ... આવો ....
ચોથા દર્શન દીધા તાત ને વ્હાલે ઘનશ્યામ સ્વરૂપ રે
પાંચમા દર્શન લોમષઋષિ ચિન્હ સહિત સુખરૂપેરે ... આવો ....
વંથલી ગામે ચોવિસ અવતાર છે લીન કર્યા નિજ સ્વરૂપ માં રે
કુલવાડી માં સદા પ્રગટ વિચરો મહામોટા બનાવ્યા છે ધામ રે
.. આવો ....
કુંકાવાવ ના મહા ઉત્સવ ના દિવ્ય દર્શન કુગેવાડી થાય રે
રોશની પ્રગટ મંદિર માં દર્શન કરતા ભવ દુખ જાય રે ... આવો ....
ભકત કેશવ ઘેર પધારીયા હાલો સંત સ્વરૂપ ધારી રે
મુતિ માં દર્શન અખંડ થાય રે રાધાકૃણ હથેળી માં દેખાય રે
... આવો ....
વિદેશો માં વિચરણ કરી ને દર્શન દીધા બહુવાર રે
કાનજી દાસ ને મધદરીયે આવી, હાથ ગ્રહી મુકયા છે બાર રે
... આવો ....
અપરમપાર લીલા તમારી કહેતા ન આવે પાર રે
દાસ શાંતિ ના વ્હાલે પ્રગટ પધારી, વહેતી કીધી પરમ વાટ રે
... આવો ....
આવો વ્હાલા શ્વેતાયનજી મારા નાથજી રે

કિર્તન

અમે શરણાગતિ રે શ્વેતાયન વ્યાસના
ભગવી દિક્ષાવાળા શરણાગતિ રે ...શ્વેતાયન વ્યાસના
અવતારી પ્રભુજી ને ઓળખી રે લીધા
ભકિત કરીને અમે સાધી રે લીધા
હારે અમે સર્વોપરી ઉપાસના વાળા શરણાગતિ રે ...શ્વેતાયન વ્યાસના
પ્રગટ પ્રભુ એ અમને મંત્ર રે આપ્યા
શરણાગતિ મંડળના સંત રે કીધા
હારે અમે કાલ માયા ને જીતનારા શરણાગતિ રે ...શ્વેતાયન વ્યાસના
સુહાગન જેવા અમે ચિન્હો રે ધરીયા
પતિ પરમેશ્વર અમે પ્રગટ ને માનીયાં
હારે અમે ભગવા વસ્ત્રો વાળા શરણાગતિ રે ...શ્વેતાયન વ્યાસના
સેવા ભકિત ને અમે જીવન બનાવ્યું
આજ્ઞા માનીને જીવન ધન્ય બનાવ્યું
હારે અમે પ્રગટના સંત કહેવાયા શરણાગતિ રે ...શ્વેતાયન વ્યાસના
ધામ ધામી ને ઓળખી રે લીધા
રાજી કરી ને અમે જીતી રે લીધા
હારે અમે પ્રગટના સુખ લેનારા શરણાગતિ રે ...શ્વેતાયન વ્યાસના
દાસ અશ્વિન ના સ્વામિ શ્વેતાયન
શરણાગતિ મંડળ ના સ્વામિ શ્વેતાયન
હારે અમે પરમધામે જનારા શરણાગતિ રે ...શ્વેતાયન વ્યાસના

કિર્તન

ઉડે રે ગુલાલ ઉડે રે ગુલાલ
મારા શરણાગતિ મંડળ માં ઉડે રે ગુલાલ
આવે રે ભકતો આવે રે ભકતો
મારા કુલવાડી ધામ માં આવે રે ભકતો
કેવા રે ભકતો કેવા રે ભકતો
મારા શરણાગતિ મંડળ ના કેવા રે ભકતો
ભોળા રે ભકતો ભોળા રે ભકતો
મારા શરણાગતિ મંડળ ના ભોળા રે ભકતો
કેવી રે ધ્વજા કેવી રે ધ્વજા
મારા શ્વેતાયન ના શિખર પર કેવી રે ધ્વજા
ભગવી રે ધ્વજા ભગવી રે ધ્વજા
મારા પ્રગટ ના શિખર ઉપર ભગવી રે ધ્વજા
કેવી રે માયા કેવી રે માયા
મારા પ્રગટ પ્રભુજી ની કેવી રે માયા
પ્યારી રે માયા પ્યારી રે માયા
મારા પ્રગટ પ્રભુજી ની પ્યારી રે માયા
કેવી રે છાયા કેવી રે છાયા
મારા શરણાગતિ મંડળ ની કેવી રે છાયા
લીલી રે છાયા લીલી રે છાયા
મારા શરણાગતિ મંડળ ની લીલી રે છાયા
કેવી રે શોભા કેવી રે શોભા
મારા કુલવાડી ધામ ની કેવી રે શોભે
અલૌકિક શોભા અલૌકિક શોભા
મારા કુલવાડી ધામ માં અલૌકિક શોભા
કેવા રે દર્શન કેવા રે દર્શન
મારા પ્રગટ પ્રભુજી ના કેવા રે દર્શન
પ્રત્યક્ષ દર્શન પ્રત્યક્ષ દર્શન
મારા પ્રગટ પ્રભુજી ના પ્રત્યક્ષ દર્શન
ઉડે રે ગુલાલ ઉડે રે ગુલાલ
મારા શરણાગતિ મંડળ માં ઉડે રે ગુલાલ

કિર્તન

ઉત્સવ આવ્યો છે રૂડો આજ કુંકાવાવ માં હાલો ભકતો રે કુંકાવાવ માં
હૈયે હરખ ન માય હાલો ભકતો ઉત્સવ...

સુવાર્ણ જયંતિ ઉત્સવ આવ્યો કુંકાવાવ માં આજ
શરાણાગતિ ના હૈયા માં આજ આનંદ અપરંપાર
મન માં મલકાય મહારાજ હાલો ભકતો ઉત્સવ...

આસોવદી આઠમ રૂડી સોનેરી પ્રભાત
કંભરામાતા ના કુખે પ્રગટી કુંવરજી ધરયા નામ
ભકતો કરે છે જયજય કાર હાલો ભકતો ઉત્સવ...

આવ્યા મોટા વિપ્રો કરવા યજ્ઞ વિષ્ણુયાગ
શરાણાગતિ સાતક બેઠા અનેરો ઉત્સાહ
કર્યા એકસો એક યજ્ઞ કુંડ હાલો ભકતો ઉત્સવ...

ઢોલ નગારા શરાણાઈ વાગે ઝાલર નો ઝાણકાર
અબીલ ગુલાલ ની છોળો ઉડે પુષ્પો નો વરસાદ
ભકતો ના હૈયા હરખાય હાલો ભકતો ઉત્સવ...

દેશ વિદેશ થી ભકતો આવે મુકતો ની સંગાથ
નાના મોટા નમન કરે છે હૈયે રાખી હામ
ભકતો ભેટે છે ભરી બાથ હાલો ભકતો ઉત્સવ...

બ્રહ્મપેલેસ છે મહારાજ ની આજ્ઞા કેરૂ ધામ
પ્રગટ પ્રભુ નું ભજન કરતા જાશુ પરમધામ
દાસ ઘનશ્યામ વારી જાઈ હાલો ભકતો ઉત્સવ...

ભગવાન અને ભગવાન ના ભકતમાં આત્મબુધ્ધિ વાળો સદા ધામમાં જ છે સદા સુખીયો છે.

કિર્તન

કુંકાવાવમાં સૂરજ ઉગ્યો જય શ્વેતાયન વ્યાસ ની
પૂનમ કેરો ચાંદ ઉગ્યો જય શ્વેતાયન વ્યાસ ની
આસોવદી આઠમ રૂડી સોનેરી પ્રભાત છે
કંભરામાતાને ખોળે પ્રગટીયા હરિ શ્વેતાયન વ્યાસ છે કુંકાવાવમાં..
આંગણે આજ ઉત્સવ આવ્યો અનેરો આનંદ છે
શરણાગતિ ભકતો ના કોટી કોટી વંદન છે, કુંકાવાવ માં..
માતા તમારા કંભરાલક્ષ્મી પિતા ગોપાળ દેવ છે
પરમધામ થી પ્રગટીયા પ્રભુ ધણી તમારી મેર છે
ઢોલ નગારા ત્રાસા વાગે ઝાલર નો ઝણકાર છે
માનવ મેળો ઉમટી બોલે જય શ્વેતાયન વ્યાસ ની કુંકાવાવ માં..
વગડા માં વધાયુ વાગે કોયલ ના ટહુકાર થી
આંબા ડાળે મોરલા બોલે જય શ્વેતાયન વ્યાસની કુંકાવાવ માં..
પહાડ માં તો હાકલ બોલે ગર્જના સિંહનાદ ની
હરણા આવી હરખે બોલે જય શ્વેતાયન વ્યાસની કુંકાવાવ માં..
શરણાગતિ નો નાદ સુણીને પ્રગટ વેલા આવજો
શરણાગતિ ના નાથ અમને પરમધામ બતાવજો કુંકાવવા માં..
કુંકાવાવા માં સુરજ ઉગ્યો....જય શ્વેતાયન વ્યાસની
પુનમ કેરો ચાંદ ઉગ્યો....જય શ્વેતાયન વ્યાસની
હાથી ઘોડા પાલખી....જય શ્વેતાયન વ્યાસની
ગોપાળ ઘેર આનંદ ભર્યો....જય શ્વેતાયન વ્યાસની
આપણો ફેરો સફળ થયો....જય શ્વેતાયન વ્યાસની
જય શ્વેતાયન વ્યાસ ની....જય પ્રગટ ભગવાન ની

કિર્તન

કંભરા ગોપાલ બાલા તમે મોક્ષના છો દાતા
તવ શરણ લેકે વ્હાલા, અતિ સુખ થયા વ્હાલા
પહેલી મીલનમાં તમે કરી દિવ્ય દ્રષ્ટિ
જાગ ઉઠી મારી, પ્રિત અનાદિ ની કંભરા.....
તમારૂ મુખ જોઇ વાલા, વૃતિ ચોટી ગઇ મારી
ભાસે નવ બીજુ કાઇ, એક જ સ્વરૂપ તમારૂ કંભરા.....
તમારા ભજને વાલા, બળે તાપે ત્રીવીધી
વચને બંધાણા વાલા, વચન નિભાવીયુ કંભરા.....
મુજ સામુ જોતા જોતા મંદ મંદ હસતા
હરિ મીલનથી હું પામ્યો ભવ જળપાર કંભરા.....
બ્રહ્મરૂપ કહે વાલા, ચરણે પડીને
સ્વામિ સેવકનો નાથ, નાતો રાખજો સદાયે કંભરા.....

કિર્તન

કેમ ભૂલો છો તમે આવો અવસર.
ડહાપણ મુકીને તમે કરો વિચાર રાજ કેમ ભૂલો.....

આવો પ્રસંગ હવે ફરી નહી આવે.
મનુષ્ય અવતાર ફોગટ જાવે રાજ કેમ ભૂલો.....

પ્રગટ પ્રભુજી આજ ઘેર ઘેર પૂજાય
વિશ્વ આખામાં જેનો જય જય થાય. કેમ ભૂલો.....

લાડુ નો સ્વાદ સર્વ શરણાગત જાણે
પત્રાવડા માં કેમ આનંદ માણે રાજ કેમ ભૂલો.....

ચિન્હો જોઈને તમે નિશ્ચય કરો
દાસ પ્રવિણની વિનંતી ઉરમા ધરો રાજ કેમ ભૂલો.....

આ પ્રગટ ભગવાને ભગવાન ના ભકત વિના બીજું કાઇ વહાલું રાખ્યું નથી.

કિર્તન

કુંકાવાવ વાલે શ્વેતાયન તારી કરૂણાનો કોઈ પાર નથી
તારી કરૂણાનો કોઈ પાર નથી તારી લીલાનો કોઈ પાર નથી
ઓ કુલવાડીવાલે શ્વેતાયન તારી કરૂણાનો કોઈ પાર નથી
તમે સર્વોપરી શાસ્ત્રો રચયા છે, જાહેર વ્યાખ્યાન કર્યા છે
તમે અનેક તિર્થો પાવન કર્યા છે તારી કરૂણાનો કોઈ પાર નથી
તમે પરચા આપી ભક્તોને ચરણે લીધા દર્શન આપી દુઃખ દૂર કર્યા
તમે ચરણ સેવાના લાભ દીધા તારી કરૂણાનો કોઈ પાર નથી
તમે કાશી જઈને વિદ્યા ભણ્યા તમે વિદ્યા ભાણી શાસ્ત્રો રચિયા
તમે શ્વેતાયન વ્યાસ નામ ધર્યા તારી કરૂણાનો કોઈ પાર નથી
તમે હથેળીમાં ચિન્હો બતાવ્યા છે તમે ચરણોમાં ચિન્હો બતાવ્યા છે
તમે ચોવીસ અવતાર લીન કર્યા છે, તારી કરૂણાનો કોઈ પાર નથી
તમે શરણાગતિ ને મહાસુખ દીધા તમે ચરણસેવાના લાભ દીધા
તમે પરમધામ માં વાસ કીધા તારી કરૂણાનો કોઈ પાર નથી
પાધડીવાલે શ્વેતાયન તારી કરૂણાનો કોઈ પાર નથી

કિર્તન

કૃષ્ણ નારાયણ લેતા જ નામ, પુરાણ થાશે સઘળા કામ કૃષ્ણ.....
લેષ માત્ર ન રહેશે દુઃખ, શ્વેતાયન દેશે પરમ સુખ કૃષ્ણ.....
હરતા ફરતા કરતાં કામ, પ્રગટ પ્રભુ નું રટશું નામ કૃષ્ણ.....
કૃષ્ણ નારાયણ મંત્ર મહાન, કોટી યજ્ઞ ફળ કરે પ્રદાન કૃષ્ણ.....
જે કોઈ કરશે મંત્રનાં જાપ, આવશે તેને સુખ અમાપ કૃષ્ણ.....
કષ્ટો હરિને કૃપા નિધાન, રાજીપે આપે અભય દાન કૃષ્ણ.....
અંતે પામશુ પરમધામ, આપશે ધામ નાં સુખ તમામ કૃષ્ણ.....
પ્રગટ હરિનાં ચરણે વિરામ, દાસ કહે થાશે પુર્ણજ કામ કૃષ્ણ.....

કિર્તન

કુંકાવાવ ધામે બ્રહ્મ પેલેસ બંધાય પ્રગટ પ્રભુજી રાજી રાજી થાય
શરાણાગતિ મંડળ સૌ સેવા કરવા જાય પ્રગટ પ્રભુજી રાજી રાજી થાય
અશ્વપટ સરોવર ધામ કહેવાય લોમશઋષી ત્યાં દર્શને જાય
કમરમાતા ના હૈયા હરખાય ગોપાળ દેવ ના મનડા મલકાય
ભાઈ પોપટ તો રાજી રાજી થાય કુંકાવાવ ધામે બ્રહ્મપેલેસ બંધાય
હેંમત બ્રહ્મચારી રાજી રાજી થાય કુંકાવાવ ધામે બ્રહ્મપેલેસ બંધાય
બ્રહ્મપેલેસ ના પાયા નખાય સોના ના શીખરો ના દર્શન થાય
તન-મન-ધન થી સેવાઓ થાય જન્મો જનમ ના પાપ બળી જાય
સેવા કરવાથી સુખીયા થવાય ભવો રે ભાવ ના ફેરા ટળી જાય
સાકર શ્રીફળ ની પ્રસાદી વહેંચાય જગમગતા જ્યોતીની આરતી લેવાય
કાશીના બ્રાહ્મો પુજા કરવા જાય લક્ષ્મીનારાયણસંહિતા ની કથા વંચાય
દાસ તમારો કિર્તન ગાય પરમધામ ના દર્શન થાય.

કિર્તન

કુંકાવાવ તિરથમાં આજ પ્રભુ પ્રગટીયા છે
કરવા અનેક જીવોના કલ્યાણ પ્રભુ પ્રગટીયા છે
માતા કંભરાલક્ષ્મીના ઘેર પ્રભુ પ્રગટીયા છે
પિતા ગોપાળદેવના ઘેર પ્રભુ પ્રગટીયા છે
બાલકૃષ્ણ પ્રભુજીનું નામ પ્રભુ પ્રગટીયા છે
પરમધામના ધામી મહારાજ પ્રભુ પ્રગટીયા છે
કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રભુ પ્રગટીયા છે
પટેલ દેવાણી કુળમાં આજ પ્રભુ પ્રગટીયા છે
કરવા અનેક જીવોના કલ્યાણ પ્રભુ પ્રગટીયા છે
કલમધારી શ્વેતાયન વ્યાસ પ્રભુ પ્રગટીયા છે
ચિન્હોધારી શ્વેતાયન વ્યાસ પ્રભુ પ્રગટીયા છે
સુખ સાગર શ્વેતાયન વ્યાસ પ્રભુ પ્રગટીયા છે
શરાણાગતિ મંડળના નાથ પ્રભુ પ્રગટીયા છે
દાસ શાંતિના જીવનપ્રાણ પ્રભુ પ્રગટીયા છે

પ્રગટ ભગવાનના સન્ત દેવ, ઈશ્વર કરતાં પણ મોટા છે. તેને ભગવાનની માફક સેવવા.

કિર્તન

કુંકાવાવથી પ્રગટ પધાર્યા હો જી રે
વસ્યા છે ફુલવાડી ધામ મારા વાલા કુંકાવાવથી.....
ભક્તોના દુઃખ તમે કાપીયા હો જી રે
સૌને આપ્યા છે આનંદ મારા વાલા કુંકાવાવથી.....
શીર પર પાઘ તમને શોભતી હો જી રે
કંઠે ગુલાબના હાર મારા વાલા કુંકાવાવથી.....
કરમાં માળા તમે ધારતા હો જી રે
ચાલે ચટકતી ચાલ મારા વાલા કુંકાવાવથી.....
પ્રગટ બિરાજે મંદિરમાં હો જી રે
દર્શન આપ્યા છે અપાર મારા વાલા કુંકાવાવથી.....
કંભરાગોપાળ સુત શ્રી હરિ હો જી રે
અનાદિ શ્રીકૃષ્ણ નામ મારા વાલા કુંકાવાવથી.....
શ્વેતાયન વ્યાસ હરિ આવ્યા હો જી રે
શાસ્ત્રો રચીયા સતાવન મારા વાલા કુંકાવાવથી.....
શરણાગતિ ના તમે નાથ છો હો જી રે
રહેજો રૂદિયાની માય મારા વાલા કુંકાવાવથી.....

કિર્તન

કંમરમાતાના બાળ ને તે કેમ ભુલી જવાય
બાળલીલા બહુ કરતા તે કેમ ભુલી જવાય
નિશાળે જાતાને સવાલો પુછતા
માસ્તરને બહુ ગમતા તે કેમ ભુલી જવાય
વાડીએ રહેતાને રખવાળું કરતા
સખા ની સંગે બહુ ફરતા તે કેમ ભુલી જવાય
ગાવલડી ચારતા ને મોરલી વગાડતા
ગાયો ની સેવા બહુ કરતા તે કેમ ભુલી જવાય
નદી એ ન્હાતા ને ખલેલા ખાતા
ભેંસ છીપરી એ બહુ બેસતા તે કેમ ભુલી જવાય
તોફાનો કરતા ને માતાજી વઢતા
તોય મીઠુ મીઠુ હસતા તે કેમ ભુલી જવાય
માતા પિતાને આનંદ ઉપજાવતા
કાલી ને ઘેલી વાતો કરતા તે કેમ ભુલી જવાય
મંદિરે જાતાને કિર્તન ગવરાવતા
સાધુ થવાની વાતો કરતા તે કેમ ભુલી જવાય
કુંકાવાવ માં રમતા ને હીંડોળે ઝુલતા
દાસ કાનજી ના નેણા ઠરતા તે કેમ ભુલી જવાય

ભગવાનમાં જ આસરા વાળા ને ભગવાનના ગુણો પ્રગટે છે.

કિર્તન

કેવી દયા રે કરી કેવી માયા રે કરી મારા વાલા
માતા કંભરાના પુત્ર ગોપાળા
કેવુ શરણાગતિ મંડળ બાંધ્યુ
એકતા રૂપી તારો થી સાંધ્યુ
કયાંય જોડ નહી કયાંય મોડ નહી મારા વાલા
માતા કંભરા ના પુત્ર ગોપાળા
દેશો દેશ ના ભક્તો ના ભાવ
એકતા મા ન આવ્યો અભાવ
કયાંથી ભાવ લાવ્યા કયાંથી ભક્તિ લાવ્યા મારા વાલા
માતા કંભરાના પુત્ર ગોપાળા
કેવી અદભુત રચના તમારી
મારી સમજાણમાં આવેના મોરારી
કોઈથી થાશે નહી સમજાશે નહી મારા વાલા
માતા કંભરાના પુત્ર ગોપાળા
કેવુ શરણાગતિ મંડળ બાંધ્યુ
ભાવ ભક્તિનું ભાતુ બાંધી આપ્યું
જીવનું કષ્ટ કાપ્યુ સુખ ધામ નુ આપ્યુ મારા વાલા
માતા કંભરા ના પુત્ર ગોપાળા
આદિ અનાદિ નામ ને આપી
જન્મ મરણ ના કષ્ટ ને કાપી
બળ અલગ આપ્યુ શંકા નુ મૂળ કાપ્યું મારા વાલા
માતા કંભરા ના પુત્ર ગોપાળા
એવી અદભૂત શકિત રે આપી
મંડળ શરણાગતિ મજબૂત સ્થાપી
સાચી શકિત આપી બળબાહુ આપી મારા વાલા
માતા કંભરાના પુત્ર ગોપાળા

રીત ભાત અનોખી અમને આપી
જુની રૂઢી શંકામૂળ કાપી
ડર ભય જડ થી કાપી ડર ભય જડ થી કાપી મારા વાલા
માતા કંભરા ના પુત્ર ગોપાળા
વિઘ્ન સંતોષી ના મૂળ કાપી
અમને ભગવા પ્રસાદી વસ્ત્ર આપી
બિમારી જડ થી કાપી આશિષ અલગ આપી મારા વાલા
માતા કંભરા ના પુત્ર ગોપાળા
દયા કરીને સર્વસ્વ આપ્યુ
શરણાગતિ ના કષ્ટને કાપ્યુ
ચરણો નું સુખ આપી સમજાણ અલગ આપી મારા વાલા
માતા કંભરા ના પુત્ર ગોપાળા

કિર્તન

કેવુ ગમે ત્યાં રહેવુ ગમે કુમ કુમ વાપી માં અમને રહેવુ ગમે
ગામ ને આંગણીયે મંદિર મોટું
દર્શન કરવા થી મારૂ હૈયુ ઠરે ... કુમ કુમ વાપી
અનાદિ શ્રી કૃષ્ણ પ્રભુ બિરાજે
મહિમા સાંભળી ને મારૂ હૈયુ ઠરે ... કુમ કુમ વાપી
શ્વેતાયન વ્યાસ ના જન્મ નું સ્થાન છે
પરચા સાંભળી ને મારૂ હૈયુ ઠરે ... કુમ કુમ વાપી
સાકર શ્રીફળ ની માનતા ઓ થાય છે
ભકતો ની ભીડ જોઈ શાંતિ થાય છે .... કુમ કુમ વાપી
પ્રગટ નાં ભકતો તમે શરણાગતિ લ્યો ને
તેમની ભકિત જોતા હૈયુ ઠરે છે ... કુમ કુમ વાપી
શરણાગતિ મંડળ ની આટલી છે વિનંતી
પ્રગટ ના દર્શન કરી હૈયુ ઠરે છે ... કુમ કુમ વાપી

ભગવાનના ભકત માં હેતવાળા કુટુંમ્બી પણ કલ્યાણ પામે.

કિર્તન

કંકાવટીને કાંઠડે રે લોલ, શોભે રૂડા કુલવાડી ધામ
મહા ઉત્સવ થયો છે જય જય કારથી રે લોલ હે મહા ઉત્સવ થયો છે.....
મધ્ય શીખર માં પ્રગટ શોભતા રે લોલ
મૂરતી નું તેજ અપાર મહા ઉત્સવ થયો છે.
જય જય કાર થી રે લોલ હે મહા ઉત્સવ થયો છે.....
સોના ના કળશ રૂડા શોભતા રે લોલ
ધ્વજા ફરકે છે શ્વેતાયન ની રે હે મહા ઉત્સવ થયો છે.....
દેશ દેશો થી શરણાગતો આવીયા રે લોલ
રૂડા રાસ ની બોલે રમઝટ હે મહા ઉત્સવ થયો છે.....
મહા મુકતો ના સંગ મા રે લોલ
અખંડ આનંદ વરતાય હે મહા ઉત્સવ થયો છે.....
અનંત કોટી દેવો આવીયા રે લોલ
આરોગ્વા મહા પ્રસાદ હે મહા ઉત્સવ થયો છે.....
તન મન ધનથી સેવા કરે રે લોલ
તેતો પરમધામ પામી જાય હે મહા ઉત્સવ થયો છે.....
દાસી જયાને પ્રગટ મળ્યા રે લોલ
સર્વોપરી શ્વેતાયન વ્યાસ હે મહા ઉત્સવ થયો છે.....
કંકાવટીને કાંઠડે રે લોલ
શોભે રૂડા કુલવાડી ધામ હે મહા ઉત્સવ થયો છે.....

કિર્તન

કુંકા તે વાવમાં પ્રગટયાં શ્વેતાયન
ચાલ સખી દર્શનીયે જઈએ શ્વેતાયન ની
મુર્તિ રે મારા નેણામાં વસી.....
માતા કંભર બા તે પિતા ગોપાળ દેવ
તેને ઘેર પ્રગટયાં હરિ શ્વેતાયન ની મુરતિ રે હો
મુર્તિ રે મારા નેણા માં વસી.....
સવા માણ સોનું લાવ્યો સોનીડો
તેનો મેતો મુંગટ ઘડાવ્યો શ્વેતાયન ની મુર્તિ રે હો
મુર્તિ રે મારા નેણા માં વસી.....
મુંગટ ઘડાવ્યો ને મોતી ડે મઢાવ્યો
એને મેતો હીરલે જડાવ્યો શ્વેતાયન ની મુર્તિ રે હો
મુર્તિ રે મારા નેણા માં વસી.....
હીરલે જડાવ્યો ને શ્વેતાયન ને પહેર્યો
મુખડું મલકે છે મલકતું શ્વેતાયન ની મુર્તિ રે હો
મુર્તિ રે મારા નેણા માં વસી.....
સોનેરી વાઘા લાવ્યો સોનીડો
એતો મારા શ્વેતાયન ને શોભે શ્વેતાયન ની મુર્તિ રે હો
મુર્તિ રે મારા નેણા માં વસી.....
ગુલાબનાં હાર લાવ્યાં શરણાગતો
એતો મારા શ્વેતાયન ને પહેર્યા શ્વેતાયન ની મુર્તિ રે હો
મુર્તિ રે મારા નેણા માં વસી.....

કિર્તન

કૃષ્ણ વલ્લભાચાર્યજી હો પ્રેમ થી પધારજો
નવ્યન્યાયાચાર્યજી હો પ્રેમ થી પધારજો
ભક્તો તમારી વાટલડી જુવે, હૈયે આનંદ ને આંખલડી રૂવે
આનંદ આપવા હો પ્રેમ થી પધારજો
શ્વેતાયન વ્યાસજી હો પ્રેમ થી પધારજો
શરણાગતિ તમારૂવ્હાલુ ને ધેલુ, પ્રગટ ને જોઈને થયુ અલબેલુ
દર્શન દેવાને હો પ્રેમ થી પધારજો
બાલકૃષ્ણ મહારાજ હો પ્રેમ થી પધારજો
કુંકાવાવ મા પ્રભુ તમે પ્રગટયા, જન્મ ભુમિ મા પરચા રે પુરીયા
સંત રૂપે વિચર્યા હો પ્રેમ થી પધારજો
બાલકૃષ્ણ મહારાજ હો પ્રેમ થી પધારજો
અનેક જન્મ ના પુણ્ય રે ફળીયા, ત્યારે અમો ને પ્રગટ મળીયા
રક્ષા કરવાને હો પ્રેમ થી પધારજો
હૈયા મા રાખજો હો પ્રેમ થી પધારજો
દુઃખ કાપીને વાલે સુખ રે આપીયા, ચાર ચાર વાલે આચાર્યો સ્થાપીયા
ચારેય ધામ માં હો પ્રેમ થી પધારજો
કૃષ્ણ વલ્લભાચાર્યજી હો પ્રેમ થી પધારજો

કિર્તન

હે કરૂણાના કરનારા તારી કરૂણાનો કોઈ પાર નથી
હે સંકટના હરનારા તારી કરૂણાનો કોઈ પાર નથી
હું અંતરમાં થઈ રાજી ખેલી છું અવળી બાજી
અવળી સવળી કરનારા તારી કરૂણાનો કોઈ પાર નથી
હે સંકટના હરનારા તારી કરૂણાનો કોઈ પાર નથી
મારા પાપ ભર્યા છે એવા, હું ભૂલી તમારી સેવા
મારી ભૂલોના ભૂલનારા તારી કરૂણાનો કોઈ પાર નથી
હે સંકટના હરનારા તારી કરૂણાનો કોઈ પાર નથી
હે પરમ કૃપાળુ વ્હાલા, મેં પીધાં વિષના પ્યાલા
મારા જીવન રક્ષણ હારા તારી કરૂણાનો કોઈ પાર નથી
હે સંકટના હરનારા તારી કરૂણાનો કોઈ પાર નથી
મને જડતો નથી કિનારો, મારો ક્યાંથી આવે આરો
મારા સાચા ખેવનહારા તારી કરૂણાનો કોઈ પાર નથી
હે સંકટના હરનારા તારી કરૂણાનો કોઈ પાર નથી
ભલે છોરૂ કછોરૂ થાયે તું માવતર કહેવાયે
મીઠી છાયા દેનારા તારી કરૂણાનો કોઈ પાર નથી
છે દાસીનું જીવન ઉદાસી તારે શરણે લે અવિનાશી
ભક્તો ના દિલ હરનારા તારી કરૂણાનો કોઈ પાર નથી
હે સંકટના હરનારા તારી કરૂણાનો કોઈ પાર નથી
હે કરૂણાના કરનારા તારી કરૂણાનો કોઈ પાર નથી

ભગવાનના અવતાર અને સન્ત કલ્યાણકારી જ છે.

કિર્તન

કુંકાવાવ માં શ્વેતાયન પ્રગટીયા રે લોલ
કંભરામાતા ના બાળ પ્રભુ પ્રગટ વિચરે છે ફુલવાડીએ રે લોલ.....
કરૂણાકરી પ્રભુ પધાર્યા રે લોલ
અક્ષરબ્રહ્મ સ્વરૂપ પ્રભુ પ્રગટ વિચરે છે ફુલવાડીએ રે લોલ.....
ફુલવાડી ધામ પાવન કર્યા રે લોલ
બાંધ્યા છે કાંઇ મોક્ષ મંદિર પ્રભુ પ્રગટ વિચરે છે ફુલવાડીએ રે લોલ.....
ભક્તો ને જોઇ થતા ઉતાવળા રે લોલ
મન મા મલકાય મહારાજ પ્રભુ પ્રગટ વિચરે છે ફુલવાડીએ રે લોલ.....
અમૃત ની હેલી વરસાવતા રે લોલ
સભા સધ્યે સાક્ષાત પ્રભુ પ્રગટ વિચરે છે ફુલવાડીએ રે લોલ.....
પુર્વ જનમ ની મારી પ્રીતડી રે લોલ
લાડ લડાવે ભગવાન પ્રભુ પ્રગટ વિચરે છે ફુલવાડીએ રે લોલ.....
ચિન્હો ચરિત્ર દેખી સૌ નમે રે લોલ
આપે વાલો દિલડા ના દાન પ્રભુ પ્રગટ વિચરે છે ફુલવાડીએ રે લોલ.....
દાસી જ્યાને દર્શન આપજો રે લોલ
આપજો વાલા પરમધામમાં વાસ પ્રભુ પ્રગટ વિચરે છે ફુલવાડીએ રે લોલ.....

કિર્તન

કુંકાવાવમાં મંદિર બંધાવજો રે આજ શ્વેતાયન આવશે
મંદિરમાં ભક્તો ભેળા થાય છે રે આજ શ્વેતાયન આવશે
મંદિરની આજુ બાજુ ચંદનના ઝાડ છે
ચંદનથી ઓરડા લીપાવજો રે આજ શ્વેતાયન આવશે
મંદિરની આજુ બાજુ આસોપાલવ ના ઝાડ છે
આસોપાલવ ના તોરણ બંધાવજો રે આજ શ્વેતાયન આવશે
મંદિરની આજુ બાજુ ગુલાબના છોડ છે
ગુલાબના હાર પહેરાવજો રે આજ શ્વેતાયન આવશે
મંદિરની આજુ બાજુ નાળીયેરીના ઝાડ છે
શ્રીફળની પ્રસાદી જમાડજો રે આજ શ્વેતાયન આવશે

કિર્તન

કુંકાવાવથી મહારાજ વેલા આવજો રે લોલ
કરવી મારે મનડા કેરી વાત જો
વસમી વેળા એ વેલા આવજો રે લોલ
અંતરની વેદના હુ કયાં કહુ રે લોલ
મારે છે એક તમારો આધાર જો
વસમી વેળા એ વેલા આવજો રે લોલ
ભકતોનો સાદ તમે સાંભળતા રે લોલ
પુરા કર્યા ભકતોના કોડ જો
વસમી વેળા એ વેલા આવજો રે લોલ
દેશ વિદેશ પરચા આપતા રે લોલ
પ્રગટ પરચા પુરે છે અનેક જો
વસમી વેળા એ વેલા આવજો રે લોલ
રાત દિવસ સમરણ કરીએ રે લોલ
દર્શન દેજો પ્રગટ ભગવાન જો
વસમી વેળા એ વેલા આવજો રે લોલ
ગાયે શીખે સુણે સાંભળે રે લોલ
તેનો પરમધામ માં નિવાસ જો
વસમી વેળા એ વેલા આવજો રે લોલ

ભકતજનો એ માનવ જન્મ પૂરેપુરી રીતે ભગવાન લેખે કરી રાખવો.

કિર્તન

કુંકા તે વાવ માં સોહાય શ્વેતાયન હરિ સુખકારી
વિસરતાં નવ વિસરાય, પ્રગટ પ્રભુજી અવતારી

કુંકાવાવ પ્રગટ નું પ્રાગ્ટય ધામ છે. કંભરા ગોપાળ માત તાત નું નામ છે.
દેવાણી કુળમાં સોહાય, શ્વેતાયન હરિ સુખકારી
કુંકા તે વાવ માં.....
જન્મ ભૂમિ નો તો મહીમા અપાર છે. સમગ્ર તિર્થો અહી સદા વસનાર છે.
તિર્થોમાં વસીયા સદાય, શ્વેતાયન હરિ સુખકારી
કુંકા તે વાવ માં.....
પાદરની શોભા શાન રાષ્ટ્રિય ભુવન છે.પ્રત્યક્ષ બિરાજ માન પ્રભુ શ્વેતાયન છે.
હજરા હજુર તે જાણાય, શ્વેતાયન હરિ સુખકારી
કુંકા તે વાવ માં.....
પુર્વ દિશા માં બ્રહ્મપેલેસ ધામ છે. પ્રગટ પ્રભુ નું એતો પરમધામ છે.
નિજ મંદિર માં સોહાય, શ્વેતાયન હરિ સુખકારી
કુંકા તે વાવ માં.....
માત તાત ની સંગે બાળ રૂપે શોભતાં ભક્તો જનો નાં મન દર્શન થી લોભતાં
અંતર માં આવી સમાય, શ્વેતાયન હરિ સુખકારી
કુંકા તે વાવ માં.....
અશ્વપટ સરોવર લોમષ આશ્રમ ત્યાં દિવ્ય રૂપે લોમષ રૂષી વસીયાં ત્યાં
ભજતાં પ્રગટ સુખથાય, શ્વેતાયન હરિ સુખકારી
કુંકા તે વાવ માં.....
શરણાગતિ ભક્તો નું તિરથ સ્થાન છે. સર્વે તિર્થોમાં આ તિરથ મહાન છે.
પ્રત્યક્ષ પ્રભુજી પમાય, શ્વેતાયન હરિ સુખકારી
કુંકા તે વાવ માં.....
દાસ કહે ધન્ય આ જીવન બનશે. કુમકુમ વાપી જે યાત્રા યું કરશે.
દર્શન આપતા સદાય, શ્વેતાયન હરિ સુખકારી
કુંકા તે વાવ માં.....

કિર્તન

ગુલાબ રોપાવું આજે મોગરા મંગાવું આજ,
આજ મારે આંગણે પધાર્યા કુંકાવાવવાળા,
કુમ કુમ મંગાવું આજ, પગલા પડાવું આજ,
આજ મારે આંગણે પધાર્યા કુંકાવાવવાળા,
ગુલાબ મંગાવું આજ હાર બનાવું આજ,
આજ મારે આંગણે પધાર્યા કુંકાવાવવાળા,
જ્યોત જગાવું આજ આરતી ઉતરાવું આજ,
આજ મારે આંગણે પધાર્યા કુંકાવાવવાળા,
ભક્તોને તેડાવું આજ ઉત્સવ કરાવું આજ,
આજ મારે આંગણે પધાર્યા કુંકાવાવવાળા,
મુક્તોને તેડાવું આજ રાસ રમાડું આજ,
આજ મારે આંગણે પધાર્યા કુંકાવાવવાળા,
હિંડોળો શણગારુ આજ પ્રગટ ને ઝુલાવુ આજ,
આજ મારે આંગણે પધાર્યા કુંકાવાવવાળા,
ભોજનીયા બનાવું આજ મુખવાસ ખવળાવુ આજ,
આજ મારે આંગણે પધાર્યા કુંકાવાવવાળા,
પ્રગટ બિરાજો આજ અક્ષરબ્રહ્મને લાવો સાથ,
આજ મારે આંગણે પધાર્યા કુંકાવાવવાળા,
દાસી ઈલા કહે પરમધામ માં આપજો વાસ,
આજ મારે આંગણે પધાર્યા કુંકાવાવવાળા.

મરતી વખતે પરમેશ્વરના પાર્ષદો સંભાળ લે તેવું જીવન કેળવવું.

કિર્તન

ચાલો જઈએ ફુલવાડી ધામ પ્રભુજીને મળવાને
જઈ કરીએ મધુરી વાત પ્રભુજીને મળવાને
એના દરવાજે નોબત વાગે છે
એના સૂર ગગનમાં ગાજે છે
વાગે વાગે શરણાયું ના સૂર પ્રભુજી ને મળવાને
પ્રભુ સાધુ સંગાથે આવે છે
સાથે શરણાગતિ મંડળને લાવે છે
ત્યાં રાસ લીલાઓ રચાય પ્રભુજીને મળવાને
દેશ વિદેશથી ભક્તો આવે છે
પ્રગટના ગુણ મધુરા ગાવે છે
જે આવે તેના કલ્યાણ થાય પ્રભુજીને મળવાને
ફુલવાડી માં ધુન મચાવે છે
મોટા મોટા મંડળ રચાવે છે
આજ તમ થકી આનંદ થાય પ્રભુજી ને મળવાને
શ્રી હરિ શરણાગતિ મંડળ વિનવે છે
પ્રભુ ના ધામમાં સુખ બહુ આવે છે
સદાય રાખજો તમારી પાસ પ્રભુજી ને મળવાને
ચાલો જઈએ ફુલવાડી ધામ પ્રભુજી ને મળવાને

કિર્તન

ચાલો સખી શ્વેતાયન ને ઝુલાવવા
હિંડોળો બાંધ્યો છે આજ કુલવાડી ધામ માં
શરણાગતિ મંડળ ના ભકતો તેડાવુ
હિરા મોતી ને ફુલડે વધાવુ
કોટી દેવો એના દર્શને આવે
ચોવિસ અવતારો જેના ગુણલા રે ગાવે
ગુલાબ લીલીને મોગરા થી શણગારુ
ઝળહળ તી રોશની એમાં સજાવુ
જગજગતા ના વાધા મારા વ્હાલા ને શોભે
દર્શન કરતા મારૂ મનડુ રે લોભે
ભકતો સહુ સાથે મળી આરતી ઉતારી
ભાવતા ભોજન મારા વ્હાલાને જમાડી
હિરની દોરી થી અમે પ્રેમ થી જુલાવી
પ્રેમ થી જુલાવી અમે હેતે જુલાવી
હિંડોળે જુલીને વ્હાલો મંદમંદ હંસતા
હસતા ની સાથે વ્હાલો આશિષ દેતા
રાજી થઈને પ્રભુ ચરણો માં રાખજો
સેવા ભકિતનું બળ અમને રે આપજો

કિર્તન

જય જય અનાદિ શ્રીકૃષ્ણ નારાયણ

દુઃખીઓના દુઃખ હરનાર પ્રગટ પ્રભુ અવતારી નાથ છો

અબીલ ગુલાલ કેરા સાથીયા પુરાવુ

પુરાવુ મોતીડા ના ચોક પ્રગટ પ્રભુ અવતારી નાથ છો

આસો પાલવ કેરા તોરણ બંધાવુ

રોપાવું કેળાના સ્તંભ પ્રગટ પ્રભુ અવતારી નાથ છો

જળ રે કંકાવટી ની જાળી ભરી લાવું

કરાવુ કુલવાડી માં સ્નાન પ્રગટ પ્રભુ અવતારી નાથ છો

ચંપો ચમેલી ને મોગરો મંગાવુ

પહેરાવુ ગુલાબ ના હાર પ્રગટ પ્રભુ અવતારી નાથ છો

માખણ મીસરી ને લાડું જમાડું

ધરાવુ કઢીયેલા દુધ પ્રગટ પ્રભુ અવતારી નાથ છો

લવીંગ સોપારી ને એલચી મંગાવુ

મંગાવુ બીડેલા પાન પ્રગટ પ્રભુ અવતારી નાથ છો

દેવાણી કુળમા જન્મ ધરીને

દેવાણી કુળ દીપાવનાર પ્રગટ પ્રભુ અવતારી નાથ છો

દાસ તમારો ચરણે આવ્યો છે.

ચરણો માં રાખો મહારાજ પ્રગટ પ્રભુ અવતારી નાથ છો

જય જય અનાદિ શ્રીકૃષ્ણ નારાયણ

દુઃખીઓના દુઃખ હરનાર પ્રગટ પ્રભુ અવતારી નાથ છો

કિર્તન

જન્માષ્ટમી ઉત્સવ છે આનંદ નો અનેરો છે

ઓ મારા શ્વેતાયન તમે દર્શન સૌને આપજો

અશ્વપટ સરોવર ને કાંઠે કુમકુમવાપી છે

સોરઠ ધરામાં રૂડું તિરથ ધામ છે

આસોવદ આઠમ ને રૂડો શનિવાર છે

દેવાણી કુટુંબ માં વાલો અવતારી નાથ છે

કંભરામાતા ના બાળ છો ગોપાળ દેવના લાલ છે.

ભકતો ના ભગવાન તમે દર્શન સૌને આપજો

કુંકાવાવમાં પ્રગટયા છો કાશીમા ભાણીયા છે,

જૂનાગઢ વસ્યા તમે દર્શન સૌને આપજો

કરમા કલમ ધારી છે પરબ્રહ્મ અવતારી છે

શાસ્ત્રો ના રચનારા તમે દર્શન સૌને આપજો

હેમંત ભગત ના ગુરૂ છો શરાણાગતિ ના નાથ છે

ગોબર ભગત ના ગુરૂ તમે દર્શન સૌને આપજો

શરણાગતો આવે છે સાકર શ્રીફળ લાવે છે

ઓ મારા શ્વેતાયન તમે આશા સૌની પૂરજો

ઓ મારા શ્વેતાયન તમે ચરણો માં સૌને રાખજો

પોતાના જીવનને જોયા સિવાય પારકાનેજ જોયા કરે છે તે નારકીય ગતિ માં જ છે.

કિર્તન

જય અવતારી નાથ પ્રગટના પરચા ઘણા છે,
કૃષ્ણવલ્લભાર્યાયજી મહારાજ પ્રગટના પરચા ઘણા છે.
શ્વેતાયન બોલો.....
બાલકૃષ્ણ બોલો.....
અનાદિ કૃષ્ણ બોલો.....
અનાદિ કૃષ્ણ બોલો, બોલોને એક વાર
અનાદિ કૃષ્ણ બોલે એનો થાશે બેડો પાર,
જય અવતારી નાથ.....
કંમરમાતાના બાળ પ્રગટના પરચા ઘણા છે.
ગોપાળદેવના લાલ પ્રગટના પરચા ઘણા છે.
કાશી જેવું ધામ જોવા ચાલો તમે કુલવાડી ધામ
પ્રગટનું ધામ જોવા ચાલો તમે કુંકાવાવ ધામ
શ્વેતાયન બોલો.....
અનાદિ કૃષ્ણ બોલો.....
બાલકૃષ્ણ બોલો.....
બાલકૃષ્ણ બોલો બોલો ને એકવાર
બાલકૃષ્ણ બોલો એનો થાશે બેડો પાર,
જય અવતારી નાથ....
મૂરતીમાં હાર વધી જાય પ્રગટના પરચા ઘણા છે.
મૂરતીમાં સુગંધ વરતાય પ્રગટના પરચા ઘણા છે.
બાલકૃષ્ણ બોલો.....
અનાદિ કૃષ્ણ બોલો.....
શ્વેતાયન બોલો.....
શ્વેતાયન બોલો બોલોને એકવાર,
શ્વેતાયન બોલે એનો થાશે બેડો પાર
જય અવતારી નાથ.....

મૂરતીમાં તેજ વધી જાય પ્રગટના પરચા ઘણા છે.
ઘેર ઘેર લાલજી પૂજાય પ્રગટના પરચા ઘણા છે.
શ્વેતાયન બોલો.....
બાલકૃષ્ણ બોલો.....
અનાદિ કૃષ્ણ બોલો.....
પ્રગટ હરિ બોલો.....

પ્રગટ હરિ બોલો બોલોને એક વાર
પ્રગટ હરિ બોલે એનો થાશે બેડો પાર
જય અવતારી નાથ પ્રગટના પરચા ઘણા છે

કિર્તન

જય બોલો પ્રગટની જય બોલો,
કંભરા માતાના બાળની જય બોલો.
પિતા ગોપાળના લાલની જય બોલો,
કલમધારી શ્વેતાયનની જય બોલો.
કૃષ્ણવલ્લભાચાર્યજીની જય બોલો,
બાલકૃષ્ણ પ્રભુની જય બોલો
ચિન્હધારી શ્વેતાયનની જય બોલો
છડીધારી શ્વેતાયનની જય બોલો.
અવતારી શ્વેતાયનની જય બોલો,
અનાદિ શ્રી કૃષ્ણની જય બોલો.
શરણાગતિના નાથની જય બોલો,
જય બોલો પ્રગની જય બોલો.

કિર્તન

જોયું રે જાયું શ્વેતાયન તમારું મુખલડું

એરે મુખલડે મન મારું મોહયું રે ..... જોયું રે જોયું .....

કંઠે રૂડા હાર રે શોભે

હારની પંકિતએ મન મારું મોહયું રે ..... જોયું રે જોયું .....

શિર પર રૂડા મુંગટ શોભે

કાનના કુંડળે મન મારું મોહયું રે ..... જોયું રે જોયું .....

હાથે રૂડી પોચિયું શોભે

વેઢે વીટીયે મન મારું મોહયું રે ..... જોયું રે જોયું .....

ચરણો માં રૂડી મોજડી શોભે

ચટકતી ચાલે મન મારું મોહયું રે ..... જોયું રે જોયું .....

ગુલાબી ગુલાબી વાલા હથેળી તમારી

ગાલની ટીબકી એ મન મારું મોહયું રે ..... જોયું રે જોયું .....

લટકાળા લાલ મારા વ્હેલા વ્હેલા આવો

અનાદિશ્રીકૃષ્ણ પ્રભુ વ્હેલા વ્હેલા આવો ..... જોયું રે જોયું .....

કિર્તન

જો મીલે પ્રગટ હરિસે, સોઈ અમર બન જાવે.

મિટે જન્મ મરન કે ફંદે, હરિ ધામ કે સુખ પાવે

જો મીલે પ્રગટ હરિસે, સોઈ અમર બન જાવે.

જૈસે લોહ પારસ મિલનસે, કંચન હી બનજાવે.

કાલા રંગ રહને નહી પાવે, માયાસે મુકત કહાવે.

જો મીલે પ્રગટ હરિસે, સોઈ અમર બન જાવે.

કાલ કર્મ કુછ કરને નહી પાવે, નિર્લેપ નિત્ય કહાવે.

દિવ્ય રૂપ ઔર સુખ હરિકે, શરણાગતિ જન પાવે.

જો મીલે પ્રગટ હરિસે, સોઈ અમર બન જાવે.

પ્રગટ પ્રભુસે પ્રગટ મિલે સુખ, સબ વેદ પુરાન બતાયે,

પરોક્ષસે કૈસે સુખ આવે, પ્રગટ ભકિત બલવાન કહાવે

જો મીલે પ્રગટ હરિસે, સોઈ અમર બન જાવે.

શરણાગતિ કારણ પ્રભુ બિરાજે, કૃષ્ણ અનાદિ નામ ધરાવે,

દાસ શાંતિ શ્વેતાયન મિલનસે, ધન્ય ધન્ય કહાવે.

જો મીલે પ્રગટ હરિસે, સોઈ અમર બન જોવે.

કિર્તન

જગમાં જેની જોડ જડે નહિં, કુમકુમવાપી તીર્થ મહાન

લોમષઋષીનો આશ્રમ છે ત્યાં, અશ્વપટ સરોવર તીર્થ મહાન

અનાદિ શ્રીકૃષ્ણનું પ્રાગટય ધામ, કુમકુમવાપી પરમધામ

લક્ષ્મીજી એ મુખ્ડુ ધોયુ, કુમકુમ નીર છલકતી વાવ

લક્ષ્મી નારાયણે દર્શન દીધાં, ખટવાંગ રાજા જેનું નામ

પરમધામથી પ્રગટ પધાર્યા, કૃષ્ણવલ્લભાચાર્યજી નામ

કંભરા ગોપાલ ઘેર દ્વાર, આનંદ ઉત્સવ જય જય કાર

દેવોને અવતારો આવ્યા, બાલ પ્રભુના દર્શન કાજ

રેવતાચળથી ઋષીઓ આવ્યા, છોડી જપ તપ યોગને ધ્યાન

તીર્થો સર્વે કુંકાવાવ વસીયા, પ્રગટ પ્રભુનો લેવા લાભ

અપરમપાર છે મહિમા જેનો, બ્રહ્મપેલેસ પ્રગટનું ધામ

દર્શન દેવા પ્રગટ બિરાજે,

અનાદિ કૃષ્ણ મહિમા મોટો જગમાં જય જયકાર થાય

દાસ શાંતિ કહે શરણાગતિ લેશે, શ્વેતાયન દેશે પરમધામ

કિર્તન

ઝુલે ઝુલે ગોપાલ દેવના લાલ પ્રગટ ઝુલે છે
એને હિંડોળે ઝુલવા ની હોશ ઘણી
ભકતો ઝુલાવે ખમ્મા ખમ્મા કરી
પ્રગટ ઝુલે ને ભકતો ખૂશ થાય ..... પ્રગટ ઝુલે છે
એના દરવાજે નોબત નગારા વાગે
વળી શરણાયુ સૂર સાથે ભળે
રસ મસ્તીના સૂરો સંભળાય ..... પ્રગટ ઝુલે છે
પ્રગટ સોળે આભૂષણ અંગે ધર્યા
ભાલે કેસર ચંદનના તિલક કર્યા
કર માં કેસરીયો રૂમાલ સોહાય ..... પ્રગટ ઝુલે છે
એના તેજે ભાનુ દેવ ઝાંખા પડે
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ સેવા કરે
મળી ભકતો સૌ સખી ગાય ..... પ્રગટ ઝુલે છે
પ્રગટ ચાલે ત્યા કુંમકુંમના પગલા પડે
પ્રગટ બોલે ત્યા મૂખડેથી ફુલળા ઝરે
વરસે વરસે કુમકુમ નો વરસાદ ..... પ્રગટ ઝુલે છે
ભકતો મંદિરે આવીને હિંડોળો ગાય
ભૂખ થાક તરસનુ ન નામ ધરે
કરવા દર્શન બન્યા છે બેતાન ..... પ્રગટ ઝુલે છે
એના સોનાના હિંડોળે રત્ન જળ્યાં
ઝુલે સાચા મોતીના તોરણ બાંધ્યા

સંત અને ભગવાન ના ભકતો ને સેવી ને કોઈ જીવાત્માં ઓ સૂર્ય-ચંદ્ર ઈન્દ્ર આદિ દેવપણાને પામ્યા છે.

કિર્તન

જુનાગઢથી પુરૂષોતમ પધારજો
આવજો મુકત મંડળની સંગાથ ..... પુરૂષોતમ પધારજો
વ્હાલા સુના શરણાગતિ વિનવે
તમે દર્શન દેજો મહારાજ ..... પુરૂષોતમ પધારજો
નવ્ય ન્યાયચાર્યજીને વિનવુ
પ્રગટ પ્રભુજી વળી આવો આજ ..... પુરૂષોતમ પધારજો
અમને મળીયા અક્ષરપતી અવતારી
સફળ ફેરો થયો છે આ વાર ..... પુરૂષોતમ પધારજો
વ્હાલા બાલકૃષ્ણ પધારજો
શરણાગતિ કરે છે પોકાર ..... પુરૂષોતમ પધારજો
શરણાગતિ સંદેશો મોકલે
વહેલા આવજો જીવન પ્રાણ ..... પુરૂષોતમ પધારજો
વ્હાલા પ્રગટ પરબ્રહમ પધારજો
હવે હૈયુ રહેતુ નથી હાથ ..... પુરૂષોતમ પધારજો
વ્હાલા દુરીજન ના મેણા દોયલા
તમ વિના તે કેમ રહેવાય ..... પુરૂષોતમ પધારજો
અંતરજામી અલબેલડા આવજો
હું તો જોવ તમારી વાટ . ..... પુરૂષોતમ પધારજો
વ્હાલા બીજુ કાંઇ નથી માંગતી
તમારી સેવાનો ભંગ ન થાય ..... પુરૂષોતમ પધારજો
વ્હાલા આશીષ દેજો શ્વેતાયન
મારા જીવન પ્રાણ આધાર ..... પુરૂષોતમ પધારજો
વ્હાલા એક જ આશરો તમારો
પ્રાણપતી છો તારણ હાર ..... પુરૂષોતમ પધારજો
કૃષ્ણવલ્લભાચાર્યજી પધારજો
નવ્ય ન્યાયાચાર્યજી આજ ..... પુરૂષોતમ પધારજો
દાસી રાધાની વિનંતી સુણજો
શ્વેતાયન રાખજો રૂદીયાની માય ..... પુરૂષોતમ પધારજો
જુનાગઢથી પુરૂષોતમ પધારજો
આવજો મુકત મંડળની સાથ ..... પુરૂષોતમ પધારજો

કિર્તન

તમે દિપાવ્યું કુંકાવાવ ધામ ને રે
ધન્ય ધન્ય કૃષ્ણવલ્લભાચાર્યજી ને રે ..... ધન્ય
રૂડા કુમકુમ વાપી આ ગામમાં રે
સંત રૂપે પ્રગટ પ્રભુ આવીયા રે ..... ધન્ય
બાળપણ થી સંસાર ને ત્યાગીઓ રે
શ્રીજી મહારાજ પોતે સાક્ષાત છે રે ..... ધન્ય
કાશી જઈને વિદ્યા ભણી આવિયા રે
સંત મંડળ માં શ્રેષ્ઠ પદ પામીયા રે ..... ધન્ય
સત્સંગી ને સાધુ ને સમાગમે રે
શ્રીજી મહારાજ પોતે સાક્ષાત છે રે ..... ધન્ય
જ્ઞાતિ પટેલ ને સાખે દેવાણી છે રે
શ્રીહરિ શરણાગતિ મંડળ ની વાણી છે રે ..... ધન્ય
દાસ તમારા ગુણલા ગાય છે રે
પ્રભુ ચરણો માં નમી નમી જાય છે રે ..... ધન્ય

કિર્તન

તમે શ્વેતાયન હરિ વ્યાસ રે .... હે અવતારોના અવતારી છો રે
હે જી તમે ધામના છો પાગ ધામી રે ....તમે શ્વેતાયન....
તમે આસોવદી આઠમને .... હે પ્રભાતે પ્રગટીયા હો જી
હે જી તમે દિપાવ્યુ અખિલ બ્રહ્માંડ જો હો ....તમે શ્વેતાયન....
તમે લોમશઋષિને .... હે દિવ્યરૂપે દર્શન દીધા રે લોલ
હે જી તમે મહામુકતોને સંગે લાવીયા ....તમે શ્વેતાયન....
તમે કાશીમાં જઈને રે .... હે વિદવજનો બોધિયા રે લોલ
હે જી તમે વિશ્વના પંડિત કહેવાયા રે ....તમે શ્વેતાયન....
તમે અઢળક સુખ અમને આપીયા રે લોલ
હે જી તમે દાસ પ્રદીપને શરાગે લેજો રે ....તમે શ્વેતાયન....

કિર્તન

તારી અકળ કળા છે ન્યારી રે વાહ પ્રભુ વાહ

તેમાં શું સમજે સંસારી રે વાહ પ્રભુ વાહ

તમે પરબ્રહ્મ અવતારી રે વાહ પ્રભુ વાહ

તમે શ્વેતાયન સુખકારી રે વાહ પ્રભુ વાહ

કુંકાવાવમાં જનમ્યાને કાશીમા ભાગીયા

તમે જુનાગઢમાં વસીયા છો વાહ પ્રભુ વાહ

જામવંથલી ની કુલવાડીમાં

તમે મોક્ષ મંદિર બંધાવ્યા રે વાહ પ્રભુ વાહ

જુનાગઢ ગામ માં વાસ જ કીધો

તમે ભકતો ને પરચા આપ્યા રે વાહ પ્રભુ વાહ

દેશ વિદેશ માં દર્શન આપ્યા

તમે ડુબતા ને બચાવ્યા રે વાહ પ્રભુ વાહ

ભારત ભૂમિ માં મે તો ગોતિયા

તમે પરમધામ માં જઈ વસ્યા રે વાહ પ્રભુ વાહ

તમે દુઃખીયા ને સુખ આપીયા રે વાહ પ્રભુ વાહ

તમે ચરણો માં ચિન્હો બતાવીયા રે વાહ પ્રભુ વાહ

તમે હથેળી માં ચિન્હો બતાવીયા રે વાહ પ્રભુ વાહ

તમે અનેક શાસ્ત્રો રચીયા રે વાહ પ્રભુ વાહ

તમે શરણાગતિ ને મન વસીયા રે વાહ પ્રભુ વાહ

કિર્તન

તમે ભજો પ્રગટ ભગવાન શ્વેતાયન અવતારી
કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ શ્વેતાયન અવતારી
માયા કેરી મિઠાસ તમે ત્યજી દેજો
પ્રગટ હરિના અમૃત રસ પીજો
કરી દેશે જન્મને સફળ શ્વેતાયન અવતારી
કૃષ્ણનારાયણ નામ નો જાપ જપો
જાપ જપી ને અંતર ચોખ્ખુ કરો
દયા કરી દેશે દર્શન શ્વેતાયન અવતારી
આજ કળિયુગ ના રાજ માં દુઃખ અપાર
પ્રગટ હરિના ચરણો માં સુખ અપાર
સુખ દુઃખના સાથી છે મહારાજ શ્વેતાયન અવતારી
તમે સંસાર માં સંતની દીક્ષા લેજો
શરણાગતિ મંડળ ના સંગી થજો
રાજીરાજી થશે સ્વામીનાથ શ્વેતાયન અવતારી
આજે માનીતો માન માં રહી જશે
પ્રગટ પ્રભુનું શરણુ છોડી જશે
નહિ પામે પ્રગટ પ્રમાણ શ્વેતાયન અવતારી
દાસ રમેશ ના દિલમાં વસી રહેજો
સ્વામી સેવક નો નાતો સદાય રહેજો
માંગુ માંગુ હું એટલુ મહારાજ શ્વેતાયન અવતારી.

કિર્તન

તેરી કળા હરિ, કોઈ ન જાણે, કોઈ ન જાણે, કોઈ નવ જાણે
..... તેરી કળા હરિ

જબ જબ આયે તુમ ઈસ જગતમેં, વિધ વિધ રૂપધરી વિચરે જગત મે,
સંકટ હરત હર પલ પલ મેં ..... તેરી કળા હરિ

રામ કૃષ્ણાદિક ધરે અવતારે, શરાણોમે આયે સબકો ઉગારે
પર ભજન હીન સમજ ન પાયે ..... તેરી કળા હરિ

મહા પ્રભુજી આયે સ્વામિનારાયણ સબ અવતારો કે કારણ કારણ
પ્રગટ ભયે તબ જગત ન જાણે ..... તેરી કળા હરિ

શ્વેતાયન વ્યાસજી અવતારી આયે કર ચરણમેં ચિન્હ દિખલાવે
પર ભાગ્ય હીન નર, સમજ પાયે ..... તેરી કળા હરિ

શાસ્ત્રો રચ કર જગત ઉગારે શરણાગતિ જન મહા સુખ પાયે
દાસ શાંતિ તુમ પ્રાણ સે પ્યારા ..... તેરી કળા હરિ

કિર્તન

તમે આત્મા નો કરવા ઉધ્ધાર રે
આજ ઓળખો શ્વેતાયન વ્યાસ રે
કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ રે
પ્રભુ અનાદિ કૃષ્ણનારાયણ આજ રે
વ્હાલો વચનામૃત માં કહી ગયા રે
સંત મધ્યે સંત પતિ રહયા રે
સુખ દેવા પ્રગટ ભગવાન રે
વ્હાલો આવ્યા છે એવા ને એવા રે
સર્વે ચિન્હો ધારી મહારાજ રે
સંગે લાવ્યા છે મુકત સમાજ રે
મૂર્તિ મનોહર સુંદર પ્યારી રે
ઋષિ લોમષ જાયે બલીહારી રે
જોઈ લટકા થયો છું નિહાલ રે
ચાલે અજબ અલૌકિક ચાલ રે
હાથ જાલ્યો તે કેમ છૂટે રે
ભલે દુરીજન મળી માંથુ કુટે રે
તમે આત્મા નો કરવા ઉધ્ધાર રે
આજ ઓળખો શ્વેતાયન વ્યાસ રે

કિર્તન

તમે મંગલ પગલે મંગલ કરવા બ્રહ્મપેલેસ પધારો
બોલો જય જય શ્વેતાયન, બોલો જય જય શ્વેતાયન
પ્રભુજી સાથે કંભરા-ગોપાલ માતા-પિતા સ્વરૂપે આવ્યા
વ્હાલા પ્રભુ માતા-પિતા સ્વરૂપે આવ્યા
એવા પરમધામના મુકતો પધાર્યા શ્વેતાયન સંગાથે
બોલો જય જય શ્વેતાયન, બોલો જય જય શ્વેતાયન
કુંકાવાવ માં પ્રગટ થઈને ભકતો ને લાડ લડાવ્યા
વ્હાલે ભકતો ને લાડ લડાવ્યા
એવા ગૃહસ્થાશ્રમ ના નરનારી ને સાચા સંતો બનાવ્યા
બોલો જય જય શ્વેતાયન, બોલો જય જય શ્વેતાયન
નિજ મૂર્તિમાં અપાર ચિન્હો ધારી પ્રભુજી પ્રગટયા
ચિન્હો ધારી પ્રભુજી પ્રગટીયા
તમે સતાવન શાસ્ત્રો રચી ને આજે શ્વેતાયન વ્યાસ કહાવીયા
બોલો જય જય શ્વેતાયન, બોલો જય જય શ્વેતાયન
મંગલ મૂર્તિ મહાપ્રભુ ની મંગલના કરનારા
તમે મંગલ ના કરનારા
તમે દુઃખ હર નારા સુખ ના સાગર શ્વેતાયન અવતારી
બોલો જય જય શ્વેતાયન, બોલો જય જય શ્વેતાયન
અપરંપાર છે મહિમા તમારો કોઈની સમજમા ન આવે
વ્હાલાકોઈની સમજમા ન આવે
પ્રભુ સાથે પધારેલા ધામ ના મુકતો નિત્ય નિત્ય ગુણલા ગાવે
બોલો જય જય શ્વેતાયન, બોલો જય જય શ્વેતાયન
અનાદિ શ્રીકૃષ્ણનારાયણ અનંત મુકતોના સ્વામી
તમે અનંત મુકતો ના સ્વામી
તમે અંતરજામી છો બહુ નામી એવા પરમધામ ના ધામી
બોલો જય જય શ્વેતાયન, બોલો જય જય શ્વેતાયન
શ્રી હરિ શરણાગતિ મંડળ ના ભકતો તમને વિનવે
વ્હાલા ભકતો તમને વિનવે
પ્રભુ ભકતો ની અરજી દિલ માં સ્વીકારી દર્શન દેવા પધારો
બોલો જય જય શ્વેતાયન, બોલો જય જય શ્વેતાયન

કિર્તન

તમારી ભકિત લાગે છે મને પ્યારી રે શ્વેતાયન હરિ
પ્રભુ લેજો મને રે ઉગારી રે શ્વેતાયન હરિ
તમારી ભકિત.....

એટલી અરજ છે પ્રભુ અમારી રે શ્વેતાયન હરિ
અરજ સુણીને વેલા પધારો રે શ્વેતાયન હરિ
તમારી ભકિત.....

તમારી મૂર્તિ લાગે છે મને પ્યારી રે શ્વેતાયન હરિ
પ્રભુ સેવા દેજો રે તમારી રે શ્વેતાયન હરિ
તમારી ભકિત.....

તમે પ્રગટયા કુમકુમવાપી રે શ્વેતાયન હરિ
ત્યાં ભકતો ની ભીડ બહુ ભારી રે શ્વેતાયન હરિ
તમારી ભકિત.....

તમે પ્રગટ બિરાજો કુલવાડી રે શ્વેતાયન હરિ
અમે દર્શનીયે જાય દોડી દોડી રે શ્વેતાયન હરિ
તમારી ભકિત.....

તમે પરમધામ ના ધામી રે શ્વેતાયન હરિ
તમે શરણાગતિ ના સ્વામી રે શ્વેતાયન હરિ
તમારી ભકિત.....

ભકત ભગવાન માટે જુરવા માંડે તો ભગવાનપણ ભકત માટે જૂરવા માંડે છે.

કિર્તન

દોડી દોડી આવે રે, દોડી દોડી આવે, મારા શ્વેતાયન વ્યાસજી
દર્શન દેવા આવે રે, દર્શન દેવા આવે, મારા શ્વેતાયન વ્યાસજી
કુંકાતે વાવમાં શ્વેતાયન પ્રગટીયા,
બાળ લીલા કરે રે, બાળ લીલા કરે, મારા શ્વેતાયન વ્યાસજી
સભા મધ્યે પ્રભુ પ્રગટ બીરાજે,
સાક્ષાત દર્શન આપે રે, સાક્ષાત દર્શન આપે, મારા શ્વેતાયન વ્યાસજી
ચરાગ કમળ માં ચિન્હો બતાવતા,
અનેક પરચાં આપે રે, અનેક પરચાં આપે, મારા શ્વેતાયન વ્યાસજી
દોડી દોડી આવે રે, દોડી દોડી આવે, મારા શ્વેતાયન વ્યાસજી

કિર્તન

દેવાધી દેવ તમે પ્રગટ ભગવાન છો,
હે દુઃખીયા ના દુઃખ હરનાર પ્રગટ પ્રભુ અવતારી નાથ છો
અબીલ ગુલાલ કેરા સાથીયા પુરાવુ,
પુરાવુ મોતીડા ના ચોક પ્રગટ પ્રભુ અવતારી નાથ છો
આસો પાલવ કેરા તોરાગ બંધાવુ,
રોપાવુ કેળો ના સ્તંભ પ્રગટ પ્રભુ અવતારી નાથ છો
જળ રે કંકાવટી ની જારી ભરી લાવુ,
કરાવું કુલવાડી માં સ્નાન પ્રગટ પ્રભુ અવતારી નાથ છો
ચંપો ચમેલી ને મોગરા મંગાવુ,
પહેરાવુ ગુલાબ ના હાર પ્રગટ પ્રભુ અવતારી નાથ છો
માખાગ મિસરી ને લાડુ મંગાવુ,
જમાડુ કઢીયેલ દુધ પ્રગટ પ્રભુ અવતારી નાથ છો
લવિંગ સોપારી ને એલચી મંગાવુ,
મંગાવુ બીડેલા પાન પ્રગટ પ્રભુ અવતારી નાથ છો
દેવાણી કુળ માં જન્મ ધરીને,
દેવાણી કુળ દીપાવનાર પ્રગટ પ્રભુ અવતારી નાથ છો
દાસ તમારે ચરાગે આવ્યો છે,
ચરાગો માં રાખો મહારાજ પ્રગટ પ્રભુ અવતારી નાથ છો

જીવ પોતાની મેળે ભવસાગર માથી નીકળી શકતો નથી. તેને ભગવાન અને સંતો કાઢે છે.

કિર્તન

દર્શન આપે ધામ દેખાડે

રક્ષા કરે છે હર ઘડી

..... અનાદિ શ્રી કૃષ્ણ નારાયણ

દેશ વિદેશે એના ભકતો વસે પ્યારા

સેવા ભકિત કરે છે તન ધનથી સારા

રાજી રાજી થાય પ્રગટ પ્યારા

..... અનાદિ શ્રી કૃષ્ણ નારાયણ

હરપલ હર ઘડી ત્રાણે અવસ્થા માં

મૂર્તિ ધારે એતો પ્રગટની ઉર માં

દિવ્ય દર્શન આપે છે પ્રગટ પ્યારા

..... અનાદિ શ્રી કૃષ્ણ નારાયણ

મન કર્મ વચને, પ્રભુની આજ્ઞા રે પાળે

ભકતો નો મહીમાં જાણે દાસ થઈ માણે

એવા ભકતો પ્રગટને પ્યારા

..... અનાદિ શ્રી કૃષ્ણ નારાયણ

દાસ અશ્વિન ની વ્હાલા અરજી સુણો

સેવા ભકિત માં ઉતરૂ નહી ઉણો

સુણો સુણો અરજી પ્રગટ પ્યારા

..... અનાદિ શ્રી કૃષ્ણ નારાયણ

ભગવાન વહેલી મોડી સંભાળ લેશે. ભગવાન લેખે કુરબાની કરી નાખવી.

કિર્તન

દર્શન દેજો રે શ્વેતાયન દર્શન દેજો રે

ભલે સવાર હોય કે સાંજ હોય દિવસ હોય કે રાત

દર્શન દેજો રે શ્વેતાયન દર્શન દેજો રે

આમ જોવું તેમ જોવું જોવું વાલીડા તારી વાટ રે

જોવું વાલીડા તારી વાટ

કુંકાવાવ ધામ માં, ગોપાળ દેવ ઘેર

પ્રગટીયા શ્વેતાયન વ્યાસ રે વ્હાલા પ્રગટીયા શ્વેતાયન વ્યાસ

કુંકાવાવ ગામ માં, કુંકાવાવ ની શેરીયુ માં

રમતા સખા ની સાથ રે વ્હાલા રમતા સખા સાથ રે,

દર્શન દેજો રે શ્વેતાયન દર્શન દેજો રે,

જુનાગઢ ધામ માં, જુનાગઢ મંદિર માં

રહેતા સંતો ની સાથ રે વાલા રહેતા સંતો ની સાથ રે,

દર્શન દેજો રે શ્વેતાયન દર્શન દેજો રે,

વંથલી ગામ માં, ફુલવાડી ધામ માં

વિચરતા ભકતો સાથ રે વ્હાલા વિચરતા ભકતો સાથ રે,

દર્શન દેજો રે શ્વેતાયન દર્શન દેજો રે...

કિર્તન

દર્શન દેવા આવજો હરિ શ્વેતાયન પ્યારા ....
દયા કરીને દર્શન દેજો જીવન અજવાળા

.... દર્શન

પ્રગટ થયા છો તમે ફરી નરતન વાલે રૂપધરી
દીધી ઉપાસના સર્વોપરી અનાદિ કૃણ નામ ધરી
હે બ્રહ્મપેલેસ ના મધ્યશિખર માં પધારજો મારા વાલા

..... દર્શન

જુનાગઢ માં સંત સ્વરૂપે, પ્રભુ તમે બીરાજતા
ગુલાબ પાંખડી દઈને, ભકતો ના દુઃખ કાપતા
હે દેશ વિદેશ માં દર્શન તમે દેતા મારા વાલા

..... દર્શન

વાગથલી માં ધામ તમારું ફુલવાડી છે ન્યારુ
શરાણાગતિ ના હૈયા માં સદા રહો કૃપાળું
આવ્યા અને તમ શરાણ માં ઉગારજો મારા વાલા

..... દર્શન

બાંધી મે તો પ્રીતડી પ્રભુ તમ સંગાથે
દાસ ભરત ના સ્વામિ, તમે છો અંતરયામી
રાખુ છુ હૈયામાં પ્રભુ મુર્તિ સદા તમારી

..... દર્શન

આ જીવ પોતાનું કહયું સંત ને કરાવે છે.
પાણ જો પોતે સંત નું કહયું કરવા માંડે તો તે સંત થઈ જાય છે.

કિર્તન

ધન્ય ધન્ય શ્વેતાયન હરિ વ્યાસ જો
ધન્ય છે જ્યાં પ્રગટ થયા ભગવાન જો
સોરઠ દેશે કુંકાવાવ સુખધામ જો
જ્યાં પ્રગટયા શ્વેતાયન હરિ વ્યાસ જો
માતા કંભરાબાઈ તાત ગોપાળદેવ જો
પટેલ ને દેવાણી દિવ્યકુળ જાણ જો
અગિયાર વરસ વ્હાલો કુંકાવાવ માં રમીયા જો
જુનાગઢ જઈ સંત મંડળ ને ગમીયા જો
અઢાર વરસ કાશી ભાણીને ડંકો દીધો જો
શાસ્ત્રો રચી ધર્મ નો ધ્વજ રોપીયો
સર્વોપરી પરમાતીત અવતારી જો
કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ જો
ધામ થકી આવ્યા સુખ દેવ આ દાસને જો
કૃષ્ણ અનાદિ શ્વેતાયન હરિ વ્યાસ જો
પુરૂષોતમ ની લીલા નો પાર ન આવે જો
શેષ શાદર મુનિ નારદ નિત્ય ગુણ ગાય જો
ઓળખ્યા જોણે પ્રભુ પ્રગટ પ્રમાણ જો
તે પામ્યા છે દિવ્ય પરમધામ જો
સુખ દેવા પ્રભુ શ્વેતાયન હરિ વ્યાસ જો
પ્રગટીયા સુખ શાંતિ ના દાતાર જો

કિર્તન

ધ્યાન ધરી પ્રેમે ઉચ્ચારી પ્રભુ નામ રોજ રોજ રટી પ્રભુ પ્રગટ નું નામ
પામશું રે અંત તો પરમધામ અનાદિ શ્રી કૃષ્ણનારાયણ લઈ નામ
શ્વેતાયન વ્યાસ હરિ નું લઈ નામ

પ્રગટ પ્રભુ નાં પ્રિય આશ્રિત થાશું શરણે જઈ ને શરણાગતિ લેશું
નહી ખર્ચ કરવા પડે એકય દામ અનાદિ શ્રી કૃષ્ણનારાયણ લઈ નામ
શ્વેતાયન વ્યાસ હરિ નું લઈ નામ

સર્વોપરી હરિ ની ઉપાસ નાં કરી ભકિત કરી ને ચિત ચરણે ધરી
પ્રગટ નાં શરણ માં સુખ છે તમામ અનાદિ શ્રી કૃષ્ણનારાયણ લઈ નામ
શ્વેતાયન વ્યાસ હરિ નું લઈ નામ

આ લોક નાં સુખ સર્વે અંતે નાશવંત પ્રગટ ભજી ને સેવી લઈ સાચા સંત
અંત સમય કેરા સુધરી જાશે કામ અનાદિ શ્રી કૃષ્ણનારાયણ લઈ નામ
શ્વેતાયન વ્યાસ હરિ નું લઈ નામ

વસમાં છે જન્મો જન્મો નાં ફેરા ગુણ ગાન ગાઈ લઈ હરિવર કેરા
નહિ તો બગડી જાશે મોક્ષનું કામ અનાદિ શ્રી કૃષ્ણનારાયણ લઈ નામ
શ્વેતાયન વ્યાસ હરિ નું લઈ નામ

અંત સમયે લેવા શ્વેતાયન આવશે આપેલ વચન વાલો આવી નિભાવશે
કૃપા કરી ને લઈ જાશે પરમધામ અનાદિ શ્રી કૃષ્ણનારાયણ લઈ નામ
શ્વેતાયન વ્યાસ હરિ નું લઈ નામ

શરણાગતિ કહે હવે હરતાં ફરતાં શ્વેતાયન બોલશું કામ કાજ કરતાં
પ્રગટ નાં ચરણો માં પામશું વિરામ અનાદિ શ્રી કૃષ્ણનારાયણ લઈ નામ
શ્વેતાયન વ્યાસ હરિ નું લઈ નામ

માનવ જન્મને અંતે ભગવાનનું તેડું ન આવે તો કમાઈ કમાઈને કઈ કમાણી કરી,
ભગવાન અને સંત અંતે આવે એવી સ્નેહભકિતની કમાણી કરવી

કિર્તન

ધ્યાન ધરી લે ભક્તિ કરી લે સ્મરણ કરી લે પ્રગટ હરિનુ

શ્વેતાયન વ્યાસ અવતારી હરિનું ધ્યાન ધરી લે.....

મનોહર મુર્તિ મહાસુખકારી

આનંદ ઘન અવતારી હરિનું ધ્યાન ધરી લે.....

સર્વોપરી હરિ પ્રગટ અનાદિ

શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી સ્વયં હરિનું ધ્યાન ધરી લે.....

અનંત મુક્તો ના સ્વામિ અનાદિ

પરમધામ ના ધામી હરિનું ધ્યાન ધરી લે.....

દિવ્ય અવલોકીક મહાસુખકારી

શ્રી કંભરાલક્ષ્મી ના બાળ હરિનું ધ્યાન ધરી લે.....

અનાદિ શ્રી કૃષ્ણ સર્વે ચિન્હોધારી

કલમધારી ગીરનારી હરિનું ધ્યાન ધરી લે.....

દિવ્ય દર્શન દિવ્ય સેવા

દિવ્ય તનુ ધારી અવતારી હરિનું ધ્યાન ધરી લે.....

બાલમુકુંદ ભવન નિવાસી

શરણાગતિ ના સ્વામિ નાથ હરિનું ધ્યાન ધરી લે.....

રસબસ આનંદ સાગર ભર્યા

દાસ શાંતી ના પ્રીતમ હરિનું ધ્યાન ધરી લે.....

કિર્તન

ધન્ય ધન્ય વાગથલી સુખ ધામજો
જ્યાં વિચર્યા શ્વેતાયન ભગવાન જો
પરમધામ વાસી વાલો વંથલી વાસી થયા જો
સુખ દેવા શરાગાગતિ મંડળ ને આજ જો
એ ધરાગી પાગ પામી અખંડ સુહાગ જો
મળ્યા જ્યારે શ્વેતાયન હરિ વ્યાસ જો
કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ જો
અનાદિ શ્રી કૃષ્ણનારાયગ આજ જો
દિવ્ય તનુ ધારી વાગથલી સુખ ધામ જો
જ્યાં સુખ દીધા શ્રી હરિએ સાક્ષાત જો
જેનો મહિમા કોઈથી નવ કહેવાય જો
જે ધરાગી પ્રગટ પુરૂષોતમને વરી
જે ધરાગીમાં વિચર્યા પ્રગટ ભગવાન જો
પ્રભુને રહેવાનું જાગો પરમધામ જો
કુંકાવાવ કુલવાડી રચાવ્યા મોટા ધામ જો
અનેક જીવના કલ્યાગ કરવાને કાજ જો
સેવા આપી સહુ જનને સુખિયા કરીયા જો
દિવ્ય દર્શન દઈને ભકતોના મન હર્યા જો
લીલા પ્રગટની શરાગાગતિ જન ગાય જો
સાંભળતા દાસ શાંતિને સુખ થાય જો

કિર્તન

ધન્ય ઘડી રે આજ ધન્ય ઘડી, આજ મને મળીયા પ્રગટ હરિ

સોરઠ દેશ રૂડો સોહામણો, લોમષક્ષેત્રે મહાતીર્થ પ્રમાણો

હે....કંભરા ગોપાલ ઘેર જન્મ ધરી...આજ

મોટા મંદિરો મારે વ્હાલે બંધાવ્યા, સુખ દઈને વહાલે ભક્તો રીઝાવ્યા

હે...વાલે દર્શન દિધા છે બહુ મહેર કરી...આજ

કાશીએ જઈને સુતા પંડીતો જગાડયા, સભા જીતીને મહારાજા કહાવ્યા

હે...વ્હાલે શાસ્ત્રો રચીયા સર્વોપરી...આજ

શરણે આવ્યા તેના દુઃખડા કાપ્યા, ભવ દુઃખ ટાળી મહા સુખડા આપ્યા

હે...મહાપ્રસાદ દીધા છે બહુ કૃપા કરી....આજ

રાજકોટ જામનગર મંદિરો બંધાવ્યા, જુનાગઢ જઈ મહા મંડપો રચાવીયા

હે...વ્હાલો વંથલી બીરાજે ધામ કરી....આજ

મહામંત્ર આપી શરણાગતિ રે સ્થાપી, વહાલે ભગવા રે વસ્ત્રની આજ્ઞા રે આપી

હે...વહાલે બાલકૃષ્ણ લાલજીની સેવા રે આપી

શ્વેતાયન વ્યાસ અવતારી પધાર્યા, આચાર્ય સંતોને સંગ બીરાજયા

હે...દાસ શાંતિના નાથ સંત રૂપધરી...આજ

કિર્તન

ધન્ય ધન્ય પ્રગટ ભગવાનને રે

તમે દિપાવ્યુ કુંકાવાવ ગામ ને રે... ધન્ય ધન્ય.....

રૂડા કુમકુમવાપી આ ગામ માં રે

સંત રૂપે પ્રગટ પ્રભુ આવીયા રે... ધન્ય ધન્ય.....

બાળપણ થી સંસાર ને ત્યાગીયો રે

અનાદિ કૃષ્ણ પોતે સાક્ષાત છે રે... ધન્ય ધન્ય.....

કાશી જઈને વિદ્યા ભણી આવીયા રે

સંત મંડળ માં શ્રેષ્ઠ પદ પામીયા રે... ધન્ય ધન્ય.....

સત્સંગ ને સંત સમાગમ થી રે

કૃષ્ણવલ્લભાચાર્યજી કહાવીયા રે... ધન્ય ધન્ય.....

જામ વંથલી ની કુલવાડીમાં રે

મહામોક્ષ મંદિર બંધાવીયા રે... ધન્ય ધન્ય.....

જ્ઞાતિ પટેલ ને સાખે દેવાણી છે રે

શરણાગતિ મંડળ ની વાણી છે રે... ધન્ય ધન્ય.....

દાસ તમારા ગુણલા ગાય છે રે

સંત ચરણો માં નમી નમી જાય છે રે... ધન્ય ધન્ય.....

કિર્તન

ધુન મચાવો ભક્તો ધુન મચાવો,

એવા માર શ્વેતાયન ની ધુન મચાવો

ધુન મચાવો દેવો ધુન મચાવો,

એવા મારા શ્વેતાયન ની ધુન મચાવો

ધુન મચાવો સંતો ધુન મચાવો,

એવા મારા શ્વેતાયન ની ધુન મચાવો

સર્વે બ્રહ્માંડો માં ધુન મચાવો,

એવા મારા શ્વેતાયન ની ધુન મચાવો

માતા જેના કંભરાલક્ષ્મી પિતા ગોપાળ દેવ છે.

એવા મારા શ્વેતાયન ની ધુન મચાવો

બ્રહ્મપેલેસ માં ધુન મચાવો,

એવા મારા શ્વેતાયન ની ધુન મચાવો

કુંકાવાવ ધામ માં ધુન મચાવો,

એવા મારા શ્વેતાયન ની ધુન મચાવો

કુલવાડી ધામ માં ધુન મચાવો,

એવા મારા શ્વેતાયન ની ધુન મચાવો

ધુન મચાવો ભક્તો ધુન મચાવો,

એવા મારા શ્વેતાયન ની ધુન મચાવો

કિર્તન

નાવડી માં બેસી જા જો નાવ જુનાગઢ જાય છે

જુનાગઢ જાય છે ને વંથલી રોકાય છે

શ્વેતાયન ની સંગે સહુને આનંદ મંગળ થાય છે

રાસ રમાડે રસીયાજી ને ગીત મધુરા ગાય છે

વેણુ વગાડે વાલમજી ને ચીતડા ચોરી જાય છે

ગોપ ગોપીકા પ્રભુ દર્શન માં પાગલ બની જાય છે

પ્રગટ પ્રભુ નાં દર્શન કરવા લોચનીયા પાણ લોભાય છે

ભાવ ભરી ને દર્શન કરજો ભાવે દર્શન થાય છે

પ્રગટ પ્રભુ ના દર્શન કરવા દેવો પાણ લોભાય છે

સત્સંગ માં સૌ બેસી જાજો પ્રગટ ના ગુણ ગવાય છે

ભાવ ભરી ને દર્શન કરજો પરમધામ જવાય છે

પ્રાણ પ્રભુ આ મારી નૈયા દોરી તમારે હાથ છે

ભવસાગર થી પાર ઉતારો એક તમારો આધાર છે

નાવડી માં બેસી જા જો નાવ જુનાગઢ જાય છે

ભગવાનની મુર્તિ ચિંતામણિ છે. તેમાં જે જે પદાર્થ ચિન્તવે તે તે પ્રાપ્ત થાય છે.

કિર્તન

નેણ ને જોઈ નેણ ને જોઈ વાલા તારા નેણા ને જોઈ
રહયુ મારૂ મનડું મોહી વાલા તારા નેણા ને જોઈ નેણને...
નેણા મારા ચિત માં ચોટયા શ્વેતાયન વ્યાસ જો
નીરખતા નેણે મારી આંખલડી ભરાણી જો નેણને...
નેણા કેરા બાણે મારી પ્રાણ જીવન નાડ જો
લોચનીયા તરસે છે મારા શ્વેતાયન વ્યાસ જો નેણને...
માથે શોભે છે પાઘ મનોહર ગજરા શોભે ગુલાબી જો
મંદ હાસ્ય કરે પ્રભુ શ્વેતાયન વ્યાસ જો નેણને...
કામદેવ ના ગર્વને હારે મુખડુ શોભે રૂપાળુ જો
કુમકુમ કેરો ચાંદલો શોભે ભાલે તિલક વિશાળે જો નેણને...
જામો જરીયા ને ધર્યો સોનેરી સુરવાળ જો
કનક છડી ધારી રહયા ચીબુકડી રૂપાળી જો નેણને...
અલબેલે મુને બાથ માં લીધી પ્રાણ જીવન નાથ જો
હેતે હુ તો ભેટી પડી અલબેલે અવિનાશી જો નેણને...
ઝાણ ઝાણ ઝાણ ઝાંઝર વાગે પ્રગટ પ્રભુને આજ જો
શંકર શંભુ સંખનાદ કરે શ્વેતાયન ને દ્વારે જો નેણને...
મુખડુ શોભા ધરે વાલા નુ મુનિવર ધ્યાન જો
દયા કરી દર્શન આપે શ્વેતાયન વ્યાસ જો નેણને...
લટકા કરતા નાથ શોભે છે દાસને દર્શન આપે જો
રમાણીય મુર્તિ શોભે શ્વેતાયન વ્યાસ જો નેણને...

કિર્તન

નિરખી છબી શ્વેતાયન ની ધ્યાન ધરી ને મન માં રે
જોઈ સુંદરતાં શ્વેતાયન ની શિતળ કોમળ તન માં રે

નિરખી....

દિવ્ય ચિહનો શોભી ઉઠાતા વાલા તારા રૂપ રંગ માં રે
જોઈ દિવ્યતાં વદન કમળ ની અલૌકિકતા અંગ માં રે

નિરખી....

ભાલે તિલક ચાંદલો ભારી ભાલ અતિ તેજવાળુ રે
નિરખી નયન શ્યામ ભૂકુટી મુંખલડું રૂપાળુ રે

નિરખી....

ફુલ નાં હાર ને ફુલ નાં તોરા ફુલ નાં આભુષણો રે
દર્શન કરતાં આનંદ પામી ઉર માં અતિ ઘણો રે

નિરખી....

વાલા તારા કર કમળા છડી શોભે ખુબ સારી રે
જમણા કર માં માળા ધારી ફેરવાતા સુખકારી રે

નિરખી....

વાલા તારી ચાલ ચટકતી જગ થકી કાંય ન્યારી રે
અંતર માં હુ લવું ઉગારી લાગે મને બહુ પ્યારી રે

નિરખી....

પ્રગટ તમારી મુરતિ પ્યારી અત્યંત સુખકારી રે
દાસ કહે હવે દર્શન દેજો આશા ઉર એવી ધારી રે

નિરખી....

જે ને સાક્ષાત ભગવાનની પ્રાપ્તિ થઈ છે. તેની તો ભગવાન રક્ષા કરે છે.

કિર્તન

નાચો રે ગાવો રે શ્વેતાયન પ્રગટીયા

અબીલ ઉડાળો ગુલાલ ઉડાળો

ફુલડા વરસાવો રે શ્વેતાયન પ્રગટીયા

દિપ પ્રગટાવો ધુપ કરાવો

અતર છંટાવો રે શ્વેતાયન પ્રગટીયા

હિંડોળો શણગારો તોરણ બંધાવો

પ્રેમે ઝુલાવો રે શ્વેતાયન પ્રગટીયા

દિવડા પ્રગટાવો મંડપ બંધાવો

રંગોળી પુરાવો રે શ્વેતાયન પ્રગટીયા

શેરી શણગારો ગામને શણગારો

ચોકમાં ગુલાબ રોપાવો રે શ્વેતાયન પ્રગટીયા

કંભરા માતાના ગોપાલ દેવનાં

લાલ દુલારા રે શ્વેતાયન પ્રગટીયા

ઓગણીશો એકસઠ આસો વદી આઠમે

કુંકાવાવ ગામમાં રે શ્વેતાયન પ્રગટીયા

આરતી ઉતારો નૈવેધ ધરાવો

બ્રહ્મ રસ પીવો રે શ્વેતાયન પ્રગટીયા

રમો નાચો ગાવો અશ્વિન ગવરાવે

દેવો ફુલડે વધાવે રે શ્વેતાયન પ્રગટીયા

કિર્તન

પ્રગટ ભગવાન ને વિનવું રે લોલ

દર્શન આપો ને મહારાજ મારા વ્હાલા

આસો વદી આઠમ પ્રભાતડી રે લોલ

પ્રગટ થયા છે ભગવાન મારા વ્હાલા

દેવાણી કુળ માં દીવા બળે રે લોલ

કંમરમાતા હરખાય મારા વ્હાલા

દેવો તે ફુલની વૃષ્ટિ કરે રે લોલ

આકાશમાં દૂદુંભી વાગે મારા વ્હાલા

પિતાએ જોષીડા તેડાવ્યા રે લોલ

રાખ્યા કુંવરજી નામ મારા વ્હાલા

ઘુંટણીયા ભરી વ્હાલો ચાલતા રે લોલ

કંદોરો ઘમઘમ થાય મારા વ્હાલા

દર્શન દેવાને વ્હાલો આવીયા રે લોલ

દાસી જયા ને આજ મારા વ્હાલા

પ્રગટ ભગવાન ને વિનવુ રે લોલ

દર્શન આપોને મહારાજ મારા વ્હાલા

ગ્રહસ્થે દેહે કરીને વ્યવહાર કરવો, મન વડે ત્યાગી ની પેઠે રહેવું.
વ્યવહાર ભગવાનના વચને કરીને કરવો.

કિર્તન

પ્રગટ શ્વેતાયન રે કુંકાવાવ વાળા
વાલા શ્વેતાયન રે કુંકાવાવ વાળા
કલમ ધારી છે અવતારી શ્વેતાયન રે કુંકાવાવ વાળા
પ્રગટ.....

ભાગવાં નિમિત ધરી શ્વેતાયન હરિ
કાશી જઈ ને વિદ્યા ભાણીયાં સર્વોપરી
વિદ્યા મુર્તિ છે કલમ ધારી શ્વેતાયન રે કુંકાવાવ વાળા
પ્રગટ.....

બેઉ કરમાં તે કલમ ધારે અવતારી
શાસ્ત્રો રચે છે શ્વેતાયન સુખકારી
કલમ ચલાવે છે ન્યારી શ્વેતાયન રે કુંકાવાવ વાળા
પ્રગટ.....

શાસ્ત્રો રચીને આખા વિશ્વને આપીયાં
વિશ્વનાં મહા વિધ્ધવાનો એ વાંચીયા
વાંચયાં છે ઉર માં ઉતારી શ્વેતાયન રે કુંકાવાવ વાળા
પ્રગટ.....

વાચી વાચી ને વિધ્ધવાનો થાય રાજી
ઓળખ્યાં અમો એ વ્યાસો ના વ્યાસજી
અદભૂત રચના તમારી શ્વેતાયન રે કુંકાવાવ વાળા
પ્રગટ.....

શાસ્ત્રો રચીયાં છે વાલે કલ્યાણ કારી
વાંચે શાંભળે તેની મોક્ષ ગતિ ન્યારી
મોક્ષ કરે છે સુખકારી શ્વેતાયન રે કુંકાવાવ વાળા
પ્રગટ.....

ગુણગાન ગાયવાલા ભકતો તમારા
કોટી વંદન વ્હાલાં ચરાણે તમારા
જગમાં છે જય તમારી શ્વેતાયન રે કુંકાવાવ વાળા
પ્રગટ.....

કિર્તન

પરમધામ થી પ્રભુ પધાર્યા શ્વેતાયન હરિ વ્યાસ રે હો
શ્વેતાયન હરિ વ્યાસ રે હો
મહિમા અપરંમ પાર તમારો (૨)
કોઇ શકયું નવ જાણી રે હા કોઇ શકયું નવ જાણી રે હો
પરમ.....

અનંત અવતાર ધર્યા ને ધરો છો (૨)
પ્રભું તમે છો અવતારી રે હાં પ્રભુ તમે
પરમ.....

અગણિત પ્રભુ ઐશ્વર્ય તમારા (૨)
એતો દિસે છે વારી વારી રે હો એતો દિસે છે વારી વારી રે હો
પરમ.....

જે બ્રહ્મ સાક્ષી જળ ચેતન માં (૨)
વસો છો તમે રૂપ ધારી રે હો વસો છો તમે રૂપ ધારી રે હો
પરમ.....

અપાર શકિત આપ ની હરિવર (૨)
સર્વત્ર શકિત તમારી રે હા સર્વત્ર શકિત તમારી રે હો
પરમ.....

પ્રભુ પરમેશ્વર વિશ્વ વિધાતા (૨)
રાખજો શરણે તમારી રે હો રાખજો શરણે તમારી રે હો
પરમ.....

વિદ્યા સ્વરૂપ સત શાસ્ત્ર સુ રૂપ (૨)
શ્વેતાયન હરિ વ્યાસ રે હો શ્વેતાયન હરિ વ્યાસ રે હો
પરમ.....

કૃપા કરો વાલા રાજી રે થઈ ને (૨)
પરમ કૃપાળુ સુખકારી રે હો પરમ કૃપાળુ સુખકારી રે હો
પરમ.....

દાસ કહે ચરણો ની સેવા રે દેજો (૨)
સર્વોપરી અવતારી રેહો સર્વોપરી અવતારી રે હો
પરમ.....

ભગવાન સર્વે મનુષ્યને પ્રત્યક્ષ દર્શન આપે છે.
ત્યારે જીવના ઇન્દ્રિયો અંતઃકરણ પુરુષોતમ રૂપે થઈ જાય છે.

કિર્તન

પ્રભુ પ્રગટ થયા કુંકાવાવ માં
માતા કંભરા ઝુલાવે પ્રભુ ને પારણે
ઝુલો ઝુલો કુંવરજી કાન આજે
પ્રગટ થયા કુંકાવાવ માં રે
આસો વદ આઠમ પ્રભુ પ્રગટ થયા
પ્રભુએ નિરધારયુ છે રહેવુ સંત મંડળ માં રે....
આનંદ ઉર ન માય સંત સ્વરૂપે નારાયણ પોતે રહયા
પ્રગટ થયા કુંકાવાવ માં રે
સદા ગ્રંથો રચીયા છે સત યુગના રે
સર્વોપરી ઉપાસના પ્રભુએ પ્રગટાવી
આજે આનંદ ઉત્સવ જય જય થાય
પ્રભુ પ્રગટ થયા કુંકાવાવ માં રે
શરણાગતિ ઝુલાવે પ્રભુને પારણે
સર્વ ધામો માં આજે આનંદ મંગળ થાય
ગાયે દાસ ગોવિંદ સદા નિજ સેવા માં રાખો
પ્રભુ પ્રગટ થયા કુંકાવાવ મા રે.

કિર્તન

પ્રગટ મારા પારણીયે ઝુલે રે, વાલો મારો પારણીયે ઝુલે રે
ઝુલાવે શરણાગતિ ની નારી, (૨) ..... પ્રગટ મારા
પ્રગટ તમને રમકડાં બહુ વ્હાલા
કંભરામાતા ઘુઘરડો વગાડે, (૨) ..... પ્રગટ મારા
પ્રગટ તમને માખણ મિસરી વ્હાલા
કંભરામાતા દુધના કટોરા લઈ આવે, (૨) ..... પ્રગટ મારા
પ્રગટ તમને પિતાંબર બહુ વ્હાલા
કંભરામાતા પીળી પીળી પાંભડી ઓઢાળે, (૨) ..... પ્રગટ મારા
પ્રગટ તમને પારણીયું બહુ વ્હાલું,
પ્રગટ તમને હાલરડું બહુ વ્હાલું,
કંભરામાતા હીરની દોરીએ હિંચોળે (૨) ..... પ્રગટ મારા
પ્રગટ તમને શરણાગતિ બહુ વ્હાલા
શરણાગતિ કોડે કોડે લાડ લડાવે ..... પ્રગટ મારા

કિર્તન

પ્રભુ પ્રગટ થયા તે સહુ સાંભળો રે લોલ
શરણાગતિ ની અલોકિક રીત
ગુણ ગાઈએ પવિત્ર ગોપાળકુંવર ના રે
સોરઠ દેશ માં કુંકાવાવ ધામ છે રે
પટેલ ગોપાળ દેવને ઘેર
પ્રભુ પ્રગટ થયા તે સહું સાંભળો રે લોલ
આવ્યા નિજ ધામથી ધરીને દેહને રે
પ્રગટયા કંભરાદેવી ને ભુવમ
ગુણ ગાઈએ પવિત્ર ગોપાળકુંવર ના રે
ધામ થકી પ્રભુજી પધારીયા રે
પુરા કરવા શરણાગતિ ના કોડ
ગુણ ગાઈએ પવિત્ર ગોપાળકુંવર ના રે
કાશી નગર માં વિદ્યા મેળવીને રે
સીધાવ્યા શ્વેતાયન વ્યાસ જુનાગઢ
ગુણ ગાઈએ પવિત્ર ગોપાળકુંવર ના રે
જુનાગઢ થી રાજકોટ પધારીયા રે
રાજકોટ બંધાવ્યુ મંદિર
ત્યાં મુર્તિ પધરાવી પ્રગટ પ્રભુની રે
પ્રભુ ધામ થકી પધાર્યા છે રે
સાથે લાવ્યા છે નિજ મુકત મંડળ
ગુણ ગાઈએ પરમધામ પતિના રે
મુકતો શરણાગતિ સ્વરૂપે છે રે
પ્રભુ દિવ્ય સ્વરૂપે જુનાગઢ
પ્રભુ પ્રગટ થયા છે કુંકાવાવ ધામમાં રે
શરણાગતિને શ્રી હરિએ સેવીયા રે
પધરાવીયા કુંકાવાવ નાથ
ગુણ ગાઈએ પરમધામ ના પતિના રે

કોઈ પ્રકારે અભિમાન રાખવું નહીં એજ ભગવાન ને રાજી કર્યા નો ઉપાય છે.

દિવ્ય મહેલ બંધાવ્યો પ્રભુ પ્રગટ નો રે
પ્રગટ બિરાજે કુલવાડી ધામ
પ્રભુ આનંદ વરસાવે કુલવાડી એ રે
દિવ્ય લિલા કરે છે કુલવાડી એ રે
ત્યાં નિત્ય બિરાજે શ્રી હરિ અખંડ
પ્રભુ પ્રગટ બિરાજે કુલવાડી એ રે
કુલવાડી એ બ્રહ્મ મહેલ બાંધી ને રે
કર્યા અનંત જીવો ના કલ્યાણ
પ્રભુ અખંડ બિરાજે કુલવાડી એ રે
સતાવન ગ્રંથ પ્રભુજી એ રચીયા રે
જગત જીવો ને કર્યા સુગમ
ગુણ ગાઈએ પ્રગટ શ્વેતાયન વ્યાસ ના રે
કાશી પંડિતે ને પાછા વાળીને રે
આપ્યો શુધ્ધ સનાતન ઉપદેશ
ગુણ ગાઈએ પવિત્ર ગોપાળ કુમાર ના રે
કળી મધ્યે સ્થાપ્યો નિજ ધર્મ ને
શરણાગતિ એ આપી ઓળખાણ
પ્રભુ પ્રગટ પધાર્યા કુલવાડીએ રે
પ્રગટ મળ્યા શ્રી હરિ શરણાગતિ ને રે
આપ્યો પરમધામ માં ભાગ
ગુણ ગાઈ એ છે શ્રી હરિ શરણાગતિ રે

કિર્તન

પ્રગટ થયા પ્રભુ કુંકાવાવ ધામ રે
માતા કંભરા પિતા ગોપાળ તાત રે
સોરઠ દેશ માં ધર્યો અવતાર રે
આઠમ અંધારી રૂડો આસો માસ રે
તેડાવો જોષી ને પુછાવો નામ રે
નામ ધર્યુ રૂડુ કુંવરજી રે
મુખડુ શોભે અતિ બાલુડે વેશ રે
સુંદર ભૂરા માથે નાના છે કેશ રે
લલાટે તિલક પ્રભુ ને સોહાય રે
હાથ મા રેખા નો નહી પાર રે
અનંત જીવ ના કલ્યાણ કરવા રે
શ્વેતાયન રૂપે પ્રભુ પધાર્યા રે
કુંકાવાવ ના વાસી જુનાગઢ બીરાજે રે
ભકતો ને દર્શન સુખ દેવા કાજે રે
પ્રગટ શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ રે
ભકતો બોલાવે સાદ કરી આજ રે
આવો આવો પ્રભુ પ્રાણ આધાર રે
શ્રી હરિ શરણાગતિ મંડળ ના નાથ રે

અંતકાળે તો ભગવાનનો દ્રઢ આશરો તેજ કામમાં આવે છે.

કિર્તન

પ્રગટને પામવા કાજે ભજે છે, લોક સહુ આજે
નિરંતર સ્નેહથી સમરે, પ્રગટ સુખ પામવા કાજે
.... પ્રગટ

કરે સહું પ્રાર્થના મહારાજ, સદા અમ સાથમાં રહેજો
અવિચળ પામવા કાજે, પ્રભુ ભજન કરે સહું સહેજે
..... પ્રગટ

મિથ્યા સુખ માયા તજી, ભજ્યા પ્રગટ હરિને
ગીધ, ગણીકા, કપિ, ગોપી, પ્રગટથી ધામ બિરાજે
..... પ્રગટ

કાળી નાગના વિષ ઉતારીને, આપ્યા છે અતિ સુખ
જીવતાણાં દુઃખ કાપીને, મોઝ આપ્યો મહારાજે
.... પ્રગટ

કરી અંતરની વાતો, પ્રગટ મહારાજે
દેવોને દુર્લભ વળી તે, પામી વંથલી આજે
...પ્રગટ

જાણ્યું મૂર્તિ પ્રતિષ્ઠામાં, પ્રગટ પ્રમાણ બિરાજે
તે વિના બીજા એવા, થંભી ધન ઉપર ગાજે
.... પ્રગટ

વળી પરચો દીધો એવો, લક્ષ્મીનાં મેહુલા આવ્યા
ભર્યા ભંડાર ભરપુર, પ્રગટ મહારાજે
.... પ્રગટ

શ્વેતાયન વ્યાસ પ્રગટ રાજે, ચિન્હ સહિત છોગાળો
કૃષ્ણ અનાદિ સ્વામી, નિજ શરણાગતિ કાજે
....પ્રગટ

કૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામી પ્રગટ, રાજેશ્વર રાજે
ગુરુ કીધા પ્રગટ પ્રભુને પરમ શાંતિ પીવા કાજે
.....પ્રગટ

કિર્તન

પ્રભુ પ્રગટ થયા સોરઠ દેશમાં રે લોલ

કરવા ભકતજનો ના કલ્યાણ અવતારી ... પ્રભુ

ધર્યો અવતાર ને સાધુ રૂપે વિચર્યા રે લોલ

તેને ઓળખી શકે તે પુણ્યવાન અવતારી ... પ્રભુ

જેણે ધર્મ ની ઈમારતો બંધાવ્યું રે લોલ

તે તો જાણે સંતને મહંત અવતારી ... પ્રભુ

જેણે અધર્મ ના મુળ ઉખેડીયા રે લોલ

તેણે સ્થાપ્યો છે ધર્મ દેશો દેશ અવતારી ... પ્રભુ

જેણે પરચા આપી પોતાના કર્યા રે લોલ

તે તો જાશે પરમધામ અવતારી ... પ્રભુ

જેણે સંત ને ધર્મ ગ્રંથ ભાણાવ્યો રે લોલ

સૌને ઓળખવા પ્રગટ ભગવાન અવતારી ... પ્રભુ

જેણે ભાણી ને ન ઓળખ્યા ભગવાન ને રે

ઓલા અભાગે ઓળખ્યા ભગવાન અવતારી ... પ્રભુ

દાસ રાણછોડ કહે જેને ઓળખ્યા રે લોલ

તેનો સફળ થયો અવતાર અવતારી ... પ્રભુ

જયાં પ્રત્યક્ષ ભગાવન રહયા છે ત્યાજ પરમધામ છે.

કિર્તન

પ્રથમ વિચાર સહુ કરજો, વિકટ છે માર્ગ પ્રગટ નો

પછી ડગલુ સહુ ભરજો, વિકટ છે માર્ગ પ્રગટ નો

દુઃખો ના પહાડ ઉતરશે, જગત નિંદા બહુ કરશે

પ્રભુ કાંઈ એમ ના મળશે, વિકટ છે માર્ગ પ્રગટ નો

પ્રશંસા આજ જે કરશે તે કાલે શત્રુ થઈ ફરશે

દુરીજન સંગતે રહેશે, વિકટ છે માર્ગ પ્રગટ નો

સગા સ્નેહી વિરૂધ્ધ થાશે, ન કોઈને સત્ય સમજાશે

કસોટી મા જીવન જાશે, વિકટ છે માર્ગ પ્રગટ નો

જરા જો લોક થી ડરશો તમે પાછા જરૂર પડશો

ન સાચી મુકિત મેળવશો, વિકટ છે માર્ગ પ્રગટ નો

ખરા ભકતો નથી ડરતા, કદાપી ફાંસી એ ચડતા

પ્રભુજી એમને મળતા, વિકટ છે માર્ગ પ્રગટ નો

શ્રીહરિ શરણાગતિ મંડળો, ઓળખ્યા આજતો તમને

તેઓ ને શરણ માં લેતા, વિકટ છે માર્ગ પ્રગટ નો

ન પરવા લેશ પણ જેને, પ્રિતી શ્રી હરિજી માં તેને

કહે દાસ જયંતી તમને, વિકેટ છે માર્ગ પ્રગટ નો

કિર્તન

પ્રિતી બાંધી શ્વેતાયન ની સાથે રે અનાદિ કૃષ્ણ ની સાથે રે

શ્વેતાયન ને નહી ભુલુ રે...

નહી ભુલુ નહી ભુલુ નહી ભુલુ રે

લાગ્યો મને પ્રગટ કેરો રંગ રે, મારા હૈયા માં ઉમંગ રે

શ્વેતાયન ને નહી ભુલુ રે...

શ્વેતાયન વ્યાસ મારા હૈયાના હાર છે

એતો મારા નેણો ના શણગાર રે મારા નેણો ના શણગાર રે

શ્વેતાયન ને નહી ભુલુ રે...

શ્વેતાયન વ્યાસ મારા રૂદિયા ના સ્વામી

રાખ્યો મારા હૈયા માં વિશ્વાસ રે મારા હૈયા માં વિશ્વાસ રે

શ્વેતાયન ને નહી ભુલુ રે...

શ્વેતાયન વ્યાસ મારા મનડા ના મોર છે

એ તો મારા ચીતલડા ના ચોર રે મારા ચીતલડા ના ચોર રે

શ્વેતાયન ને નહી ભુલુ રે...

શ્વેતાયન વ્યાસ ની મને લગની રે લાગી

લાગ્યો મને ભકિત કેરો રંગ રે મને ભકિત કેરો રંગ રે

શ્વેતાયન ને નહી ભુલુ રે...

શ્વેતાયન વ્યાસ મારા હૃદય કમળ માં રહેજો

રાખજો મને તવ ચરણો ની પાસ રે વાલા તવ ચરણો ની પાસ રે

શ્વેતાયન ને નહી ભુલુ રે...

ભગવાન નો નિશ્ચય પોતાના જીવ ના કલ્યાણ અર્થે
કરવો પણ કોઈ પદાર્થની ઈચ્છા એ કરીને ન કરવો.

કિર્તન

પરમધામ થી પ્રગટ પધારીયા,
મહા મુકતો ને સંગે લાવીયા જી રે પરમધામ ...
કુંકાવાવ ધામ છે અનાદિ શ્રી કૃષ્ણનું
બાળ સ્વરૂપે ત્યાં પ્રગટીયા જી રે, પરમધામ ...
તિરથ ધામમાં બ્રહ્મ પેલેસ છે
નિજ સ્વરૂપે ત્યાં વસીયા જી રે, પરમધામ ...
કાશી ધામ છે મહા પંડિતો નું
ભાગવા નિમિતે ત્યાં વસીયા જી રે, પરમધામ ...
સભા ભરી ને મહા પંડિતો હરાવીયા
શ્વેતાયન વ્યાસ કહેવાયા જી રે, પરમધામ ...
જુનાગઢ ધામ છે કૃષ્ણ વલ્લભાચાર્યજી નું
સંત સ્વરૂપે ત્યાં રહેતા જી રે, પરમધામ ...
શ્વેતાયન વ્યાસ તમે શાસ્ત્રો રે રચીયા
દિવ્ય દર્શન ભકતો ને આપીયા જી રે, પરમધામ ...
કુલવાડી ધામ છે પ્રગટ પ્રભુ નું
સાક્ષાત દર્શન ભકતો ને થાય છે જી રે, પરમધામ ...
પુના તો ધામ છે મહામુકતો નું
અક્ષર બ્રહ્મ ત્યાં વસીયા જી રે, પરમધામ ...
દાસ પ્રદિપ ના વ્હાલા શ્વેતાયન
સદાયે સંગે રહેજો જી રે, પરમધામ ...
પરમધામ થી પ્રગટ પધારીયા,
મહા મુકતો ને સંગે લાવીયા જી રે પરમધામ ...

કિર્તન

પ્રગટનો રંગ મને લાગ્યો મારા વ્હાલા
પ્રગટનો રંગ મને લાગ્યો રે લોલ
ચાલોને દર્શને જઈએ શ્વેતાયન
કુલવાડી ધામ માં બિરાજે રે લોલ
મોર મુંગટ ને કાન માં કુંડળ
ભાલ પર તિલક અતિ શોભે રે લોલ
પીળા પિતાંબર જરકશી જામા
ગુલાબ ના હાર અતિ શોભે રે લોલ
કેવા શોભે છે મારા અનાદિ શ્રી કૃષ્ણ
કુલવાડી ધામ માં બિરાજે રે લોલ
ચરણો માં ઝાંઝર ને કેડે કંદોરો
હથેળી માં ચિન્હો અતિ શોભે રે લોલ
કેવા શોભે છે મારા અનાદિ શ્રી કૃષ્ણ
કુલવાડી ધામ મા બિરાજે રે લોલ
શરણાગતિ ના નાથ લાગે કૃપાળા
જોઈ જોઈ ભકતો નાચે રે લોલ

આપણે પ્રોઢા ભકિત કરવી, કેવળ ભગવાન ના ગમતામાં રહેવું.

કિર્તન

પ્રગટ તારી લીલા અપરમ પાર જી

લીલા અપરમ પાર તેને કોઇ જાણી ન શકે લગાર પ્રગટ.....

કૃષ્ણમાચાર્યજી ને દર્શન આપ્યા લગ્ન ટાણે તત્કાળજી

શિખર મંદિરમા ચરાર્ણાવિંદો જોયા વચલા ડેરાની માય પ્રગટ.....

ભરી સભા માં દિવ્ય સુગંધ આપી પરચો પુર્યો બીજો ત્યાયજી

તા. ૨૮-૧૨-૮૬ના પ્રભુ પરચો પુર્યો છે અપાર પ્રગટ.....

પ્રમુખ કરશનભાઈ ને પરચો આપ્યો પુજામાં બેઠા ત્યાંય

ઘોર કળીયુગ માં પરચા આપે માને છે ત્યારે સાક્ષાત પ્રગટ.....

શરણાગતિ ની નજરૂ રાખે દુઃખ ન પડે લગારજી

દુઃખ પડે ત્યારે દર્શન આપે સુખી કરે છે સદાય પ્રગટ.....

પરચા આપી ને તમે વશ કર્યા છે જોબનપગી જેવા આજ જી

દેશ વિદેશ માં પરચા આપે પ્રગટ શ્વેતાયન વ્યાસ પ્રગટ.....

લક્ષ્મીનારાયણ સંહિતા માં ત્રિકાળ ભાખ્યુ વાંચે ત્યારે સમજાય જી

આજ ની વાત તમે વરસો પેલા લખી તાજી કરી તત્કાળ પ્રગટ.....

ફુલવાડી માં વાલો અખંડ બિરાજે સમજી લેજો સાક્ષાતજી

ધામ ના ધણી પોતે પધારે ત્યારે કસર ન રહે કાંઇ પ્રગટ.....

કરવા ભકતો ના કાજ સમરે તો હાજર છે મહારાજ જી

નિશ્ચય કરી ને સહુ જાણી લેજો હજરા હજુર છે મહારાજ પ્રગટ.....

ચિન્હો ભરેલી મુર્તિ તમારી બીજી જડે નહિ જગમાંયજી

દાસ રાણછોડે નિરખ્યા શ્વેતાયન નિહાલ થયો છુ આજ પ્રગટ.....

કિર્તન

પ્રેમ થી પુકારું એક નામ એવા મારા પ્રભુ શ્વેતાયન નું
વારંવાર કરું હું પ્રાણામ એવા મારા પ્રભુ શ્વેતાયન નું
પ્રેમ થી પુકારું એક નામ.....

ઢુકળા માં ઢુકળો હરિ હવે ઢુકળો
દુનિયા ને સમજાવો એ સાર એવા મારા પ્રભુ શ્વેતાયન
પ્રેમ થી પુકારું એક નામ.....

કુંકાવાવ ગામ છે ને શ્વેતાયન નું ધામ છે
ફુલવાડી પ્રભુજી ના છે ધામ એવા મારા પ્રભુ શ્વેતાયન
પ્રેમ થી પુકારું એક નામ.....

એક હાથે માળા ને બીજા હાથે લાકડી
ભકતો ના રૂધ્યિા ના રાજ એવા મારા પ્રભુ શ્વેતાયન
પ્રેમ થી પુકારું એક નામ.....

શરણાગતિ મંડળ ની સાંભળજો વિનંતી
રાખજો ચરણો ની પાસ એવા મારાપ્રભુ શ્વેતાયન નું
પ્રેમથી પુકારું એક નામ.....

પોતાના સ્વાર્થની કાઈપણ યુકિત આડી રાખવી નહીં,
કેવળ ભગવાનેજ રાજી કરવા ઈચ્છવું

કિર્તન

પરમ કૃપાળુ વાલા પ્રભુ શ્વેતાયન અવતાર ધરીને તમે આવ્યાં રે
કંભરા ગોપાળ દેવ ઘેર પ્રગટ થયાં
બાળ રૂપે ત્યાં રહીયાં રે પરમ કૃપાળુ.....
સર્વોપરી વિદ્યા તમે કાશી માં ભાણીયા
વિદ્યા મુરતિ કહાવ્યાં રે પરમ કૃપાળુ.....
વિશ્વ વિધ્વંતો ની સભા ઓ જીતીયાં
વિશ્વ માં ડંકા વગાડાવ્યાં રે પરમ કૃપાળુ.....
શાસ્ત્રો માં સતાવન રચી ને આપીયા
જગત નાં કલ્યાણ કરવારે પરમ કૃપાળુ.....
કથા કરી ને જ્ઞાન ઉપદેશ આપીયાં
અ ગણિત જીવો ને તારીયાં રે પરમ કૃપાળુ.....
ભારત ભુમિ નાં સર્વો તિર્થો માં ફરીયાં
તિર્થો ને પાવન કરીયાં રે પરમ કૃપાળુ.....
મંદિર બંધાવી નીજ સ્વરૂપ પધરાવ્યા
મુર્તિ માં અખંડ વસીયાં રે પરમ કૃપાળુ.....
પરચા અપાર આ ભૂમિ માં પુરયા
અનેક ચમત્કાર કરીયાં રે પરમ કૃપાળુ.....
ચિહન ચરિત્ર ભકતો ને દશાર્વ્યા
નિજ સ્વરૂપ ઓળખાવ્યાં રે પરમ કૃપાળુ.....
દેવો ને પણ જેના દર્શન છે દુર્લભ
એવા શરણાગતિ ને મળીયાં રે પરમ કૃપાળુ.....

કિર્તન

પ્રાર્થના અમારી ઉરધરો શ્વેતાયન પ્રાર્થના અમારી ઉરધરો
અમે કહેવાય તમારા બાળ શ્વેતાયન પ્રાર્થના અમારી ઉરધરો
અમારી ભુલો ક્ષમા કરીને અમારી ભુલો ક્ષમા કરીને
ચરણ સેવામાં રાખો શ્વેતાયન પ્રાર્થના અમારી ઉરધરો
કાલમાયા પાપ કર્મથી રક્ષા કરી
ત્રીવીધી તાપથી બચાવો શ્વેતાયન પ્રાર્થના અમારી ઉરધરો
કુસંગી નાસ્તિકો થી દુરરાખી
પ્રગટ સંત ભેટાડો શ્વેતાયન પ્રાર્થના અમારી ઉરધરો
માત તાત ગુરૂબંધુ તમે થાવ
સત્સંગી કુંટુંબીઓ થાવ શ્વેતાયન પ્રાર્થના અમારી ઉરધરો
માલ મિલ્કત ધન બાર ખોરડા
પરમ ધામ થાય શ્વેતાયન પ્રાર્થના અમારી ઉરધરો
હર પલ હર ઘડી ત્રાણે અવસ્થામાં
મૂર્તિ તમારી દેખાડો શ્વેતાયન પ્રાર્થના અમારી ઉરધરો
સંત મંડળના કામય ઉતારા
અમારી ઘેર થાય શ્વેતાયન પ્રાર્થના અમારી ઉરધરો
રોજ કથા કિર્તન તમારા કરી
બ્રહ્મ રસ તમારો પાજો શ્વેતાયન પ્રાર્થના અમારી ઉરધરો
દાસ અશ્વિન શીશ નમાવે
પ્રાર્થના અમારી ઉરધરો શ્વેતાયન પ્રાર્થના અમારી ઉરધરો

આપાગે તો અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ના દાસ છીએ
તે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ના ચરણારવિંદ વિના બીજે કયાય પ્રિતિ રાખવી નહીં

કિર્તન

પ્રગટ પ્રભુ ને જાવું પારણે રે લોલ

પારણે જુલે છે કાન કુંવરજી ..... પ્રગટ પ્રભુ.....

પારણુ બનાવ્યુ માર પ્રેમ નું રે લોલ

પ્રેમ થી જૂલે છે ગોપાલ નંદ રે ..... પ્રગટ પ્રભુ.....

પારણે બાંધ્યો છે મેતો મોરલો રે

મોરલો બનાવ્યો મારા મન નો રે ..... પ્રગટ પ્રભુ.....

દોરી બનાવી મારા દિલ ની રે

પારણે જુલાવી મારા લાલજી રે ..... પ્રગટ પ્રભુ.....

દર્શન કરે છે કોટી દેવીયો રે લોલ

સુખ આપે છે કંભરા બાળ રે ..... પ્રગટ પ્રભુ.....

કોટી સ્વરૂપે દર્શન આપતા રે લોલ

ઘડી હસ્તા ને ઘડી રડતા ..... પ્રગટ પ્રભુ.....

બાલ સ્વરૂપ માં મોક્ષ કરીયા રે લોલ

શરાણે લીધી છે નરનારી જાત રે ..... પ્રગટ પ્રભુ.....

દાસ રમેશ ગુણ ગાય છે રે લોલ

રાજી કરવા બાલકૃષ્ણ નાથ રે ..... પ્રગટ પ્રભુ.....

કિર્તન

પ્રગટ ભગવાન તમે શ્વેતાયન વ્યાસ છો
શરણાગતિ નાં તમે તારણ હાર છો
દુઃખીયો નાં દુઃખ હરનાર શ્વેતાયન અવતારી નાથ છો
વિપત પડે ત્યારે દર્શન દિયો છે
સેવા સ્વીકારી તમો વિઘ્ન દુર કરો છો
કુંજ દ્રષ્ટિ એ સેવો છો સદા શ્વેતાયન અવતારી નાથ છો
દેશ વિદેશ તમે દર્શન આપો છો
ગુલાબ પાખડી મોકલી દુઃખ દુર કરો છો
સુગંધે સુખ શાંતી થાય શ્વેતાયન અવતારી નાથ છો
ભકતો ના મનોરથ પુરા રે કરવા
સર્વોપરી ઉપાસ ના શુધ્ધ રે કરવા
પ્રગટીયા કુંકાવાવ ધામ શ્વેતાયન અવતારી નાથ છો
ભગવુ પહેરાવી તમે સંત દિક્ષા આપી
મોક્ષ તણા તમે વરદાન આપી
ભકિત તમારી મોક્ષકારી શ્વેતાયન અવતારી નાથ છો
શરણે આવે તેના દુઃખ દુર કરો છો
જન્મ મરણ ના ફેરા ટાળી રે દિયો છો
વાસ આપો છો પરમધામ શ્વેતાયન અવતારી નાથ છો
કથા કરી ને તમે અમૃત પાયા છે
સેવા સ્વીકારી તમે ભકતો રાજી કર્યા છે
કૃષ્ણ વલ્લભાચાર્યજી મહારાજ શ્વેતાયન અવતારી નાથ છો
અવની ઉપર આવી ભવપાર ઉતાર્યા
ગામો ગામે ફરી ભૂમિ પાવન કરી
દાસ અશ્વિન જાય છે વારી શ્વેતાયન અવતારી નાથ છો

પ્રત્યક્ષ ભગવાનમાં તથા સંતમાં અતિશ્રધ્ધા અને દ્રઢવિશ્વાસ તથા
દિવ્ય ભકિત હોય તો છતે દેહેજ બ્રહમરૂપ થઈ જાય છે.

કિર્તન

ફુલવાડી માં વાલો વિચરતા રે લોલ

ભકતો ની જુએ વાલો વાટ જો શ્વેતાયન ના સ્નેહ મને સાંભળે રે લોલ

ભકતો ને જોઈ થાતા ઉતાવળા રે લોલ

ભેટે મળી ભરી બાથ જો શ્વેતાયન ના સ્નેહ મને સાંભળે રે લોલ

કંકાવટી ને કાઠે ગામડે રે લોલ

ભકતો ની જામે ભીડ જો શ્વેતાયન ના સ્નેહ મને સાંભળે રે લોલ

સભા ભરી ને વાલો બેસતા રે લોલ

કિર્તન ગાય સ્વમુખ જો શ્વેતાયન ના સ્નેહ મને સાંભળે રે લોલ

ગાતા વાજીંત્રો સાથે મંડળી રે લોલ

લટકા કરી ને પોતે ગાય જો શ્વેતાયન ના સ્નેહ મને સાંભળે રે લોલ

રાસલીલા માં પોતે ફરતા રે લોલ

દેતા સૌને અનેરો આનંદ જો શ્વેતાયન ના સ્નેહ મને સાંભળે રે લોલ

ફુલવાડી માં બોરડી નીચે રે લોલ

ખાંટ ઢળાવી બેસે બાર જો શ્વેતાયન ના સ્નેહ મને સાંભળે રે લોલ

ભકતો ની અરજી સાંભળતા રે લોલ

દુઃખ વાલો ટાળે તત્કાળ જો શ્વેતાયન ના સ્નેહ મને સાંભળે રે લોલ

ચમત્કાર ના વરસાદ વરસાવતા રે લોલ

એવા પ્રગટ પરચા ના પુરનાર જો શ્વેતાયન ના સ્નેહ મને સાંભળે રે લોલ

પ્રત્યક્ષ દર્શન વાલો આપતા રે લોલ

થાય સદા અંતર માં આનંદ જો શ્વેતાયન ના સ્નેહ મને સાંભળે રે લોલ

શરણાગતિ મંડળની વિનંતી રે લોલ

આવીને દેજો દર્શન જો શ્વેતાયન ના સ્નેહ મને સાંભળે રે લોલ

કિર્તન

કુલવાડી ધામ માં મધ્ય શિખર માં બિરાજો શ્વેતાયન વ્યાસ રે,
જુએ છે શરણાગતિ વાટળી

શ્વેતાયન વ્યાસ તમે કૃપા કરી ને, પધારો કુલવાડી ધામ રે,
જુએ છે શરણાગતિ વાટળી

શરણાગતિ તલખે પ્રભુ ના દર્શન, આપો ને દર્શન નાથ રે,
જુએ છે શરણાગતિ વાટળી

પ્યારા પ્રભુજી ને ઉતારા ઓરડા, કુલવાડી એ બ્રહ્મ મહોલ,
જુએ છે શરણાગતિ વાટળી

પ્યારા પ્રભુજી ને દાતણ દાળમી , કુલવાડી એ કાનેરો કાંગ રે,
જુએ છે શરણાગતિ વાટળી

પ્યારા પ્રભુજી ને નાવણ કુંડીયા, કુલવાડી એ કંકાવટી ના નીર રે,
જુએ છે શરણાગતિ વાટળી

પ્યારા પ્રભુજી ને ભોજન લાડવા, કુલવાડી એ કઢીએલા દુધ રે,
જુએ છે શરણાગતિ વાટળી

પ્યારા પ્રભુજી ને મુખવાસ એલચી, કુલવાડી એ બિડેલા પાન રે,
જુએ છે શરણાગતિ વાટળી

પ્યારા પ્રભુજી ને પોઢણ ઢોલીયા, કુલવાડી એ હિંડોળા ખાટ રે,
જુએ છે શરણાગતિ વાટળી

કિર્તન

ફુલવાડીના ઉંચા મંદિર ઉંચા શિખર
ધજાઓ રૂડી ફરકે રે લોલ
શ્વેતાયન દર્શન દેવાને આવો
ભકતો સહુ રાહ જૂએ રે લોલ
ત્યા છે મારા અનાદિ શ્રી કૃષ્ણ
મૂખડા અતી તે જે ભર્યા રે લોલ
ત્યા છે મારા શ્વેતાયન વ્યાસ
દર્શનથી દુઃખડા ટળે રે લોલ
ત્યા છે મારા અનાદિ શ્રી કૃષ્ણ
હથેળીમાં ચિહન અતી શોભે રે લોલ
ત્યા છે મારા લાલજી મહારાજ
સાક્ષાત દર્શન આપે છે રે લોલ
ત્યા છે મારા અનાદિ શ્રી કૃષ્ણ
દર્શનથી નયનો ઠરે રે લોલ
આજ મારે આંગણે અનાદિ શ્રી કૃષ્ણ આવ્યાં
ભકતો સહુ વંદન કરે રે લોલ
ફુલવાડીના ઉંચા મંદિર ઉંચા શિખર
ધજાઓ રૂડી ફરકે રે લોલ

કિર્તન

બોલો બોલો શ્વેતાયન હરિ વ્યાસ બોલો શ્વેતાયન હરિ વ્યાસ રે
કુંકાવાવવાળા કયારની બેઠી છુ તમારે બારણે
થાકી હુ તો પાડીને પોકાર.... (૨) કુંકાવાવવાળા
કયારની બેઠી છુ તમારે બારણે

ટગર ટગર જોયા કરૂ આવી તમારે દ્વાર
આખલડી થાકી ગઈ વાલા કરતા નહી નિરાશ

દિન દયાળુ જાલો મારો હાથ..... (૨) કુંકાવાવવાળા કયારની.....

ભવ ભવમાં ભટકયા પછી મળ્યો મનુષ્ય અવતાર
માનવ બનાવ્યા હાડથી થાતો બેડો પાર

હારે તમારા દર્શન વિના ફેરો ફોગટ જાય..... (૨) કુંકાવાવવાળા....

સર્જનહાર તમે શ્વેતાયન તમે છો તારણહાર
ઉતારજો મુજ નાવડી જગતના પાલનહાર

રખડી રખડી, આવી તમારે દ્વાર (૨) કુંકાવાવવાળા....

અંતરથી ખોલી દયો પરમધામના દ્વાર
દયા કરી મુજ વાલીડે થાતો બેડો પાર

હારે તમારા દર્શન કરતા આનંદ આનંદ થાય.....(૨) કુંકાવાવવાળા

આખલડી ઢળતા સુધી દેજો તમારી યાદ
અંતઘડીએ ભુલી ગયા તો મરવુ છે બરબાદ

હારે મારી અંતઘડીએ દેજો તમારી યાદ....(૨) કુંકાવાવવાળા

માન વગેરેનો ત્યાગ કરીને ભગવાનની સેવામાં સાવધાન રહેવુ.

કિર્તન

બોલો શ્વેતાયન હરિ વ્યાસ તમારો જગ માં જય જય કાર

જગ માં જય જય કાર, તમારો જગ માં જય જય કાર રે બોલો...

પરમ ધામ નાં ધામી પ્રગટ પ્રભુ બહુ નામી

પ્રગટીયા ગોપાળ દેવ ધ્વાર, તમારો જગ માં જય જય કાર રે બોલો...

માત તાત ની આજ્ઞા લઈ કાશી ગયા રાજી થઈ

કાશી કૃતાર્થ કરનાર, તમારો જગ માં જય જય કાર રે બોલો...

કર માં કલમ ધારી, વિદ્યા છે તમારી ન્યારી

વિદ્યા સર્વોપરી ભાણનાર, તમારો જગ માં જય જય કાર રે બોલો...

તમે વ્યાસો નાં છો વ્યાસ, શ્વેતાયન હરિ વ્યાસ

શાસ્ત્રો સતાવન રચનાર, તમારો જગ માં જય જય કાર રે બોલો...

બહું માન થયા સન્માન, વિશ્વનાં શ્રેષ્ઠ વિધ્વાન

તમે છો પ્રગટ ભગવાન, તમારો જગ માં જય જય કાર રે બોલો...

સજી સુવાર્ણ સવારી, તેમા શોભે મહા સુખકારી

વિચરે કાશી ની મોજાર, તમારો જગ માં જય જય કાર રે બોલો...

કોઈ ફુલહાર પહેરાવે, કોઈ રંગ ગુલાલ ઉડાવે

વધાવે લાખો નર ને નાર, તમારો જગ માં જય જય કાર રે બોલો...

જોઈ શરણાગતિ હરખે, એ અવતારી ને ઓળખે

ગાયે ગુણલા કરી પ્યાર, તમારો જગ માં જય જય કાર રે બોલો...

કિર્તન

ભજો સદા શ્રી શ્વેતાયન હરિ ગોપાળ દેવ નાં બાળ રે

અવતારો નાં છે અવતારી, ગોપાળ દેવ નાં બાળ રે ભજો.....

સંસાર સઘળો છે દુઃખીયારો દુઃખો તેમા અપાર રે

સંસાર સાગર તારી દેજો, ગોપાળ દેવ નાં બાળ રે ભજો.....

ઓળખે તેનો આ જગત માં થઈ જશે બેડો પાર રે

શરણે લેશે સુખડાં દેશે, ગોપાળ દેવ નાં બાળ રે ભજો.....

પુરાણ પ્રતાપી છે પ્રભુજી જગ નાં તારણ હાર રે

આ લોક પર લોક સુધારે, ગોપાળ દેવ નાં બાળ રે ભજો.....

ભકિત કરતાં ભવ તારી દેશે ઉતારશે ભાવ પાર રે

ભકિત થકી ભકતો ને તારે, ગોપાળ દેવ નાં બાળ રે ભજો.....

આ જન્મ ને છેલ્લો જન્મ કરી દેશે મારા નાથ રે

મોક્ષ દેશે મોક્ષ નાં દાતા, ગોપાળ દેવ નાં બાળ રે ભજો.....

અંત ઘડી ને સુધારી દેશે ભકત તણાં પ્રતિ પાળ રે

અંતે સ્વયંમ લેવા આવે, ગોપાળ દેવ નાં બાળ રે ભજો.....

શરણાગત નાં તારણ હાર રાખશે પરમ ધામ રે

પરમ કૃપાળુ છે દયાળુ, ગોપાળ દેવ નાં બાળ રે ભજો.....

માયિક ભાવની, છાયાથી ભડકીને ભગવાન અને સંતને પડયા ન મેલવા.

કિર્તન

ભકિત કરો ને પુરા ભાવ થી રે લોલ
મળીયા છે કાંઇ પ્રગટ ભગવાન જો
આવો અવસર પાછો નહી મળે રે લોલ
સતસંગ કરજો ને સાચા ભાવ થી રે લોલ
કરજો રે કાંઇ અમૃત કેરા પાન જો
આવો અવસર પાછો નહી મળે રે લોલ
દયા થઇ છે શ્વેતાયન ની રે લોલ
મળ્યો છે કાંઇ મનુષ્ય અવતાર જો
આવો અવસર પાછો નહી મળે રે લોલ
સમરણ કરજો શ્વેતાયન વ્યાસ નું રે લોલ
કરજો ને કાંઇ આત્મા નું કલ્યાણ જો
આવો અવસર પાછો નહી મળે રે લોલ
કથા કિર્તન તમે સાંભળો રે લોલ
ખોલો ને કાંઇ અંતર કેરા દ્વાર જો
આવો અવસર પાછો નહી મળે રે લોલ
જગત ના સુખ ખોટા જાણજો રે લોલ
જાણજો ને કાંઇ જાજવા ના નીર જો
આવો અવસર પાછો નહી મળે રે લોલ
સગા વાલા છે સહુ સ્વાર્થી રે લોલ
સાચા સગા છે મહારાજ જો
આવો અવસર પાછો નહી મળે રે લોલ
સઘડુ છોડી ને જાવુ એકલુ રે લોલ
જાવુ છે કાંઇ પરમધામ જો
આવો અવસર પાછો નહી મળે રે લોલ
શરણાગતિ મંડળે હરિ ને ઓળખ્યા રે લોલ
સર્વોપરી શ્વેતાયન વ્યાસ જો
આવો અવસર પાછો નહી મળે રે લોલ

કિર્તન

ભગવી પાઘડી શીરે શ્વેતાયન આવો ધીરે ધીરે
રેશમની પાઘડી શીરે શ્વેતાયન આવો ધીરે ધીરે
લટકે ને મટકે પ્રભુ રાસ રમે છે
દર્શન દેવા ને વેલા આવો શ્વેતાયન આવો ધીરે ધીરે
ભકિત કરવાથી સતસંગ વધે છે
ગુલાબ ના હાર છે કંઠે શ્વેતાયન આવો ધીરે ધીરે
ભકતો સંગાથે પ્રભુ રાસ રમે છે
રાસની રમજટ બોલે શ્વેતાયન આવો ધીરે ધીરે
ધીમે રે ધીમે ઢોલક વાગે
શરણાયુ ના સુરે શ્વેતાયન આવો ધીરે ધીરે
ભકતો તમારી રાહ જુએ છે
દર્શન દેવા ને વેલા આવો શ્વેતાયન આવો ધીરે ધીરે
ભગવી પાઘડી શિરે શ્વેતાયન આવો ધીરે ધીરે
રેશમની પાઘડી શિરે શ્વેતાયન આવો ધીરે ધીરે

કિર્તન

મને મળીયાં પ્રભુ આજ શ્વેતાયન વ્યાસ હરિ

સેવે શરણાગતિ સંત સમાજ શ્વેતાયન વ્યાસ હરિ મને.....

પરમધામાધિ પતિ પ્રગટ પધાર્યા

ભકત જનો નાં વાલે જીવન સવાર્યા

આવ્યા ભકતોને સુખ દેવા કાજ શ્વેતાયન વ્યાસ હરિ મને.....

ગોપાળ દેવ નાં બાલકૃષ્ણ કુંવર

પ્રત્યક્ષ પ્રભુજી તે મે સ્વયંમ હરિવર

કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ શ્વેતાયન વ્યાસ હરિ મને.....

દેવો અવતારો જેના ગુણગાન ગાતા

શરણાગતિ નાં એ છે ભાગ્ય વિધાતા

એતો સંતો તાણાં શીર તાજ શ્વેતાયન વ્યાસ હરિ મને.....

અનંત કોટી મુકતો નાં છે સ્વામિ

સર્વત્ર વ્યાપક છો પ્રગટ બહુ નામી

કોટી બ્રહમાંડો નાં રાજા ધિરાજ શ્વેતાયન વ્યાસ હરિ મને.....

મહિમા જાણીયો જાણી ન શકાયે

શેષ મહેશ શાસ્ત્ર મુખે ગાયે

નેતિ નેતિ કહી ગાયે હર આજ શ્વેતાયન વ્યાસ હરિ મને.....

દેવોને પણ જેના દર્શન છે દુર્લભ

શરણાગતિ ને એવા પ્રભુ છે સૂર્લભ

રાખે નિજ સમીપ પ્રભુ આજ શ્વેતાયન વ્યાસ હરિ મને.....

કિર્તન

માતા કંભરા લક્ષ્મીના લાલ રે, આવો બાલકૃષ્ણ મહારાજ
એને રમશું તમ સંગાથ રે, આવો બાલકૃષ્ણ મહારાજ
આવો બાલકૃષ્ણ મહારાજ

એને કાજે વ્હાલા પ્રીત કરીને, તજયો સખાનો સાથ
તમ વિના રે વ્હાલા કોણ રે કરશે, કાલી ઘેલી વ્હાલી વાતુ રે
આવો બાલકૃષ્ણ મહારાજ

ઘેલી થઈ હું તો ઘર ઘર ગોતુ, ને શેરીએ પાડુ સાદ
બાલકૃષ્ણ ને કોઈ રે બતાવો, મારે કરવી છે દિલડાની વાતુ રે
આવો બાલકૃષ્ણ મહારાજ

કમરમાતાજી અમને રે વઢસે, વઢસે ગોપાળદેવ તાત
ઘરના સૌ મળી અમને વઢસે, વઢસે ત્રાણેય ભ્રાત રે
આવો બાલકૃષ્ણ મહારાજ

રૂપ અનુપમ છે કુંવરજી નુ, જોઈ બ્રહ્મા ભૂલી જાય ભાન
લોમષ ઋષિતો નાચવા રે લાગ્યા, રે એવા છે મારા બાલકૃષ્ણ નાથ રે
આવો બાલકૃષ્ણ મહારાજ

અતિ વ્યાકુળ જોઈ સખાને, સાદ કરે ભગવાન
પ્રગટ વિના તો સુખ ન આવે, કેમ કરીને ભેટીયે નાથ રે
આવો બાલકૃષ્ણ મહારાજ

ચાલ ચટકતી ચાલતા વ્હાલા, લટકા કરતા બહુ લાલ
બાલકૃષ્ણનાં સાદ સાંભળતા, મારુ હૈયુ રહે નહી હાથ રે
આવો બાલકૃષ્ણ મહારાજ

તમ વિના વ્હાલા પલ ન જાયે, અમને ભૂલી ન જાસો નાથ
દયા કરીને વ્હાલા દર્શન દેજો, દાસ શાંતિને સુખ થાય રે
આવો બાલકૃષ્ણ મહારાજ

ભગવાનના વચન માં પોતાની સામર્થિ પ્રમાણે રહેવાય
તેટલું રહેવું પણ ભગવાન ની મુર્તિ નું બળ અતિશય રાખવું

કિર્તન

મુરતિ સુંદર શ્વેતાયન ની રે

તે કાંય શોભે અપરમપાર મુરતિ સુંદર શ્વેતાયન ની રે

કેશર તિલક ચંદ્રક ભાલ માં રે

ભાલ વિશાળ તેજ અપાર મુરતિ સુંદર શ્વેતાયન ની રે

આંખો કામણગારી મારા નાથ ની રે

કોટી કામ તાણાં ગર્વ લજાય મુરતિ સુંદર શ્વેતાયન ની રે

ભુષણ ભાવ ભરી કંઠે માળા રે

સોના સાકળી કળા શોભા દાર મુરતિ સુંદર શ્વેતાયન ની રે

દિવ્ય અંબર ઝીણાં ચળકે રે

અંગ પર ખેશ છે કાષાંબર મુરતિ સુંદર શ્વેતાયન ની રે

ભગવી ધોતી જાણી સુંદર છે રે

કટી સુત્ર જનોઈ ખંભા પર મુરતિ સુંદર શ્વેતાયન ની રે

કંઠી તુલશી તાણી શોભે કંઠ માં રે

કર માં માળા શોભતી અપાર મુરતિ સુંદર શ્વેતાયન ની રે

મુરતિ આખી ઉજળી હસ્તી રે

જોતા હર કોઈ તલ્લીન થાય મુરતિ સુંદર શ્વેતાયન ની રે

ભકતો ભાવે દર્શન કરતા રે

તે બિરાજે આપાણી સમક્ષ મુરતિ સુંદર શ્વેતાયન ની રે

આ મુરતિ માં ધારીયે લક્ષ ને રે

બધુય દયે છે રાજી રાજી થઈ મુરતિ સુંદર શ્વેતાયન ની રે

મુરતિ શરણાગતિ સેવાતાં રે

સેવતાં પુજતાં આનંદ થાય મુરતિ સુંદર શ્વેતાયન ની રે

કિર્તન

મેં તો દિલડુ રંગ્યુ છે શ્વેતાયન સંગ
મારે પ્રગટ કેરુ અંગ મને લાગ્યો મીઠો રંગ
મને રંગની ઝપટ લાગી, હુ થયો છુ વૈરાગી
મારે શ્વેતાયન સંગ મને લાગ્યો મીઠો રંગ
મને પ્રગટે દર્શન આપ્યા, મારા ભવના બંધન કાપ્યા
મારે શ્વેતાયન સંગ મને લાગ્યો મીઠો રંગ
તમે છો પ્રગટ જીવન દોરી, મારું ચિતડું લીધુ ચોરી
મારે શ્વેતાયન સંગ મને લાગ્યો મીઠો રંગ
છે જામવાણથલી સારી, ત્યાં છે શિખર મંદિર ભારી
મારે શ્વેતાયન સંગ મને લાગ્યો મીઠો રંગ
આસો વદી આઠમ સારી, મુરત પદ્મશીલા ભારી
મારે શ્વેતાયન સંગ મને લાગ્યો મીઠો રંગ
પદ્મ શિલા બાંધી, અમે સારી ચડાવતા સાંકળ તુટી અમારી
મારે શ્વેતાયન સંગ મને લાગ્યો મીઠો રંગ
દર્શન કર્યા નાથાભાઈ દાસે, શિલા ઉપાડી પ્રગટે હાથે
મારે શ્વેતાયન સંગ મને લાગ્યો મીઠો રંગ
શિલા વજને પચાસમાણ ભારી, તેને રોકી રાખે ગિરધારી
મારે શ્વેતાયન સંગ મને લાગ્યો મીઠો રંગ
આવો પરચો દિધો ભારી, દાસ રાણછોડ જાયવારી
મારે શ્વેતાયન સંગ મને લાગ્યો મીઠો રંગ

ભગવાન ના ભકતને ભગવાનની મુર્તિરૂપી ચિંતામણિ માથી બધુ મળે છે.

કિર્તન

મારા જીવતર નો રથ તમે હાંકો શ્વેતાયન લઈ જાજો પરમધામ માં
આ કાયા નું દેવળ સમજી તમારૂ ઘર લઈ જાજો પરમધામ માં
મારે એક જ આશરો તમારો, સાથ કદિ ના છોડશો અમારો,
શરણાગતિ મંડળ ને સમજી તમારા બાળ લઈ જાજો પરમધામ માં
ભકિત કરતા આંનદ અતિ થાય છે, જુઠી માયા ના મોહ મુંજાય છે,
માયા મેલાવી પરમ બ્રહ્મ સુખ આપજો ને લઈ જાજો પરમધામ માં
જયાં ધામો માં શ્રેષ્ઠ પરમધામ છે, જયાં અનાદિ શ્રીકૃષ્ણ નું નામ છે,
પ્રત્યક્ષ ને પરોક્ષ નો ભેદ સમજાવી મને લઈ જાજો પરમધામ માં
પ્રભુ મહિમા તમારો જે ગાશે, જન્મ મરણ ના દુઃખ મટી જાશે,
દાસ ભરત ની વિનંતિ સુણી ને શ્વેતાયન લઈ જાજો પરમધામ માં

કિર્તન

મુજ ને મળ્યા છે પ્રગટ ભગવાન
જેનું શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી છે નામ .... મુજ ને
રામ અવતાર માં કપિ જાતનાં તારણહાર
ગીદ્ય નાવિક અને શબરી ઓળખનાર .... મુજ ને
કૃષ્ણ અવતાર માં પાંડવો ને કરાવીયા કામ
ઉધ્ધવજી કુબજા અને વામ .... મુજ ને
વામન અવતાર માં ઓળખ્યા બલિ રાજાએ
સર્વસ્વ આપ્યુ રાજી કરવાને કાજે .... મુજ ને
સ્વામિનારાયણ રૂપે પ્રગટ રીત સ્થાપી
સુખી કર્યા જીવો ને અક્ષર ધામ આપી .... મુજ ને
પ્રગટ ની રીત જાણ્યા વિના નહી મોક્ષ થનાર
અનાદિ રીત પ્રગટ નુ શરણું સાર માં સાર .... મુજ ને
શ્વેતાયન વ્યાસજી વિચરે પ્રગટ પ્રમાણ
કહે છે પ્રવિણ એની સાંખ્ય પુરે છે પુરાણ .... મુજ ને

કિર્તન

મારા શ્વેતાયન વ્યાસ અમને દર્શન દેજો આજ

હુ તો વિનવું વારમવાર વ્હાલા રહેજો અમારી સાથ

હજારો સાધન કરતા તોય પ્રભુજી કોઈને ન મળતા

એવા પ્રભુજી કરૂણા કરી ને આવ્યા અમારી પાસ મારા.....

કર ચરણો ના ચિન્હો અમે જોયા નજરે નિહાળી

દર્શન કરી ને ઓળખી લેજો આ અવતારી ભગવાન મારા.....

કરોડો કામ બગાડી એક મોક્ષ નો માર્ગ સુધારો

પ્રગટ પ્રભુ ના આશ્રિત થઈ ને પરમધામ પધારો મારા....

શાસ્ત્રો રચયા એવા વ્હાલે ઉપાસના શુધ્ધ કરવા

વિશ્વ આખા માં પ્રગટ પ્રભુજી રાજા ધિરાજ કહેવાયા મારા....

કુંકાવાવ કુલવાડી મહા તિરથધામ બનાવ્યા

અનાદિ શ્રીકૃષ્ણ બીરાજે સાક્ષાત પરમધામ મારા....

દિવ્ય મુર્તિ તમારી જોઈ અંતર ટાઢુ થાય

સેવા કરીને રાજી કરતા મહાસુખ વરતાય મારા....

બ્રહ્મા ના દર વર્ષે પ્રભુ આવે બ્રહ્માંડ માં ફરવા

પટેલ કુળ મા પ્રગટ થયા ને થયો છે જય જય કાર મારા....

કંભરા માતા ના બાળ પિતા ગોપાળ દેવ ના છો લાલ

શરણાગતિ ને સેવા આપી આપીયા પરમધામ મારા....

હિંડોળે જુલવા આવો પ્રભુ કુલવાડી ધામ માં આજે

હિંડોળે જુલતા દર્શન આપો ભકતો એવુ માંગે મારા....

કિર્તન

મારી સામે બેઠા છે મહારાજ, ભજુ હું તો શ્વેતાયન હરિ વ્યાસ

ભકતો કુંકાવાવ માં આવો

શ્વેતાયન ના ચરાણે નમજો

કરૂ હુ તો શ્વેતાયન ને પ્રાણામ, ભજુ હું તો શ્વેતાયન હરિ વ્યાસ

કુલવાડી ધામ છે રૂડુ રૂપાળું

મારા અનાદિ શ્રી કૃષ્ણને વ્હાલુ

ચાલો જઈએ કુલવાડી ધામ, ભજુ હું તો શ્વેતાયન હરિ વ્યાસ

ભકતો કુલવાડી માં આવો

મારા પ્રગટ ના ગુણલા ગાવો

ત્યા તો સાક્ષાત દર્શન થાય, ભજુ હું તો શ્વેતાયન હરિ વ્યાસ

શરણાગતિ પ્રેમ થી હરિને ભજતા

શ્વેતાયન સૌ ના દુઃખડા હરતા

પલમા દુઃખડા ભાગી જાય, ભજુ હુ તો શ્વેતાયન હરિ વ્યાસ

ભેદ હવે અંતર ના તમે ખોલો

કહે ઘનશ્યામ શ્વેતાયન બોલો

વ્હાલો મારો દેસે પરમધામ માં વાસ, ભજુ હુ તો શ્વેતાયન હરિ વ્યાસ

કિર્તન

મારા શ્વેતાયન હરિ, તમારી લીલા રે ઘણી હરિ આવો, મારી નૈયા ને પાર ઉતારો

કુમકુમવાપી માં આપ પ્રગટ થયા

કંભરાગોપાલ ઘેર આનંદ ઉત્સવ થયા

વાગી વધાયુ હરિ વાગી વધાયુ હરિ આવો મારી નૈયા ને પાર ઉતારો

માત પિતા ના આશિર્વાદ લીધા

જુનાગઢ ધામ માં વાસ જ કીધા

ગુરૂ મળ્યા બાલમુકુંદ ગુરૂ મળ્યા બાલમુકુંદ હરિ આવો મારી નૈયા ને પાર ઉતારો

કાશી માં જઈ ને વિદ્યા ભણી આવ્યા

વિશ્વ ના પંડિતો ને તમે હરાવ્યા

શાસ્ત્રો રચીયા ઘણા શાસ્ત્રો રચીયા ઘણા હરિ આવો મારી નૈયા ને પાર ઉતારો

રાજકોટ જામનગર મંદિર બંધાવીયા

જામવાણથલી માં ધામ જ કીધા

કુલવાડી રચાવી હરિ કુલવાડી રચાવી હરિ વારે આવો મારી નૈયા ને પાર ઉતારો

સંત મુકતો અને શરણાગતિ સ્થાપીયા

દેશ વિદેશ માં ભકતો ઉગારીયા

ભકતોના દુઃખડા કાપ્યા ભકતોના દુઃખડા કાપ્યા હરિ આવો મારી નૈયા ને પાર ઉતારો

શરણાગતિ મંડળ ગુણલાં રે ગાવે

પ્રગટ પ્રભુ ને હૃદિયા માં રાખે

અંતે ચરણો માં લેજો અંતે ચરણો માં લેજો હરિ આવો મારી નૈયાને પાર ઉતારો

કિર્તન

મારા સૃષ્ટિ ના રચનાર હવે તો દર્શન આપો ને

હુ તો જોઈ રહી છુ વાટ હવે તો દર્શન આપો ને

રડી રડી ને નય નો થાકયા કયાં સુધી તલસાવશો

હું તો ભુલી ગઈ છુ ભાન હવે તો દર્શન આપો ને

સેવા પુજા જાણુ નહી ને પ્રેમે વંદન કરૂ છુ

મારો પ્રેમ સ્વીકારો મહારાજ હવે તો દર્શન આપોને

શિરપર પાઘ શોભી રહી કંઠે પુષ્પો ની માળા

કર માં ધનુષ્ય રેખા હવે તો દર્શન આપો ને

દિવ્ય સ્વરૂપે પ્રગટ થઈ ને આવ્યા સૃષ્ટિ ને રચવા

એવા સૃષ્ટિ ના રચનારા હવે તો દર્શન આપો ને

ભુલો પ્રભુજી ઘાણી કરી ને ક્ષમા આપ ની માંગુ છુ

છોરૂ કછોરૂ તમારૂ બાળ હવે તો દર્શન આપોને

શરણાગતિ પર દયા કરી ને ચરણકમળ માં રાખજો

મારા તમે છો નાડીપ્રાણ હવે તો દર્શન આપો ને

કિર્તન

માતા કંભરા નો લાલો પ્યારો લાગે છે
પ્યારો લાગે છે બુહ વ્હાલો લાગે છે, માતા...
એના વાકડીયા વાળ મને પ્યારા લાગે છે
પ્યારા લાગે છે અતિ વ્હાલા લાગે છે
એવા અનાદિ શ્રી કૃષ્ણ પ્રભુ પ્યારા લાગે છે
એની નાની નાની આંખ મને પ્યારી લાગે છે
પ્યારી લાગે છે મને વ્હાલી લાગે છે
એવા બાલકૃષ્ણ પ્રભુ મને પ્યારા લાગે છે
એના નાના નાના હાથ મને વ્હાલા લાગે છે
વ્હાલા લાગે છે અતિ પ્યારા લાગે છે
એવા શ્વેતાયન વ્યાસ મને પ્યારા લાગે છે
એની કાલી ઘેલી બોલી મને પ્યારી લાગે છે
પ્યારી લાગે છે બહુ વ્હાલી લાગે છે
એવા ગોપાળદેવ ના લાલ મને વ્હાલા લાગે છે
એના નાના નાના ચરણ મને વ્હાલા લાગે છે
વ્હાલા લાગે છે અતિ પ્યારા લાગે છે
એવા કૃષ્ણવલ્લભ પ્રભુ મને પ્યારા લાગે છે
વાલો શરણાગતિ ભકતો ના ચિતડા નો ચોર
ચિતડા નો ચોર રાખે સૌની જીવન દોર
એવા શરણાગતિ ના નાથ મને વાલા લાગે છે

દિવ્યસાકર ભગવાન મને પ્રાપ્ત થયા છે, તેને બીજા અવતાર જેવા ન સમજવા,
અવતારી પોતે જ છે એમ સમજવા.

કિર્તન

મારૂ મન ભમે હરિવર મૂર્તી માં રે

બીજુ બધુ જાણુ હુ નિરય માં ..... મારૂ મન .....

અપાર કૃપા કરી પ્રભુ પધારીયા રે

તોય ન જાણે આ જીવ જગદીશ ને ..... મારૂ મન .....

જીવ જો જાણે જીરે સાચા સંત ને રે

ત્યારે પામે હરિ ના ચરણ ને ..... મારૂ મન .....

હરિ ને મેળવવા મોટા મુનિ મથી રહયા રે

તોય ન પામે આ પ્રગટ ના ચરણ ને રે ..... મારૂ મન .....

જીવ અનંત જન્મથી ભકિત કરે,

ત્યારે પામે પ્રગટ ભગવાન ને રે ..... મારૂ મન .....

હરિ ને ઓળખ્યા શરણાગતિ મંડળે

તેમ ને સુખી કર્યા અપાર રે ..... મારૂ મન .....

કહે દાસ ગોવિંદ અરજ પ્રભુ સાંભળો

આપજો તવ ચરણો ની સેવા ..... મારૂ મન .....

કિર્તન

મને શ્વેતાયન વ્યાસ હરિ પ્યારા લાગે,

મને પ્રગટ પ્રભુ બહુ પ્યારા લાગે,

પ્યારા લાગે અતિ વ્હાલા લાગે, ...મને....

એની મૂર્તિમાં એવું તે જાદુ ભર્યુ,

એના દર્શનીયે દિલ મારું ડોલે-ડોલે, ...મને....

કંભરામાતા ના લાલ મને પ્યારા લાગે,

એની વાણી માં અમૃતધારા વહે,

વાણી સુણી ને દિલ મારું ડોલે-ડોલે ....મને....

પિતા ગોપાળ દેવ ના લાલ પ્યારા લાગે,

એની કલમ માં એવુ તે જાદુ ભર્યુ,

ઓલા વિશ્વ ના વિધ્વાન ડોલે-ડોલે, ...મને....

એની મૂર્તિ માં દિવ્ય ચિન્હ શોભે,

ચિન્હ જોઈને શરણાગતિ ડોલે-ડોલે, ...મને...

એના લટકા માં એવું તે જાદુ ભર્યુ,

એના લટકે તે મુકત કોટિ ડોલે-ડોલે, ...મને....

કિર્તન

મુજને મળીયા સર્વોપરિ આજ શ્વેતાયન વ્યાસ હરિ

પ્રગટ અક્ષરાતીત અવતારી શ્વેતાયન વ્યાસ હરિ

મારા પુર્વના પુણ્ય ઉદય રે થયા

જન્મ મરણના ફેરા ટળી રે ગયા

મળીયા અનાદિ શ્રી કૃષ્ણ સાક્ષાત શ્વેતાયન વ્યાસ હરિ

હુ તો ભવ રે ભવમાં ભટકતો હતો

તમ સારૂ ભજન બહુ કરતો હતો

ફેરો સફળ થયો છે આવાર શ્વેતાયન વ્યાસ હરિ

શરણાગતિ ને સુખ બહુ દેતા હતા

કુલવાડી માં સભા ભરી બેસતા હતા

પોતે કૃષ્ણવલ્લભાચાર્યજી સાક્ષાત શ્વેતાયન વ્યાસ હરિ

બગીચાવાડી સભા ભરી બેસતા હતા

કેશવદાદા ને સુખ બહુ દેતા હતા

પોતે કૃષ્ણનારાયણ સાક્ષાત શ્વેતાયન વ્યાસ હરિ

શ્વેતાયન જાણી મે તો પ્રાણ ધરી રે દીધા

મારા અંતર માં શ્વેતાયન પધરાવી દીધા

જોયા સર્વે ચિન્હો સહિત ભગવાન શ્વેતાયન વ્યાસ હરિ

રાજી થઈને મુજ સામુ જોતા હતા

મારા જાણી શાંતી ને સુખ દેતા હતા

પ્રગટ સુખ દેવા શ્રી શ્વેતાયન વ્યાસ શ્વેતાયન વ્યાસ હરિ

કિર્તન

મુરતી પ્રગટ હરિ ની સંભારી એ રે,
અંગો અંગ નીરખી આનંદ થાય, મુરતી...
પ્રથમ ચરણો માં ચિન્હો નિહાળી એ રે,
ચરણો માં રાખશે નાથ સદાય, મુરતી...
ત્રાણ ત્રાણ ઘુંટઓ ચરણો માં શોભતી રે,
નખ માણીઓ માં તેજ અપાર, મુરતી...
કેળ સ્તંભ સમ સાથળો શોભતા રે,
ઉંડી નાભી ત્રીવેણી ઉદર માંય, મુરતી...
છાતી માં શ્રીવત્સ ચિન્હ અતી શોભતુ રે
કંઠ શંખ પોણો ઈંચ ઉઠાવ, મુરતી...
તેજ મંદ હાસ્ય ભરેલુ મુખડુ રે,
દંત પંકિત દાડમ બીજ સમાન, મુરતી...
રસના અખંડ અમૃત વરસાવતી રે,
સુણતા ત્રીવીધ તાપ ટળી જાય, મુરતી...
સોનેરી મુછ ની રેખા અતી શોભતી રે,
નાશીકા તલ પુષ્પ સમાન, મુરતી...
ગુલાબી હોઠ ને આણીયારા નેણ છે રે,
ભ્રકુટી કામદેવ નિવાસ સ્થાન, મુરતી...
ભાલે બ્રહ્મ રેખા અતી શોભતી ર,
તિલક ચાંદલો શોભે અપાર, મુરતી...
કાન જલેબી સરીખા ચળકતા રે,
અજાન બાહુ આપે અભય વરદાન, મુરતી...
સોનેરી શીખા શ્રીફળાકાર શોભતી રે
દાસ પ્રવિણ પ્રગટ પ્રેરણા એ ગાય, મુરતી...

જેને અનેક જન્મોના સુકૃત ઉદય થયા હોય તેને ભગવાન ના સ્વરૂપમાં
અખંડવૃતિ રહે છે ત્યારે તેને બીજું કાઈ કરવું રહયું નથી.

કિર્તન

ઝમઝુમ ઝુલવા આવો શ્વેતાયન કુંકાવાવ વાળા

કુંકાવાવ વાળા તમે કુલવાડી વાળા

પરમધામ થી પધારો શ્વેતાયન કુંકાવાવ વાળા

ભકતો સંગાથે આવો મુકતો સંગાથે આવો

દર્શન દેવા ને વ્હેલા આવો શ્વેતાયન કુંકાવાવ વાળા

ચિન્હધારી તમે છળીધારી

ગુલાબ ના હાર પહેરી આવો શ્વેતાયન કુંકાવાવ વાળા

અનાદિ કૃષ્ણ આવો અક્ષરબ્રહ્મ ને લાવો

હિંડોળે ઝુલવા ને વેલા આવો શ્વેતાયન કુંકાવાવ વાળા

શરણાગતિ ના છો પ્રાણ થી પ્યારા

દેજો ચરણો માં વાસ શ્વેતાયન કુંકાવાવ વાળા

કુલવાડી ધામ માં પધારો શ્વેતાયન કુંકાવાવ વાળા

દાસી ભકિત તમને પ્રેમ થી જુલાવે

માંગે તવ ચરણો ની સેવા શ્વેતાયન કુંકાવાવ વાળા

કિર્તન

રેલગાડી રીક્ષા રીક્ષા મા બેસી આવ્યા અમે

ઓ મારા શ્વેતાયન તમે દર્શન કયારે આપશો .... રેલગાડી

કુંકાવાવ તો દુર છે ને દર્શન ની જરૂર છે

ઓ મારા શ્વેતાયન તમે દર્શન કયારે આપશો .... રેલગાડી

જુનાગઢ થઈને આવ્યા અમે વંથલી થઈ આવ્યા અમે

ઓ મારા શ્વેતાયન તમે દર્શન કયારે આપશો .... રેલગાડી

મુંબઈ થઈ ને આવ્યા અમે સુરત થઈને આવ્યા અમે

ઓ મારા શ્વેતાયન તમે દર્શન કયારે આપશો .... રેલગાડી

ગુલાબો ના ગજરા લાવ્યા અમે ફુલો ની માળા લાવ્યા અમે

ઓ મારા શ્વેતાયન તમે દર્શન કયારે આપશો .... રેલગાડી

સાકર શ્રીફળ લાવ્યા અમે માનતા કરવા આવ્યા અમે

ઓ મારા શ્વેતાયન તમે દર્શન કયારે આપશો .... રેલગાડી

બાલ મુકુન્દ ના રૂદયે છો વંથલી નાં મંદિરે છો

ગોબર ભગત ના ગુરૂ તમે દર્શન સૌને આપશો .... રેલગાડી

કંભરામાતા ના બાળ છો ગોપાળદેવ ના લાલ છો

પોપટ ભગત ના ભાઈ તમે દર્શન સૌને આપશો .... રેલગાડી

રેલગાડી રીક્ષા રીક્ષા મા બેસી આવ્યા અમે

ઓ મારા શ્વેતાયન તમે દર્શન કયારે આપશો .... રેલગાડી

કિર્તન

રંગીલા શ્વેતાયન વ્યાસ છે એવા મારા રંગીલા શ્વેતાયન છે
હેજી એને ભગવા વસ્ત્રોને માથે પાઘ છે
એવા મારા રંગીલા શ્વેતાયન વ્યાસ છે

ગુલાબી હોઠ એની અમી ભરી આંખડી
હેજી એની વાણી માં અમૃત વરતાય છે
એવા મારા રંગીલા શ્વેતાયન વ્યાસ છે

ભાલે તિલક અને અને કાનમાં છે કુંડળ
હેજી એનુ મુંખડુ પુનમ કેરો ચાંદ છે.
એવા મારા રંગીલા શ્વેતાયન વ્યાસ છે

હાથ મા છડી એના ચરણો મા છે ચાખડી
હેજી એને કંઠે ગુલાબ ના હાર છે
એવા મારા રંગીલા શ્વેતાયન વ્યાસ છે

કર ચરણો મા એને ચિન્હો અપાર છે
હેજી એતો અનાદિ શ્રી કૃષ્ણ સાક્ષાત છે
એવા મારા રંગીલા શ્વેતાયન વ્યાસ છે

કાયા કામણગારી મન હરનારી
હેજી એના લટકા દાસ શાંતિ ગાય છે
એવા મારા રંગીલા શ્વેતાયન વ્યાસ છે

કિર્તન

રાજી રાજી થાવ રાજી રાજી થાવ શ્વેતાયન વ્યાસ તમે રાજી રાજી થાવ
કુમકુમવાપીમાં પ્રભુ તમે પ્રગટીયા
બાળલીલા કરી સખાઓ સાથે રમીયા
કંભરા ગોપાળ ઘેર આંનદ અપાર શ્વેતાયન વ્યાસ તમે
રાજી રાજી થાવ અનાદિ શ્રી કૃષ્ણ તમે રાજી રાજી...
અગિયાર વરસની વાલો નાની ઉમરમાં
સંત દીક્ષા લઈને ગયા કાશીએ ભણવા
કાશીનાં પંડિતોએ કર્યો જય-જયકાર શ્વેતાયન વ્યાસ તમે
રાજી રાજી થાવ અનાદિ શ્રી કૃષ્ણ તમે રાજી રાજી...
સર્વોપરિ સતાવન શાસ્ત્રો રચિયા
શ્રી હરિ શરણાગતિ મંડળ સ્થાપીયા
હે વ્હાલો અવતારો ના અવતારીએ કર્યો ઊંચો હાથ શ્વેતાયન વ્યાસ તમે
રાજી રાજી થાવ અનાદિ શ્રી કૃષ્ણ તમે રાજી રાજી...
ભકતોને સર્વોપરી ભકિત સમજાવતા
દીવ્ય સુખ દઈ ભકતો ને રીજાવતા
તમારા ભકતો ને બ્રહ્મરસ આપવા ને કાજ શ્વેતાયન તમે
રાજી રાજી થાવ અનાદિ શ્રી કૃષ્ણ તમે રાજી રાજી...
દાસ શાંતિ કહે ભાવે રે ભજતા
હેત ભરી ભાવ ભરી ભકિતરે કરતા
પ્રગટ કૃપાનો થયો વરસાદ શ્વેતાયન વ્યાસ તમે
રાજી રાજી થાવ અનાદિ શ્રી કૃષ્ણ તમે રાજી રાજી...
મારા પ્રગટ ભગવાન તમે રાજી રાજી થાવ
મારા અનાદિકૃષ્ણ તમે રાજી રાજી થાવ
મારા બાલકૃષ્ણ પ્રભુ તમે રાજી રાજી થાવ
મારા કૃષ્ણ વલ્લભાચાર્ય તમે રાજી રાજી થાવ
મારા શ્વેતાયનવ્યાસ તમે રાજી રાજી થાવ

ભગવાન આગળ કાળ, કર્મ, માયાનું બળ ચાલતું નથી.

કિર્તન

રંગ લાગ્યો રે પ્રગટ મહારાજ નો
મને ભાવ્યો રે શ્વેતાયન શામળીયો
લાગે પ્યારો રે શ્વેતાયન કાનુડો
કરી કરૂણા રે અલૌકીક આવીને
લટકાળો રે રસિકવર કાનુડો
લાગે પ્યારો રે ગોપાળ દેવ નો લાડીલો
હાથ જાલ્યો રે હરિવરે આવી ને
લાગે પ્યારો રે કમર મા નો લાડીલો
સુખ આપ્યા રે અલબેલે આવી ને
કૃષ્ણવલ્લભ રે અનાદી પરમધામ ના
સુખ આપ્યા રે ફુલવાડી આવી ને
સુખ આપ્યા રે બગીચા વાડી માં
જોણે જાણ્યા રે તોણે સુખ માણીયા
અજાણ્યા રે રખડીયા રાતમાં
દર્શન આપ્યા રે શ્વેતાયન કાનુડે
દાસ શાંતિ નો રે શ્વેતાયન કાનુડો

કિર્તન

લકડીવાલે શ્વેતાયન લકડીવાલે શ્વેતાયન

પધડીવાલે શ્વેતાયન પધડીવાલે શ્વેતાયન

સુખ આપે શ્વેતાયન દુઃખડા કાપે શ્વેતાયન

ભકિત આપે શ્વેતાયન મુકિત આપે શ્વેતાયન

ચિન્હ ધારી શ્વેતાયન કલમ ધારી શ્વેતાયન

ધામે ધામે શ્વેતાયન પરમધામે શ્વેતાયન

સહું નાં પ્યારા શ્વેતાયન લકડીવાલે શ્વેતાયન

લકડીવાલે શ્વેતાયન પરચાં આપે શ્વેતાયન

ભકિત આપે શ્વેતાયન મોક્ષ આપે શ્વેતાયન

અંતરજામી શ્વેતાયન સેવા આપે શ્વેતાયન

પ્રેમ સે બોલો શ્વેતાયન સબકા પ્યારા શ્વેતાયન

શરણગતિ નાં શ્વેતાયન મોક્ષ આપે શ્વેતાયન

લકડીવાલે શ્વેતાયન લકડીવાલે શ્વેતાયન

કિર્તન

લીલી કુલવાડી મા આંબલી ને નીચે બેઠા શ્વેતાયન વ્યાસ રે

મંદ મંદ પ્રગટ હસે

ગમતુ નથી ડગ ચાલવુ ને મારે હૈયે હરખ ન માય રે

મંદ મંદ પ્રગટ હસે

કુંકાતેવાવ મા પ્રગટીયા ને વ્હાલે વસાવ્યુ કુલવાડી ધામ રે

મંદ મંદ પ્રગટ હસે

દિવ્ય તે ચિન્હો રૂડા શોભતા ને એની સાંખ્ય પુરે છે પુરાણ રે

મંદ મંદ પ્રગટ હસે

લીલી કુલવાડી માં બોરડી ને નીચે બેઠા શ્વેતાયન વ્યાસ રે

મંદ મંદ પ્રગટ હસે

મહા મુકતો ને સંગે લાવીયા ને કરવા અનેક જીવો ના ઉધ્ધાર રે

મંદ મંદ પ્રગટ હસે

સંત સ્વરૂપે પ્રભુ વિચર્યા ને દર્શન આપે છે દેશ વિદેશ રે

મંદ મંદ પ્રગટ હસે

દાસી જયા ને દર્શન આપીયા ને વ્હાલે સભા મધ્યે સાક્ષાત રે

મંદ મંદ પ્રગટ હસે

કિર્તન

વંદન કરુ પ્રભુ ભાવ ધરી ને,
સુખકારી શ્રી શ્વેતાયન વ્યાસ હરિ, ...વંદન....
અનાદિ શ્રી કૃષ્ણ સ્વયં પ્રભુજી,
પ્રગટયા અમ પર કરૂણા કરી હરિ, ...વંદન....
અનંત જીવો ના કલ્યાણ કરવા,
વિચરો છો મનુષ્ય તન ને ધરી, ...વંદન....
કુમકુમવાપી પરમ પવિત્ર,
ત્યાં બાળલીલા કરતા રહયા હરિ, ...વંદન....
માતા તાત ગુરૂ રાજી કરીને,
વિદ્યા ભણ્યા સર્વો પરિ હરિ, ...વંદન....
મહા અદ્‌ભુત શાસ્ત્રો રચીયા,
શ્વેતાયન વ્યાસ કહાવ્યા હરિ, ...વંદન....
સર્વ તિર્થો માં સમગ્ર વિશ્વ માં,
દિવ્ય પ્રતાપ પ્રકાશ્યા હરિ, ...વંદન....
સર્વોપરી શુધ્ધ ઉપાસના કાજે,
શિક્ષાપત્રી રચી રહસ્ય ભરી હરિ, ...વંદન....
નિજ જન ને મહા સુખ આપ્યા,
ભકતપતિ ભવ ભય હરિ, ...વંદન....
અનંત પરચા ને અપાર મહિમાં,
ગાવે નિશદિન સંતો મુકતો હરિ, ...વંદન....
ભકતિ એજ છે અમારુ જીવન
સેવા એજ છે અમારુ જીવન
દેજો રોમે રોમ ભરી હરી, ... વંદન
વંદન કરુ પ્રભુ ભાવ ધરી ને

કિર્તન

વાલા તારી મુર્તિ મને લાગે છે પ્યારી, શોભા નાં ધામ શ્વેતાયન સુખકારી
મુખ મનોહર કેવું મન માર હરતુ, મંગળ મય રૂપ મારી નજર માં તરતું

વાલા.....

અલૌકિક આભુષણો ચિહનો તે અંગનાં, તન પર શોભે વસ્ત્રો ભગવા તે રંગનાં
શોભાશી કહું પ્રભુ પ્રગટ તમારી, શોભા નાં ધામ શ્વેતાયન સુખકારી

વાલા.....

કેશર તિલક ચંદ્ર કુંમ કુંમ નાં ધારી, ભાલ મધ્યે રાજે તે રેખા છે પ્યારી
વૃતિ હરે છે કાંય મન કેરી મારી, શોભા નાં ધામ શ્વેતાયન સુખકારી

વાલા.....

બેઉ કાનોમા રૂડા કુંડળા શોભતા, તે કંઠ તે હાર ગુલાબ કેરા શોભતાં
ભગવી તે પાઘ શોભે શીર પર ભારી, શોભાના ધામ શ્વેતાયન સુખકારી

વાલા.....

કરની આંગળી માં વેંઢે વીટી સારી, બાજુ કાજુ વાલે બાહુ માં ધારી
કુલનાં તોરા ને છડી કરમાં છે ધારી, શોભાના ધામ શ્વેતાયન સુખકારી

વાલા.....

ચટકતી ચાલ પ્યારી જગથકી ન્યારી, કોટીક કામ તણી છબી જાય હારી
શોભા લાવ્યા છો કાંય ધામ થકી સારી, શોભાના ધામ શ્વેતાયન સુખકારી

વાલા.....

કર જોડી વંદુ હું ગાઈ ને કિર્તન, આવી ને દેજો વાલા દાસને દર્શન
દર્શન દઈ ને આશા પુરો પ્રભુ મારી, શોભાના ધામ શ્વેતાયન સુખકારી

વાલા.....

કિર્તન

વ્હાલા લાગો છો પ્રભુ પ્યારા લાગો છો

કૃષ્ણ અનાદિ નાથ રે મને વ્હાલા લાગો છો

શ્વેતાયન હરિ વ્યાસ મને વ્હાલા લાગો છો

વ્હાલા લાગો છો પ્રભુ પ્યાારા લાગો છો

કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મને વ્હાલા લાગો છો

વ્હાલા લાગો છો પ્રભુ પ્યાારા લાગો છો

શરણાગતિ નાં સ્વામિનાથ રે મને વ્હાલા લાગો છો

વ્હાલા લાગો છો પ્રભુ પ્યાારા લાગો છો

વ્હાલા ભકતો ના જીવનપ્રાણ રે મને વ્હાલા લાગો છો

વ્હાલા લાગો છો પ્રભુ પ્યાારા લાગો છો

અનંત સુખ ના ભંડાર રે મને વ્હાલા લાગો છો

વ્હાલા લાગો છો પ્રભુ પ્યારા લાગો છો

વ્હાલા સુખ શાંતિ ના દાતા રે મને વ્હાલા લાગો છો

વ્હાલા લાગો છો પ્રભુ પ્યાારા લાગો છો

મારા માં ભગવાન રહયાં છે તે સન્ત માં છે.
એમ સમજનાર ને સન્ત માં ભગવાનનું દર્શન થાય છે.

કિર્તન

વાગે છે વાગે છે કુલવાડી માં ડંકા વાગે છે
એના સુર ગગન માં ગાજે છે શ્વેતાયન ના ડંકા વાગે છે
અનાદિ શ્રીકૃષ્ણ નારાયણ બિરાજે છે કુલવાડી માં ડંકા વાગે છે
વાગે છે વાગે છે કુલવાડી માં ડંકા વાગે છે
વાગે છે વાગે છે કુંકાવાવ માં ડંકા વાગે છે
કૃષ્ણવલ્લભાચાર્યજી બિરાજે છે કુંકાવાવ માં ડંકા વાગે છે
આપે છે આપે છે પ્રગટ પ્રભુજી દર્શન આપે છે
પુરે છે પુરે પ્રગટ પ્રભુજી પરચા પુરે છે
વિચરે છે વિચરે છે પ્રગટ પ્રભુજી કુલવાડી માં વિચરે છે
વાગે છે વાગે છે કુલવાડી માં ડંકા વાગે છે
રાખે છે રાખે છે પ્રગટ પ્રભુજી નજરૂ રાખે છે

કિર્તન

વેલા વેલા આવો મારા શ્વેતાયન વ્યાસ
ભકતો ને દર્શન દેવા ને કાજ
પ્રગટ ની મુર્તિ માં તેજ અપાર (૨)
દર્શન કરવા ને મન વ્યાકુળ થાય વેલા વેલા....
શ્વેતાયન વ્યાસ મારા પ્રાણ આધાર (૨)
આવી ને કરજો વાલા મારો ઉધ્ધાર વેલા વેલા....
એકવાર વાલા તમારા દર્શન જો થાય (૨)
શરણાગતિ મંડળ ના હૈયા હરખાય વેલા વેલા....
દાસ ઘનશ્યામ તમારો મહિમા રે ગાય
દર્શન આપોને માતા કંભરા ના બાળ વેલા વેલા.....

કિર્તન

વાગથલી ગામ નાનુ મહિમા અપાર છે
પ્રગટ પ્રતાપે જાત્રાનુ ધામ છે કુલવાડી માં પ્રભુ શ્વેતાયન વ્યાસ છે
શેરીએ ને ગલીએ વ્હાલો હર્યાફર્યા છે
ચિન્હોવાળા ચરાગો ના પગલા પાડયા છે
એ શેરીનો મહિમા અપાર છે પ્રગટ પ્રતાપે પ્રસાદિ નુ સ્થાન છે
ઘર ઘર માં વ્હાલે ભોજન કર્યા છે
વિધ વિધ જાતના મિષ્ટાન જમ્યા છે
એ ઘરનો તો મહિમા અપાર છે પ્રગટ પ્રતાપે પ્રસાદી નુ સ્થાન છે
સીમ ખેતર માં વાલો ખુબ વિચર્યા
ઝાડ પાન પક્ષીઓ ના ઉધ્ધાર કર્યા છે
એ ખેતર નો મહિમા અપાર છે પ્રગટ પ્રતાપે પ્રસાદી નુ સ્થાન છે
કુલવાડી માં વ્હાલે સભા કરી છે
ભકતો ના મન ભાવે લીલા કરી છે
એ કુલવાડી નો મહિમા અપાર છે પ્રગટ પ્રતાપે જાત્રા નુ ધામ છે
કંકાવાટી માં વ્હાલે ચરાગો બોળ્યા છે
દામોદર કુંડ કરતા મહિમા અધિક છે
એ નદી નો મહિમા અપાર છે પ્રગટ પ્રતાપે પ્રસાદી નુ સ્થાન છે
વાગથલી ગામ માં વ્હાલો ખુબ વિચર્યા
પરમધામ સમો મહિમા ગાયો છે
એ ભૂમિ નો મહિમા અપાર છે પ્રગટ પ્રતાપે પ્રસાદી નુ સ્થાન છે
એ ભૂમિ નો મહિમા અપાર છે વાલજીભગત એના ગુણલા રે ગાય છે

અન્ત સમે એક ઘડી ભગવાન માં અતિશય પ્રીતિ વડે જોડાય
તો તે કૃપા પાત્ર થઈને મોક્ષ ને જ પામે.

કિર્તન

વાલા શ્વેતાયન હરિ વ્યાસ પ્રભુ નો મહિમા અપરમપાર

મહિમા અપરમપાર હરિ નો મહિમા અપરમપાર રે.....વાલા

હાથ માં છે લાકડી ને ચરણો માં રૂડી ચાખડી

એવા પ્રગટ ભગવાન પ્રભુ નો મહિમા અપરમપાર

પીળા પીતાંબર પહેર્યા ને શિર પર રૂડી પાઘ છે

એવા વિશ્વ ના વિધ્વાન પ્રભુ નો મહિમા અપરમપાર

કંઠે ફુલો ના હાર હરિને ગુલાબ ના છે ગજરા

હરિ ને ભાલે તિલક આજ પ્રભુ નો મહિમા અપરમપાર

દાસી પુનમ ના સ્વામિ શ્વેતાયન હૈયા કેરા હાર છો

દેજો દર્શન વારંવાર પ્રભુ નો મહિમા અપરમપાર

કિર્તન

સપના ની વાત કહુ સપના ની વાત, ભકતો સહુ સાભંળજો સપના ની વાત

સપના મા એકવાર કુંકાવાવ ગ્યાતા
પ્રગટ પ્રભુ ના ચરણે નમ્યાંતા
રાસે રમતા મે જોયા ભકતો સંગાથ, ભકતો સહુ સાંભળજો સપના ની વાત

સપનામા એકવાર જુનાગઢ ગ્યાંતા
શ્વેતાયન વ્યાસજી ના ચરણે નમ્યાંતા
શાસ્ત્રો રચતા મે જોયા શ્વેતાયન વ્યાસ, ભકતો સહુ સાંભળજો સપના ની વાત

સપના મા એકવાર ફુલવાડી ગ્યાંતા
અનાદિ શ્રી કૃષ્ણજી ના ચરણે નમ્યાંતા
મુર્તિ માં જોયુ મે તો તેજ અપાર, ભકતો સહુ સાંભળજો સપના ની વાત

દાસ ઘનશ્યામ ના વ્હાલા શ્વેતાયન
દેજો અમને તમારી સેવા ભકિત નુ બળ
દર્શન દેજો ને વ્હાલા આવી ને આજ, ભકતો સહુ સાંભળજો સપના ની વાત

ભગવાન અને સન્ત ના મહાત્મ્ય જ્ઞાન સહિત નિશ્ચયવાળાને
ભગવાન અને સન્ત અર્થે શું શું ન થાય તે ભગવાન જેમ કહે તેમ કરે.

કિર્તન

સુંદર શોભતાં રે મારા પ્રભુ શ્વેતાયન

પ્રભુ શ્વેતાયન મારા પ્રાણ પતિ જીવન સુંદર.....

નરતન રૂપે શોભે અતી સુંદર છે સ્વરૂપ

કોટીક કામો ને શરમાવે પ્રગટ પ્રભુ નું રૂપ સુંદર.....

મુખ મનોહર ભાલે તિલક ચંદ્રક તેજ અપાર

કંઠે સોહે શોભા તણાં ગુલાબ કેરા હાર સુંદર.....

ભગવી પાઘ શિરે સોહે ભગવા વસ્ત્રો અંગ

ભગવું તે બ્રહ્માંડ રંગાયુ શ્વેતાયન ની સંગ સુંદર.....

કર કમળ માં સુંદર છડી સોનેરી સોહાય

મખમલી મોજડી શોભે ચરણ કમળ માય સુંદર.....

ચટક રંગીલી ચાલ તમારી ઉતરી અંતર માય

નોણે મે નિરખી આજ તમો ને આંખે અળગી ન થાય સુંદર.....

દાસ કહે વ્હાલા દર્શન દેજો પ્રભુ વારંવાર

નજરો નજર નોણે નિહાળી નજરૂ માં વસનાર સુંદર.....

કિર્તન

સખી આજ નો લ્હાવો લીજી એ રે
પ્રભુ પ્રગટ થયા છે આ સમે રે..... સખી આજ નો

સોના નું પારણુ ને રેશમ ની દોરી
હરખે શ્રી બાલકૃષ્ણ ને જુલાવી એ રે..... સખી આજ નો

ફુલડા ની ગાદી ને ફુલડા ના તકિયા
ફુલડા ની સેજ બિછાવી એ રે..... સખી આજ નો

સોના ના બાજોઠ છે હિરલે જડેલા
દિવ્ય હિંડોળે હિંચાવી એ રે..... સખી આજ નો

અમૃત ના મેહુલા ને આનંદ ની હેલી
સુખ ના સરવડે ભીજાંઈ એ રે..... સખી આજ નો

શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી રસીક પ્રભુ રાજતા
ઘડી ઘડી મુંખડા નિહાળી એ રે..... સખી આજ નો

માતા પિતા ને ઉર આનંદ ન સમાય
દાસ બાબુલાલ ગુણ નિશદિન ગાઈ એ રે..... સખી આજ નો

ભગવાન ના ભકત ને તો ગમે તેવો ભૂંડો દેશ કાળ હોય
તો પણ હૈયામાં લેશમાત્ર મુંજવણ આવવા દેવી નહી.

કિર્તન

સર્વે લેજો દિન રાત શ્રી શ્વેતાયન નુ નામ
એના નામ ના પ્રતાપે મૂકિત મળશે જરૂર.... સર્વે લેજો

ધામો મા શ્રેષ્ઠ ધામ કુંકાવાવ જેનુ નામ
જયાં પ્રગટયા મારા શ્રી શ્વેતાયન વ્યાસ
એના નામ ના પ્રતાપે મૂકિત મળશે જરૂર.... સર્વે લેજો

ભૂમંડળ માં શ્રેષ્ઠ કંભરામાતા ના બાળ
પિતા ગોપાળે રાખ્યુ એવું કુંવરજી નામ
એના નામ ના પ્રતાપે મૂકિત મળશે જરૂર.... સર્વે લેજો

સાચા હૃદય થી કરશે જે ભકિત વધુ
તેને મળશે મારા શ્રી અનાદિ પ્રભુ
એના નામ ના પ્રતાપે મૂકિત મળશે જરૂર.... સર્વે લેજો

શરણાગતિ મંડળ ની ભકિત સર્વોપરી
દર્શન વિશ્વ ને આપી કૃપા અનહદ કરી
એના નામ ના પ્રતાપે મૂકિત મળશે જરૂર.... સર્વે લેજો

કિર્તન

સોના ની સાંકળે બાંધ્યો હિંડોળો ફુલવાડી ધામ

હે રૂપા ના કળા ચાર શ્વેતાયન

શોભે હિંડોળો ફુલવાડી ધામ

મધ્યશિખર માં શોભતા વાલો ફુલવાડી ધામ

હે મંદમંદ હશે મહારાજ... શ્વેતાયન....

કાને કુંડળ શોભતા વાલો ફુલવાડી ધામ

કંઠે ગુલાબો ના હાર... શ્વેતાયન....

પીળા પીતાંબર શોભતા વાલો ફુલવાડી ધામ

શોભે હથેળી મા ચિન્હ... શ્વેતાયન....

શરણાગતિ મંડળ સ્થાપ્યુ વાલે ફુલવાડી ધામ

પરચા આપ્યા છે અપાર... શ્વેતાયન....

આસો વદ આઠમ આવતી વાલે ફુલવાડી ધામ

આનંદ ઉત્સવ થાય... શ્વેતાયન....

શરણાગતિ મંડળ ઓળખ્યા વાલો ફુલવાડી ધામ

સાક્ષાત પ્રગટ ભગવાન... શ્વેતાયન....

સંત સ્વરૂપે વિચર્યા વાલો ફુલવાડી ધામ

હે અવતાર ના અવતારી... શ્વેતાયન....

શરણાગતિ મંડળ ના નાથજી વાલો ફુલવાડી ધામ

હે દર્શન દે જો આજ... શ્વેતાયન....

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ નું ભજન કરવું મોટા સન્ત ના નામ લઈ ને
પ્રાર્થના કરવી તેણે કરીને બધા ઘાટ સંકલ્પ ટળી જાય છે.

કિર્તન

સખી આજ ગોપાળ કુંવર દીઠા રે
મારી શેરી એ મલપતી ચાલ માં રે..... સખી
સાથે સંતો ના ગીત મધુરા રે
ચાલ્યા આવે છે ગાન ગુલતાન માં રે... સખી
આવે કૃષ્ણ કુંવરજી હસતા રે
પ્રેમી ભકતો ને લીધા વ્હાલે સાથ માં રે... સખી
જગ આખુ જૂએ ને ખેલે શ્રી હરિ રે
જમાણા કર માં રાખી છે રૂડી માળા રે... સખી
આવે ગજગતિ ની ચાલ માં રે
રૂડા વસ્ત્ર પહેરી માથે પાઘ છે રે... સખી
રંગળા ની વાળી વાલે રેલ્યુ રે
સુખ આપી મોક્ષ દિધા ધામ ના રે... સખી
રસિયો જોવા ને ઊભા સહુ સાથમા રે
ઊભા ચોરે ચૌટે રૂડા ગોખ માં રે... સખી
કૃષ્ણ કુંવરજી નું મુખ શોભતું રે
જાણે નભમાં શોભિતો ચંદ્ર માં રે... સખી
જોઈને ઘાયલ થઈ છું તાનમાં રે
નેણા કેરી ચોટ મારા દિલ માં રે... સખી
કંઠે હાર હજારી હેમના રે
નિરખી મોહયું મન ગુલતાન માં રે... સખી
સખી દાસ જયંતિ ના નાથને રે...
નીરખી જાવું વારી મારા વાલ માં રે... સખી

કિર્તન

સખી હું તો નવા નવા હિંડોળા સજાવું
હિંડોળે ઝુલે મારા શ્વેતાયન વ્યાસ
હિંડોળે ઝુલે મારા શ્વેતાયન વ્યાસ..
મખમલ કેરા ગાદી તકિયા બિછાવું
રંગબેરંગી તકિયા બિછાવું મહારાજ
હિંડોળે ઝુલે મારા શ્વેતાયન વ્યાસ..
દાડમ અંગુરને સીતાફળ લાવું
ફળો કેરા હિંડોળા સજાવું મહારાજ
હિંડોળે ઝુલે મારા શ્વેતાયન વ્યાસ..
હીરા માણેક ને મોતીડા મંગાવું
રંગબેરંગી હિંડોળા સજાવું મહારાજ
હિંડોળે ઝુલે મારા શ્વેતાયન વ્યાસ..
હાર હજારી ને ગુલાબ મંગાવુ
વિધ વિધ ફુલડા સજાવું મહારાજ
હિંડોળે ઝુલે મારા શ્વેતાયન વ્યાસ..
આસોપાલવ ના તોરણ બંધાવું
કેળો ના સ્તંભ રોપાવુ મહારાજ
હિંડોળે ઝુલે મારા શ્વેતાયન વ્યાસ..
હિંડોળે ઝુલાવી ને કોડ પુરા કરશું
હિંડોળે ઝુલાવે શરણાગતિ આજ
હિંડોળે ઝુલે મારા શ્વેતાયન વ્યાસ..

અક્ષર બ્રહ્મ તે ભગવાનને રહેવાનું ધામ છે.

કિર્તન

સંભાળ લેજો રે વ્હાલા સંભાળ લેજો

શ્વેતાયન વ્યાસ મારી સંભાળ લેજો

આનંદ સાગર અવિનાાશી કહેવાયા

દયા કરીનેં વ્હાલા દયા કરી ને મને દર્શન દેજો

સંભાળ લેજો રે મારા રૂદિયા માં રહેજો

હૈયા નો હાર મારુ હૈયુ હરખાયુ

કહેવાનુ હોય તે વ્હાલા કહેવાનુ હોય તે મન મુકીને કેજો

સંભાળ લેજો રે મારા રૂદિયા મા રહેજો

હુ રે વિસારૂ વ્હાલા વિસરી ના જાશો

હુ રે વિસારૂ વ્હાલા હુ રે વિસારુ તમે વિસરી ન જાશો

સંભાળ લેજો રે મારા રૂદયા મા રહેજો

શરણાગતિ મંડળ વ્હાલા વિનંતી કરે છે

વિનંતી સુણીને વ્હાાલા અરજી સુણી ને મને દર્શન દેજો

સંભાળ લેજો રે મારા રૂદિયા મા રેજો

કિર્તન

સમજો તો સુખ છે નહિતર પછી દુઃખ છે
પાછળ થી પસ્તાશો રે લોલ
ભકિત વિના ભવસાગર નહિ ઉતરો રે લોલ

માયા ની જાળ માં મીઠી મધ લાળ માં
મોંઘુ જીવન વઈ જાશે રે લોલ
આવ્યો હિરલો ફરી નહી આવે હાથ માં રે લોલ

જાવુ જરૂર છે મંદિર દૂર છે
મારગમાં અટવાશો રે લોલ
ભોમિયા વિના ભુલા પડશો વાટમાં રે લોલ

માયાના ચાદરો ભલે તમે પાથરો
અંતે પડયુ રહેશે રે લોલ
કરણી કરશો તે સંગાથે આવશે રે લોલ

શ્વેતાયન નામ છે ને રટવા નુ કામ છે
મેલોને મોટાયુ રે લોલ
અનાદિ શ્રી કૃષ્ણ નું શરણુ તારશે રે લોલ

જેટલુ ભગવાન પાસે રહેવાય તેટલું અધિક સુખ છે. છેટે રહેવાય તેટલુ દુઃખ છે.

કિર્તન

સખી નિરખ્યા મે શ્વેતાયન વ્યાસ આનંદ અપરમપાર
દર્શન દેવા આવ્યા છે મહારાજ આનંદ અપરમપાર
વ્હાલે પહેરીયા છે ગુલાબ ના હાર આનંદ અપરમપાર
કેશર કુમકુમ ચંદ્રક શોભે ભાલ આનંદ અપરમપાર
હસતા ખાડા પડે છે બે ગાલ આનંદ અપરમપાર
મંદ મંદ હસે છે મહારાજ આનંદ અપરમપાર
મુખ હસતુ છે તેજ અપાર આનંદ અપરમપાર
શિખા ધવલ શ્રી ફળાકાર આનંદ અપરમપાર
કરમાં માળા ધરી છે મહારાજ આનંદ અપરમપાર
લટકા કરતા લટકાળા આજ આનંદ અપરમપાર
ભેટે ભકતો ને ભરી ભરી બાથ આનંદ અપરમપાર
નાથ નિરખી ને થયો છુ સનાથ આનંદ અપરમપાર
દીધી છાતી એ ચરાણ ની છાપ આનંદ અપરમપાર
શીરકર સ્થાપી ટાળયા છે તાપ આનંદ અપરમપાર
અતિ હેતે બોલાવે કરી પ્યાર આનંદ અપરમપાર
કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આનંદ અપરમપાર
ભાંગી જન્મો જનમની પ્યાસ આનંદ અપરમપાર
શરાણાગતિ ની પુરતા આશ આનંદ અપરમપાર
પીતા નાળીયેર પાણી ચા આજ આનંદ અપરમપાર
જમતા જોયા મે શ્રી મહારાજ આનંદ અપરમપાર
કલમ ધારી છે વાલે આ વાર આનંદ અપરમપાર
રચિયા શાસ્ત્રો સતાવન સાર આનંદ અપરમપાર
વ્હાલો શ્વેતાયન હરિ વ્યાસ આનંદ અપરમપાર
પરમધામો ના ધામી મહારાજ આનંદ અપરમપાર
અનાદિ શ્રી કૃષ્ણનારાયણ આજ આનંદ અપરમપાર
દાસ શાંતિ ના જીવન પ્રાણ આનંદ અપરમપાર

કિર્તન

સુખકારી મુર્તિ તમારી છડીધારી, સુખકારી મુર્તિ તમારી
યુવાન સ્વરૂપે વ્હાલો ગાલીચે ઉભા,
દર્શન આપે છે અવતારી... છડીધારી
ભગવી ધોતી ને ભગવો ખેસ છે
ભગવી પાઘડી ધારી .... છડીધારી
મુખ કમળ મારુ મનડુ હરે છે
તેજ નું ચક્ર શોભે ભારી .... છડીધારી
ભાલે તિલક ને ચાંદલો શોભે
તેજસ્વી બ્રહ્મરેખા ધારી .... છડીધારી
પ્રેમ ભરેલા લોચન શોભે
પાંપણ શ્યામ રોમ ધારી .... છડીધારી
નમણી નાસીકા મનડુ લોભે
બેઉ કાને ચશ્માધારી .... છડીધારી
ચીબુકને ગાલ ગુલાબી શોભે
પાતળીયા હોઠ શોભે ધારી .... છડીધારી
શ્વેત ગુલાબી હાર બે કંઠે
મોટેરા તોરા શોભે ભારી .... છડીધારી
જમણા કરમાં માળા શોભે
ડાબા હાથે છડીધારી છડીધારી
ચરણો માં નખમણીયો શોભે
ત્રણ ત્રણ ઘુંટીઓ શોભે ભારી .... છડીધારી
દાસ પ્રવિણ વિનંતી કરે છે
રહેજો અખંડ ઉરધારી .... છડીધારી

કિર્તન

સદ્‌ગુરૂ મારા પ્રગટ પ્રભુના પરમ સુખ અપાવે

દિવ્ય જીવનની જ્યોત જગાવી પ્રગટશું પ્રીત કરાવે .... સદગુરૂ...

ત્રિવિધી તાપથી રક્ષા કરીને અમૃત રસ વરસાવે

દેહ અભિમાનથી દુર કરાવીને બ્રહ્મરૂપ બનાવે .... સદગુરૂ...

સોના જેવો શુધ્ધ કરીને તાપ દઈને તપાવે

ટીપી ટીપી ઘાટ ઘડીને મારા પ્રભુજીના અંગે ચડાવે .... સદગુરૂ...

ભવ સાગરમાં વહાણ બનીને ભકિત માલ ભરાવે

સમજાણ રૂપી શઢ ચડાવીને ખેવટીયા બન જાવે .... સદગુરૂ...

અક્ષર દિશાનો વાયુ કરીને પરમધામ પહોચાવે

ઉપાસનાના લંગર નખાવીને બ્રહ્મકુંડમાં સ્નાન કરાવે ... સદગુરૂ...

શ્વેતાયન હરિ કરૂણા કરીને દિવ્ય રૂપ બનાવે

દાસ શાંતી કહે પ્રગટ પ્રભુજી મારા અખંડ આનંદ વરતાવે.....

કિર્તન

સુખકારી પ્રગટ પ્રભુજી છો મારા, સુખ નાં સાગર શ્વેતાયન હરિ મારા સુખકારી....

ચરણ કમળ પુજુ પ્રગટ તમારા, કોટી વંદન વાલા ચરણે તમારા

વંદન સ્વીકારો ભાવ ભર્યા તે મારા, સુખ નાં સાગર શ્વેતાયન હરિ મારા સુખકારી....

ભાવે ભજુ છુ પ્રભુ ભાવ, લાવી નિવાસ કરો ને મુજ અંતરે આવી

ભકતો નાં રૂદિયે સદાય વસનારા, સુખ નાં સાગર શ્વેતાયન હરિ મારા સુખકારી....

શ્વેતાયન બોલતાં સુખ અતિ થાય છે, અંત કરણ ચિત માં શાંતિ વર્તાય છે

વ્હાલા તારા નામ રટે રોમે રોમ મારા, સુખ નાં સાગર શ્વેતાયન હરિ મારા સુખકારી....

દયા કરી દ્રષ્ટી કે ચરણે અપનાવી, અમ જે જીવ પર રાજીપો વરસાવી

શરણે લઈને સુખ રૂપ થનારા, સુખ નાં સાગર શ્વેતાયન હરિ મારા સુખકારી....

ધર્યો અવતાર ભકત જનો નાં કાજે, સુખ દિધા છે વ્હાલે આવી ને આજે

વ્હાલા ભકતો ને લાડ લડાવ નારા, સુખ નાં સાગર શ્વેતાયન હરિ મારા સુખકારી....

શ્વેતાયન હરિ મારા સમરથ સ્વામિ, અંતર જામી છે પરમ ધામ નાં ધામી

ભવો તે ભવ ના કષ્ટો ને કાપનારા, સુખ નાં સાગર શ્વેતાયન હરિ મારા સુખકારી....

દાસ કહે સુખ થાય ગુણગાન ગાતા, શરણાગતિ ભકતો નાં ભાગ્ય સમજાતા

અંતરનાં આષિશ ને વર આપનારા, સુખ નાં સાગર શ્વેતાયન હરિ મારા સુખકારી...

કિર્તન

સુખના સાગર છો શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી રે
સુખ ના સાગર છો
કેસર ચંદન ચર્ચયા શોભે તિલક ચંદ્રક મનડું લોભે
ભાલ વિશાળ ચળકે તપ ના તેજ થી રે... સુખના....
પુરણ શશી સુ વદન તમારૂ દર્શન છે દુઃખડા હરનારૂ
મન હરતુ એ મુખડુ શોભે સ્મિતથી રે.... સુખના....
વાણી મનોહર મુગ્ધ કરતી સુણતા સર્વે સંશય હરતી
પરમ પુનિત એ વાણી શ્વેતાયન વ્યાસની રે.... સુખના...
આણીયારા નયણા ને નિરખી રાખે ભકત હદય શુ હરખી
દિવ્ય અવલૌકીક દ્રષ્ટિ એ નિહાળતા ર.... સુખના....
બેઉ કર અજાન બાહુ રૂપાળા શોભે ચિન્હો સહિત સુખળા
સામુદ્રિક શાસ્ત્રો પ્રમાણે શોભતા રે... સુખના....
જમણા કરમા સ્વસ્તિક શોભે ધનુષ ધજા જવ મન લોભે
મીન ચિન્હ આપે મહા સુખ ને રે..... સુખના....
ભકતો ને બંને કર સ્થાપી કોટી જનમના પાતક કાપે
દિવ્ય અવલોકીક મહા સુખ આપતા રે... સુખના....
બેઉ ચરણો માં ઉર્ધ્વ રેખા શોભે છે ગુલાબ પુષ્પ સરીખા
દિવ્ય ચિન્હો શોભે છે ચરણો મા રે... સુખના...
સાથળ મનમાં રાખવા જેવો ખાપા ચિન્હો સહિત શોભિતો
લક્ષ્મીજી બિરાજે એકાંતમાં રે..... સુખના...
દિવ્ય મુર્તિ સુખકારી આનંદ ઘન હરિવર અવતારી
જોઈને વિચારે શુકજી જેવા જોગીયા રે... સુખના...
ચરણ યુગલની મુજને સ્વામિ સેવા દેજો અંતરજામી
માંગે ભકત મોહન તવ ચરણો ની સેવા રે... સુખના...

કિર્તન

સુખરૂપ છો શ્રી શ્વેતાયન વ્યાસ
અનાદિ શ્રીકૃષ્ણ નારાયણ..... અનાદિ
સર્વે યોગીકા સ્વામિ યોગેશ્વર
સર્વ રાજોકા ગુરૂ રાજાધિ રાજ..... અનાદિ
સર્વે પુરૂષોકા પુરૂષોતમ
સર્વે નારાયણ કા છો પરનારાયણ..... અનાદિ
તેજ પ્રભુ પ્રગટીયા કુંકાવાવમાં
સર્વે અવતારો નાં ધરતલ આજ ..... અનાદિ
દાસ રમેશ ઉપમા આપી આપીને
એ ને ના મલ્યો રે સાર્મથ્ય નો અંત..... અનાદિ
એટેલુ કહેવું સેવક નું સાંભળો
રહેજો રાજી રાજી પ્રભુ અમ પર ..... અનાદિ

કિર્તન

સખી આનંદ અપરમપાર હૈયે હોશ ઘણી.
મારે જાવુ જુનાગઢ ધામ હૈયે હોશ ઘણી.
દર્શન કરવા ને શ્રી મહારાજ હૈયે હોશ ઘણી.
સુખ સાગર શ્વેતાયન વ્યાસ હૈયે હોશ ઘણી.
વિશ્વંભર શ્રી ગોપાળ લાલ હૈયે હોશ ઘણી.
વળી ભેટશુ મળી મહારાજ હૈયે હોશ ઘણી.
સેવા કરીને થાશુ સનાથ હૈયે હોશ ઘણી.
રસ બસ હરિ સંગે લેશુ આનંદ હૈયે હોશ ઘણી.
પહેરાવશું ગુલાબ ના હાર હૈયે હોશ ઘણી.
દાસ શાંતિ ના જીવન પ્રાણ હૈયે હોશ ઘણી.

કિર્તન

શોભે પ્રભુ સંત સભાની મોજાર

ચળકતી બ્રહ્મરેખા ભાલ... શોભે પ્રભુ...

કંઠે ગુલાબના હાર હરિએ પહેર્યા

શીખા મધ્યે સુર્ય ચળકતો ભારી... શોભે પ્રભુ...

કર ચરણોમાં ગુલાબ ના ગજરા પહેર્યા

ઉદરમાં ત્રિવળી શોભે શ્વેતાયનને... શોભે પ્રભુ...

ડાબા સાથળમાં લક્ષ્મીજી બિરાજે

બાજુમાં ખાપો તન છે ન્યારો... શોભે પ્રભુ...

કર ચરણોમાં ચિન્હો શોભે કૃપાળા

દર્શન કરી કહે અવતાર ના અવતારી... શોભે પ્રભુ...

વિધ્વાનો કહે વેદ વ્યાસ નો અવતાર

કોઈ કોઈ સરસ્વતી રહયા છે ધારી... શોભે પ્રભુ...

દિવ્ય મુર્તિ અલૌકીક દીપે

શરણાગતિ સુખી કર્યું શ્વેતાયને... શોભે પ્રભુ...

હેત રાખો સાચા સંતમાં રે

માંગે ગોવિંદ તવ ચરણો ના સુખ... શોભે પ્રભુ...

શરણાગતિ માંગે તવ મુર્તિ ના સુખ... શોભે પ્રભુ...

કિર્તન

શોભે છે પ્રગટ હરિ પ્રભુજી મારા શોભે છે પ્રગટ હરિ... શોભે છે...

ગોપાળ દેવ ના છે લાલ અલબેલા
શરણાગતિ ભકતો ને કર્યા છે ઘેલા
વસી ગયા છો નેણલે અમારી પ્રભુજી મારા શ્વેતાયન સુખકારી શોભે છે...

મુખ મલપતું ને તેજ જળકતું
જોઈ ને વાલા મારૂ મન ઢળકતું
ભાલે તિલક ચંદ્રક ધારી પ્રભુજી મારા શ્વેતાયન સુખકારી શોભે છે...

કમળ ની પાંખડી જેવી છે આંખડી
હાથ માં લાકડીને શીર પર પાઘડી
બેઉ કાનો માં કુંડળ ધારી પ્રભુજી મારા શ્વેતાયન સુખકારી શોભે છે...

હ્રદય કમળ ના તો રંગ છે ગોરા
ગુલાબના હારને ગુલાબના તોરા
આવ્યા અલૌકિ રૂપ ધારી પ્રભુજી મારા શ્વેતાયન સુખકારી શોભે છે...

લાગે રૂપાળા બહુ છેલ છોગાળા
ભગવા વસ્ત્રો વળી કરમાં તે માળા
ખંભે ખેશ શોભે છે અતિભારી પ્રભુજી મારા શ્વેતાયન સુખકારી શોભે છે...

દાસ કહે દર્શન દેજો સુખકારી
મૂર્તિ તમારી વાલા મન હરનારી
મને માયા લાગી છે તમારી પ્રભુજી મારા શ્વેતાયન સુખકારી શોભે છે...

કિર્તન

શોભે છે ફુલવાડી એ અનાદિ કૃષ્ણ શોભે છે ફુલવાડી એ

હે જી વ્હાલા કંકાવટી ને કાંઠડે વ્હાલા મારા શોભે છે ફુલવાડી

કુંકા તે વાવ માં પ્રગટીયા અનાદિ કૃષ્ણ કુંકા તે વાવ માં પ્રગટીયા

હે જી વ્હાલા કંભરાલક્ષ્મી ના બાળ રે વ્હાલા મારા શોભે છે ફુલવાડી

કર માં માળા ધારતા અનાદિ કૃષ્ણ કર માં માળા ધારતા

હે જી વ્હાલા કંઠે ગુલાબ ના હાર રે વ્હાલા મારા શોભે છે ફુલવાડી

ફુલવાડી ના ચોક માં અનાદિ કૃષ્ણ ફુલવાડી ના ચોક માં

હે જી વ્હાલા સર્વે અવતાર લીન કરીયા વ્હાલા મારા શોભે છે ફુલવાડી

ચરણો માં ચિન્હ બતાવતા અનાદિ કૃષ્ણ ચરણો માં ચિન્હ બતાવતા

હે જી વ્હાલા સર્વોપરી સ્વરૂપ સમજાવતા વ્હાલા મારા શોભે છે

ફુલવાડી

સભા ભરી ને બેસતા અનાદિ કૃષ્ણ સભા ભરી ને બેસતા

હે જી વ્હાલા સંત મંડળ ની સંગાથ રે વ્હાલા મારા શોભે છે ફુલવાડી

શરણાગતિ મંડળ ના સંગ માં અનાદિ કૃષ્ણ શરણાગતિ મંડળ ના સંગ માં

હે જી વ્હાલા રાસ રમે છે ભગવાન રે વ્હાલા મારા શોભે છે ફુલવાડી

કિર્તન

શરણાગતિ ના સ્વામિ છો તમે શ્વેતાયન અવતારી
મન મંદિરયે તમે બિરાજો પ્રગટ છો બહુનામી
શરણાગતિ ના...

કુંકાવાવ છે ગામ તમારું વસ્યા છો કુલવાડી
કુલવાડી માં પ્રગટ બિરાજો સ્વયં છો અવતારી
શરણાગતિ ના...

સભામધ્યે સાક્ષાત બિરાજો તમે છો અંતરજામી
ભકતો તમારા શરણે આવે દંડવત શીશ નમાવી
શરણાગતિ ના...

ડાબા સાથળ માં લક્ષ્મી બિરાજે ખાપો છે અતિ ન્યારો
ચરણકમળ માં ચિન્હો શોભાવે શરણાગતિ નો ખ્યારો
શરણાગતિ ના...

ભકતો તમારા દર્શન માંગે વેલા વેલા આવો
દર્શનીયા કરીને ભકતો અવસર નો લે લ્હાવો
શરણાગતિ ના...

દાસ તમારા વિનવે અમને તમારી પાસે રાખો
શરણાગતિ ના સ્વામિ શ્વેતાયન ચરણો ની સેવા આપો
શરણાગતિ ના...

કિર્તન

શોભે કુંકાવાવધામ રળીયામણું રે

ત્યાં પ્રગટીયા અનાદિ શ્રી કૃષ્ણ શોભે શોભે, શોભે કુંકાવાવ...

આસોવદી આઠમની પ્રભાતડી રે

વાલે ધર્યું છે નરતન રૂપ શોભે શોભે, શોભે કુંકાવાવ...

પ્રભુ મહા મુકતો ની સંગે આવીયા રે

મહા મોટા બંધાવીયા મંદિર શોભે શોભે, શોભે કુંકાવાવ...

કુંકાવાવ માં રજત ઉત્સવ થાય છે રે

નોબત વાગે ને જય જય થાય શોભે શોભે, શોભે કુંકાવાવ...

દિક્ષા ભગવા વસ્ત્રો પ્રભુએ આપીયા રે

અમને આપ્યા અભય વરદાન શોભે શોભે, શોભે કુંકાવાવ...

કંભરામાતા ના વચન નિભાવીયા રે

ગુંદે આવી ને દીધા દર્શન શોભે શોભે, શોભે કુંકાવાવ...

આ ફેરે અઢળક વાલો ઢળીયા રે

અખંડ આનંદ સુખ અપાર શોભે શોભે, શોભે કુંકાવાવ...

દાસી જયા ને દર્શન આપીયા રે

સભા મધ્યે આવી ને સાક્ષાત શોભે શોભે, શોભે કુંકાવાવ...

કિર્તન

હું દાસ છું તમારો દર્શન દેવા આવો,
દર્શન દેવા આવો સંતો ને સંગે લાવો ...હું દાસ છું

ગુલાબ હાર પહેરી ભકતોને મન ભાવો,
બાજુ કાજુ બાંધનારા શ્વેતાયન હરિ આવો ...હું દાસ છું

શિર પર પાઘ ધારી, કર માં માળા ધારી,
સંતો ને સુખ દેવા પ્રગટ હરિ આવો ...હું દાસ છું

કર માં કલમ ધારી, શ્વેતાયન અવતારી,
શાસ્ત્રો ના રચનારા શ્વેતાયન હરિ આવો ...હું દાસ છું

દિવ્ય ચિન્હોધારી આચાર્ય હરિ આવો,
ભકતો ને સુખ દેવા શ્રી કૃષ્ણવલ્લભ આવો ...હું દાસ છું

ખરે ટાણે આવી ભકતો ના દુઃખ કાપો,
દાસ શાંતિ ને સુખ દેવા, અનાદિકૃષ્ણ આવો ...હું દાસ છું

કિર્તન

હાથ માં છે લાકડી નેં માથે છે પાઘડી

કંઠે ગુલાબો ના હાર શ્વેતાયન કુંકાવાવ વાળા

ગોપાળ દેવ ની આજ્ઞા જ લઈને

બાળપણ માં સંસાર છોડયો શ્વેતાયન કુંકાવાવ વાળા

કુંકાવાવ ગામ માં જન્મ જ ધરીયો

કંભરા લક્ષ્મી ના બાળ શ્વેતાયન કુંકાવાવ વાળા

કાશી એ જઈને વ્હાલો વિદ્યા ભાણી આવ્યાં

વિશ્વ ના પંડિતો હરાવ્યાં શ્વેતાયન કુંકાવાવ વાળા

સાધુ રૂપે વાલો જુનાગઢ માં રહયાં

દિવ્ય મુર્તિ કુંકાવાવ શ્વેતાયન કુંકાવાવ વાળા

દેશ વિદેશ માં દર્શન આપતાં

અનેક માનતાઓ આવે શ્વેતાયન કુંકાવાવ વાળા

દેશ વિદેશ માં ભકતો સંભાળે

ચરણો માં રાખો મહારાજ શ્વેતાયન કુંકાવાવ વાળા

શરણાગતિ મંડળ ના ભકતો સંભાળે

પરમધામ માં આપજો વાસ શ્વેતાયન કુંકાવાવ વાળા

કિર્તન

હારે હરિ આજ પ્રગટ ફુલવાડી એ
હારે અમે હરખે શિખર માં પધરાવીયા જી રે હરિ આજ....

હારે હરિ સંત મંડળ સાથે લાવીયા
હારે હીરા મોતી ને ફુલડે વધાવીયા જી રે હરિ આજ....

હારે તમે શરણાગતિ ને સાથે લાવીયા
હારે તમે મોક્ષ મંદિર બંધાવીયા જી રે હરિ આજ....

હારે હરિ એ જરકશી જામા પહેરીયા
હારે ઘેર ઘેર પધરામણી એ આવીયા જી રે હરિ આજ....

હારે કાને કુંડળ મકરા આકાર છે
હારે હરિ ના કંઠે ગુલાબ ના હાર છે જી રે હરિ આજ....

હારે હરિ હરખે ફુલવાડી એ આવીયા
હારે સૌને મોક્ષ ના માર્ગ બતાવીયા જી રે હરિ આજ....

હારે કર્યુ ગઢડુ વાણથલી ગામ ને
હારે નદી કંકાવટી ને કાઠડે જી રે હરિ આજ....

હારે થઈ પાવન જામવાણથલી
હારે બીજા રહયા છે લોક મથી મથી જી રે હરિ આજ....

હારે વાલે ભકતો ને સુખ અતિ આપીયા
હારે બળી મરે છે લોક સહુ અભાગીયા જી રે હરિ આજ....

હારે દાસ રણછોડ ના સ્વામિ શ્વેતાયન
હારે દેજો દર્શન આવી ને ઉતાવળા જી રે હરિ આજ....

ભગવાન માં હેત ને બાને તેને ઓથે બીજા માં મોહ ને હેતે વળગે તે પણ માયા

કિર્તન

હસતી મુરતી તમારી મરમાળી
હસતી મુરતી તમારી
પ્રોઢ સ્વરૂપે વ્હાલો દર્શન આપે
કૃષ્ણ વલ્લભાચાર્યજી નામધારી .... મરમાળી
પુનમના ચંદ્ર જેવું મસ્તક શોભે
સોનેરી શીખા રહયા ધારી .... મરમાળી
કેસરનું તિલકને કુમકુમનો ચાંદલો
ચળકતી બ્રહ્મ રેખા ધારી .... મરમાળી
સોને મઢેલા ગોળ ચશમાં શોભે
નમાણી નાસીકા માથે ધારી .... મરમાળી
આણીયારા વિશાલ નેત્રો શોભે
કરૂણા દ્રષ્ટિએ નિહાળી .... મરમાળી
સોનેરી રોમની ભ્રકુટી શોભે
પાંપણ લાગે અતિ પ્યારી .... મરમાળી
ગુલાબી ગાલને પાતળીયા હોઠ છે
ચીબુક શોભે અતિ ન્યારી .... મરમાળી
વિંધેલા કાન મને લાગે લોભામણા
ભગવા વસ્ત્રો રહ્યાધારી .... મરમાળી
કંઠે ગુલાબના હાર રે શોભે
દાસ પ્રવિણ જાય વારી .... મરમાળી

કિર્તન

હિંડોળા જોઈ મન મારૂ લોભાય, હિંડોળે શ્વેતાયન હરિ સોહાય
નિત નવા નવા શાગગાર થાય, હિંડોળે શ્વેતાયન હરિ સોહાય

સોના રૂપાનો રૂડો હિંડોળો શોભે
શોભા હિંડોળાની શી કહી જાય, હિંડોળે શ્વેતાયન હરિ સોહાય

કુલવાડી ધામની આંબલીની ડાળે
હિંડોળો કંકાવટી કાઠે સોહાય, હિંડોળે શ્વેતાયન હરિ સોહાય

હિંડોળે જુલે મારા પ્યારા પ્રભુજી
શોભા હિંડોળાની ઉગી હરખાય, હિંડોળે શ્વેતાયન હરિ સોહાય

અંગોના અંબર શોભે છે સુંદર
પાઘ તે શીર પર અતિ સોહાય, હિંડોળે શ્વેતાયન હરિ સોહાય

હળવું હસતું મુખડું વાલાનું
મુંખડું જોઈને મારૂ મન લોભાય, હિંડોળે શ્વેતાયન હરિ સોહાય

જુલતાં જુલતાં લટકા કરતાં
લટકા રે અંતરે ઉતરી જાય, હિંડોળે શ્વેતાયન હરિ સોહાય

દેવો અવતારો તેના દર્શને આવે
પ્રભુને જુલાવી રાજી રે થાય, હિંડોળે શ્વેતાયન હરિ સોહાય

હિંડોળો ભકતોના ભાવ ને હેત નો
દાસ આજ તેના રે ગુણલા ગાય, હિંડોળે શ્વેતાયન હરિ સોહાય

ભગવાન નું ચિંતન કરતાં કરતાં દેહ મૂકે તો અતિ મોટી પદવી ને પામે છે.

કિર્તન

હારે આજ પ્રગટ પ્રભુ છે હરિ, શ્વેતાયન ભજતા ભવપાર ઉતારશે...
હારે ભલે ભાવે ભજો કે કભાવે, શ્વેતાયન ભજતા ભવપાર ઉતારશે... હારે....
આ જીવન છે ઘડીક તો વારનો, સુખ સપના જેવા છે સંસારને
જોત જોતામાં જતાં એ રહેશે, શ્વેતાયન ભજતા ભવપાર ઉતારશે... હારે....
જરા જોશું તો મનમાં વિચારી માનવ દેહ મળે ના વારી વારી
એ સમજીને જે કોઈ ભજશે, શ્વેતાયન ભજતા ભવપાર ઉતારશે... હારે....
હરી સત્સંગ સંતોની સંગમાં રંગાશું પ્રગટ પ્રભુંના રંગ મો
દયા કરીને દુઃખડા હરશે, શ્વેતાયન ભજતા ભવપાર ઉતારશે... હારે...
પુણ્ય પ્રમાણે સુખ સ્વર્ગ આવશે, પુન્ય ખુંટયા કે જન્મો ધરાવશે
આવા ગામને ટાળી દેશે, શ્વેતાયન ભજતા ભવપાર ઉતારશે... હારે....
જન્મ મરાણતો અચુક છે માથે, પાપ પુણ્ય તો આવશે રે સાથે
ભકિત ભાળીને દોઠી આવશે, શ્વેતાયન ભજતા ભવપાર ઉતારશે... હારે....
આસ છુટે છેલ્લી જે ઘડીયે રહો સન્મુખ આવી તે ઘડીયે
જોતા આંખડી વિચાયશે મારી, શ્વેતાયન ભજતા ભવપાર ઉતારશે... હારે....
તારી ભવજળ આરે લાવશે આવરણો થી પાર ઉતારશે
સાચા બની ખૈવેયા આવશે, શ્વેતાયન ભજતા ભવપાર ઉતારશે... હારે....
જન્મ મરાણના કષ્ટોને કાપી, દેશે પરમધામે પ્રભુ સ્થાપી
દાસ કહે શરાણોમાં લેશે, શ્વેતાયન ભજતા ભવપાર ઉતારશે... હારે....

કિર્તન

હું વિનવું કર જોડી પ્રગટ સુખકારી
આવ્યો છું દોડી દોડી હું શરણે તમારી

... હું વિનવું

પ્રગટ પ્રભુ મારે એક આશરો તમારો એક આશરો તમારો
ઉભો છું તવ દ્વારે હું યાંચવા સહારો હું યાચવા સહારો
જશો નહી વિસારી આ વિનતી અમારી

... હું વિનવું

મન કર્મ વળે વળી ભકિત કરૂ તમારી ભકિત કરુ તમારી
ભકતોમાં હળી મળી સેવા કરૂ તમારી સેવા કરુ તમારી
આ અરજ અમારી છે ચરણે તમારી

... હું વિનવું

છો સુખના સાગર સુખોને આપનારા સુખોને આપનારા
દિન દુઃખી જનોના દુઃખો ને હરનારા દુઃખો ને હરનારા
કૃપા કરો તમારી ઓ પ્રભુ છડી ધારી

... હું વિનવું

દ્રષ્ટી છે દુર એવી કુંજ વૃતિ છે તમારી કુંજ વૃતિ છે તમારી
દુર દેશે પણ સેવી રક્ષા કરી અમારી રક્ષા કરી અમારી
આ ઋણ કેમ વિસારી દુઃખોથી લીધા તારી

... હું વિનવું

ભવ બ્રહમાં આદિ નમે ભકતપતિ તમોને ભકતપતિ તમોને
પ્રગટ છો આ સમે હું વિનવું તમોને હું વિનવું તમોને
પતિત પાવન કારી પ્રભુ છો અવતારી

... હું વિનવું

આ જીવની ટાળો ખામી ઓ ધામના ઓ ધામીઓ ધામના ઓ ધામી
આ દાસના છો સ્વામિ પ્રગટ બહું નામી પ્રગટ બહું નામી
ઓ ભવ ભય હારી ભવ જળ દેજો તારી

... હું વિનવું

કિર્તન

હરિવરને હેતથી વરીએ રે
પ્રિતમથી લાગી આજે મને પ્રીત રે
વેલેરા પ્રગટ તમે પધારજો રે
રથડા જોડી જુનાગઢથી આવજો રે
રથડા છોડો કંકાવટી તીર રે
કુલવાડીએ બાંધ્યો મોટો માંડવો રે
રથડા હાંકે હેમંતરાય હરખે રે
મોહનવર બિરાજે રથમાં રે
રથડા હાંકયા છે કુલવાડી રે
રથડા આવી છોડયા કંકાવટીએ રે
હરિના સામૈયા મે કર્યા રે
મોહનવર જોઈ આનંદ અતી વહેર્યા રે
શ્વેતાયને ચિત મારું ચોરીયું રે
બીજે કયાંય ચોટે નહિ ચીત રે
આજે પ્રગટ હરિ પધાર્યા રે
હરિવરને હેતથી વરુ રે
હથેવાળો આપવાં પ્રગટ પ્રભુને જ રે
હરિ હાથ ગ્રહો મારો હેતથી રે
હરિવરની વરમાળા પહેરીને
અમર ચુડલા દિયા મારો આજ રે
પ્રાણપતિ પર્ધાયા કુલવાડીએ રે
હરિ હાથ ગ્રહો મારો હેતથી રે
પ્રેમથી પધારો પ્રાણ આધાર રે
શ્વેતાયન તોરણ બાંધ્યા મે કુલવાડીએ રે
પ્રગટ પ્રભુજી પધારો માંડવે રે
દાસ પ્રવિણનો ગ્રહો હાથ રે
અગર ચંદને રોપાયો માંડવો રે
પ્રભુજી અખંડ મારે દિલ આવજો રે

કિર્તન

હે ભાન ભુલ્યો શ્વેતાયનના તાનમાં રે

હે ઘણું સમજાવ્યું સંતોએ શાનમાં રે ભાન...

વાલા આવ્યા મુળ અક્ષરની સાથમાં રે

સોપી દીધો આ દેહ તમારા હાથમાં રે ભાન...

ધર્યું ધ્યાન એક શ્વેતાયન વ્યાસનું રે

સદા રહેજો થઈ તમે આ દાસના રે ભાન...

જીવ પામર ભટકયો ભવ પંથ મા રે

પ્રભુ લેજો આવી તમે અંત મા રે ભાન...

સદા બિરાજો છો પરમધામમાં રે

ધારી અનાદિ શ્રીકૃષ્ણ નામને રે ભાન...

દાસ ભરત ભજે ઘણા ભાવથી રે

ભવપાર ઉતર્યા અમે આપથી રે ભાન...

ભાન ભૂલ્યો શ્વેતાયનના તાનમાં રે

કિર્તન

હારે એવા પરમધામથી શ્વેતાયન આવીયા
આવ્યા છે કાંઇ મુકતકોટી આજ રે શ્વેતાયન પ્રભુ
પ્રગટ થયા છે સોરઠ દેશમાં...
હારે એવા અશ્વપટ સરોવરના કાંઠડે
શોભે છે કાંઇ શ્વેતાયનના ધામ રે શ્વેતાયન પ્રભુ
પ્રગટ થયા છે સોરઠ દેશમાં...
હારે એવા કુમકુમવાપી રૂડા ગામમાં
પ્રગટીયા છે અવતારી ભગવાન રે શ્વેતાનય પ્રભુ
પ્રગટ થયા છે સોરઠ દેશમાં...
હારે એવા કમરમાતા ગોપાળદેવ તાત છે
દિપાવયા છે દેવાણી પટેલ કુળ રે શ્વેતાયન પ્રભુ
પ્રગટ થયા છે સોરઠ દેશમાં...
હારે આજ વિધ વિધ થયા છે વધામણા
અવતાર કોટી આકશે ન માય રે શ્વેતાયન પ્રભુ
પ્રગટ થયા છે સોરઠ દેશમાં...
હારે એવા લોમરાઋષિ આવ્યા દર્શને
દિધા છે કાંઇ બાલકૃણ નામ રે શ્વેતાયન પ્રભુ
પ્રગટ થયા છે સોરઠ દેશમાં...
હારે ઋષિમુની ઇશ્વરકોટી આવીયા
આવ્યા છે કાંઇ ત્રેત્રીસ કરોડ દેવ રે શ્વેતાયન પ્રભુ
પ્રગટ થયા છે સોરઠ દેશમાં
હારે એવા ચરાણોમાં ચિન્હો અતિ શોભતા
હથેળીમાં ત્રિશુલ ધનુષ ધ્વજ રે શ્વેતાયન પ્રભુ
પ્રગટ થયા છે સોરઠ દેશમાં...

કિર્તન

હારે સુખ આપ્યા પ્રગટે દુઃખ કાપયા

હારે મારા તનના તે તાપ બુજાવ્યા પ્રગટે સુખ આપ્યા

હારે પ્રભુ કુંકાતેવાવમાં પ્રગટીયા

હારે મારા આવતા વિઘન અટાકવ્યા પ્રગટે સુખ આપયા

હારે વાલે દર્શન દીધા છે દોડી દોડી

હારે હું તો મળવાને થઈ છું ઉતાવડી પ્રગટે સુખ આપ્યા

હારે પ્રભુ કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

હારે વાલે દર્શન દીધા છે મને આજ પ્રગટે સુખ આપ્યા

હારે તમે કંભરાલક્ષ્મીના બાળ

હારે પિતા ગોપાળદેવના છો લાલ પ્રગટે સુખ આપ્યા

હારે વાલો જુનાગઢ જઈને વસીયા

હારે વાલો મુજ સામુ જોઈ હસીયા પ્રગટે સુખ આપયા

હારે વાલો સુરત શહેરમાં આવીયા

હારે સાથે શરણાગતિમંડળને લાવીયા પ્રગટે સુખ આપ્યા

હારે પ્રભુ શરણાગતિના છો સ્વામી

હારે તમે અંતરના છો જામી પ્રગટે સુખ આપ્યા

હારે વાલા ભકતોની અરજી સાંભળજો

હારે પ્રગટ દર્શન દેજો અમને આજ પ્રગટે સુખ આપ્યા

કિર્તન

વાલા વિનતી સુણીને વેલા આવજો

આવજો આવજો શરણાગતિના નાથ રે ભકતોના બેલી વિનંતી...

હે વાલા શરણાગતિ મંડળ દિલાસા મોકલે

વાટલડી જુએ છે વારંવાર રે ભકતોના બેલી વિનંતી...

હે વાલા જમણા તે હાથની હથેળીમાં

સ્વસ્તિકના ચિન્હ સોહાય રે ભકતોના બેલી વિનંતી...

હે વાલા ત્રીકોણનું ચિન્હ અતિ શોભતુ

નાગરવેલીના પાન સોહાય રે ભકતોના બેલી વિનંતી...

હે વાલા ગુલાબના હાર અતિ શોભતા

સોરભ આવે દેશ વિદેશ રે ભકતોના બેલી વિનંતી...

હે વાલા કુલવાડીના મોટા મહંત બન્યા

બાંધ્યા છે કાંઈ મોક્ષ મંદિર રે ભકતોના બેલી વિનંતી...

હે વાલા મુર્તિ પધરાવી અનાદિ કૃષ્ણની

વાગી ગયા દેશ વિદેશમાં ડંકા ભકતોના બેલી વિનંતી...

હે વાલા શરણાગતિ મંડળ તમને સેવતા

ભકતો ઉપર રાજી રહેજો સદાય રે ભકતોના બેલી વિનંતી...

કિર્તન

હાલો હાલોને કુલવાડી ધામમાં રે
રૂડા મંદિર શોભે શ્વેતાયન વ્યાસના રે... હાલો હાલો...

ઉચા મંદિરને ધજા રૂડી ફરકે રે
કુલવાડીમાં પ્રગટ પ્રભુ હરખે રે... હાલો હાલો...

જામવંથલીમાં પ્રગટ પ્રભુ વિચર્યા રે
મહામુકતોના જન્મનું એ સ્થાન છે રે... હાલો હાલો...

મહાસંત શ્વેતાયન વ્યાસના રે
એના દર્શનથી સુખ શાંતી મળે રે... હાલો હાલો...

મોટા સંત પ્રગટ પ્રભુના જાણજો રે
અવિનાશી સંતોને ચરણે નામો રે... હાલો હાલો...

દાસી જયા કહે સંતોને સેવજો રે
અનાદિ કૃણ તમો સહુમાં વસજો રે... હાલો હાલો...

કિર્તન

હાલો હાલોને ભકતો જઈએ કુંકાવાવધામ જો
ઉત્સવ રે આવ્યો છે શીલા ન્યાસનો
કુમકુમવાપીમાં આજ્ઞા છે મહારાજની
મુરત રે આવ્યું છે શીલાન્યાસનું
વૈશાખ સુદી સાતમને ગુરૂવાર જો
શુભઘડી આવી છે કુંકાવાવમાં
ગગનચુંબી સોનાના શીખર જો
શીલા સ્થાપના આવ્યું છે બ્રહ્મ પેલેસનું
નવ નવ શીખર માથે શોભે સોનાના કળશ જો
એવા કુમકુમવાપીમાં બ્રહ્મપેલેસ તીર્થધામ છે
દેશ વિદેશથી ભકતો સૌ કોઈ આવશે
લાહવો રે લેવાને શીલાન્યાસનો
વાગે શરણાયું ને ઢોલ નગારાના તાલ જો
ઉડે રે અબિલ ગુલાલની છોડ જો
નાચે છે ભકતોને નાચે શરણાગતિના નાથ જો
નાચે સૌ કોઈ ભાન ભુલીને આજ જો
અનાદિ કૃણ પુરે સૌની આશ જો
ઉત્સવ રે ઉજવીએ શીલા ન્યાસનો
દાસ ઘનશ્યામના સ્વામી શ્વેતાયન આવજો
આવીને ભકતોને દર્શન આપજો.

કિર્તન

હાલો હાલો ને અમે કુંકાવાવ જવાના
કુંકાવાવ જવાના પ્રગટ પ્રભુ ને મળવાના
કુંકાવાવ ને પાદર મારો વાલો બીરાજે
ઊંચા ઊંચા હાથ કરી અમને બોલાવે
શ્વેતાયન ને દ્વારે અમને આનંદ આવે
હૈયા ની વાત અમે કાન માં કહેવાના
પોતાના જાણી ને વાલો હૈયે લગાડશે
શ્વેતાયન ને રાજી જોઈને અમે ભેટી રે પડવાના
હાલો હાલો ને અમે જુનાગઢ જવાના
જુનાગઢ જવાના પ્રગટ પ્રભુને મળવાના
ભંડાર ને મેળે મારો વાલો બીરાજે
પ્રગટ ને જોઈ ને અમે ભેટી રે પડવાના
હૈયા ની વાત અમે કાન માં કહેવાના
હાલો હાલો ને અમે ફુલવાડી જવાના
ફુલવાડી જવાના પ્રગટ પ્રભુ ને મળવાના
મધ્ય શીખર માં મારો વાલો બીરાજે
શ્વેતાયન ના દ્વારે અમને આનંદ આવે
શ્વેતાયન ના સંગે અમને આનંદ આવે
શ્વેતાયન ના સંગે અમે રાસ રમવાના
શરણાગતિ મંડળ સાથે સેવા માં રહેવાના
સેવા કરી પ્રગટ ને રાજી રે કરવાના
હાલો હાલો ને અમે કુંકાવાવ જવાના

કિર્તન

શ્વેતાયન વ્યાસ હરિ પધાર્યા,

શ્વેતાયન વ્યાસ હરિ રે... શ્વેતાયન

સર્વોપરી શાસ્ત્રો રચીયા આપે,

કરમાં કલમ ધરી રે... શ્વેતાયન

કુલવાડી માં વ્હાલે દર્શન દિધા,

ચોવીસ અવતાર લીન કરી રે... શ્વેતાયન

ભકતો ના મનોરથ પુરવા ને આવ્યા,

દિવ્ય ચિન્હ ધરી રે... શ્વેતાયન

સંતો ને વ્હાલે દર્શન દીધા,

અનેક લટકા કરી રે... શ્વેતાયન

વિશ્વ આખા ના પંડિતો હરાવ્યા,

દિગ્વિજય કરી રે... શ્વેતાયન

બાજુ કાજુ બાંધી ને વેલેરા આવજો,

કરમાં છડી ધરી રે... શ્વેતાયન

દાસ પ્રવિણ ને સેવા માં રાખજો,

રાખજો દુઃખડા હરી રે... શ્વેતાયન

કિર્તન

શ્વેતાયનજી રે આવો દર્શન દેવા અમને

દર્શન દેવા અમને વાલા વિનવી આજે તમને શ્વેતાયનજી રે...

ગોપાળ દેવ ના લાલ દુલારા શરણાગત ના પ્યારા

દર્શન કારણ નેણા તલશે હૈયા હરખે મારા શ્વેતાયનજી રે...

કોટી બ્રહ્માંડ ના સ્વામિ તમને કોટી વંદન મારા

મહેર કરી પ્રભુ આજ પધારો મહેરો કરનારા શ્વેતાયનજી રે...

ધામ ધામેશ્વર છો પરમેશ્વર ઈષ્ટ દેવ અમારા

અનાદિ શ્રી કૃણ નારાયણ દર્શન દયો તમારા શ્વેતાયનજી રે...

દિન દયાળુ દર્શન આપો કરશો માં હવે વાર

તમ વિના મારે ઘડી ન ચાલે આવો ને એકવાર શ્વેતાયનજી રે...

અહો ભાગ્ય છે આજ અમારા પ્રગટ પ્રભુ મળીયાં

આજ અમારા ભાગ્ય જુવો કોઈ થી ન જાય કળીયા શ્વેતાયનજી રે...

ભકત જનો ના ઈષ્ટ કરો છો દર્શન દઈ પાણ આજે

સભા માં સાક્ષાત બિરાજે ભકતો જન નાં કાજે શ્વેતાયનજી રે...

પ્રગટ પ્રભુ ના દર્શન થતા આનંદ અપરંપાર

દાસ નિરજ કહે ધન્ય થયો છે મારો આ અવતાર શ્વેતાયનજી રે...

કિર્તન

શ્વેતાયન ઘડીયે ઘડીયે સાંભળે રે
દર્શન આપે છે વારંવાર શ્વેતાયન...
શ્વેતાયન કુમકુમવાપી માં પ્રગટયા રે
શ્વેતાયન કંભરાલક્ષ્મી ના બાળ શ્વેતાયન...
શ્વેતાયન દેવાણી કુળ ને દિપાવ્યુ રે
કુંકાવાવ બનાવ્યું પરમધામ શ્વેતાયન...
સવારે ઉઠતા શ્વેતાયન સાંભળે રે
મારે હૈયે આનંદ ઉભરાય શ્વેતાયન...
ન્હાતા દિઠા કંકાવટી ના જળમાં રે
જીભળી રટે શ્વેતાયન નું નામ શ્વેતાયન...
કુંકાવાવ માં નિસર્યા ગાવલડી ચારવા રે
તોય મારી આંખ થી અળગા ન થાય શ્વેતાયન...
ભોજન કરતા શ્વેતાયન સાંભળે રે
કંઠે કોળીયો અટવાય જાય શ્વેતાયન...
સેજ માં સુતા શ્વેતાયન સાંભળે રે
ઉંઘ માં ઝબકી જાગી જવાય શ્વેતાયન...
કિર્તન કરતા શ્વેતાયન સાંભળે રે
આંખડી આસુડે છલકાય શ્વેતાયન...
અંત સમયે આવજો મારે આંગણે રે
નોણે નીરખી જાય મારા પ્રાણ શ્વેતાયન...
કર જોડી વિનવું શ્વેતાયન ને રે
અમને દેજો પરમધામ માં વાસ શ્વેતાયન...

કિર્તન

શ્વેતાયન વ્યાસ હરિ પ્રગટ થયા, શ્વેતાયન વ્યાસ હરિ રે..

આસોવદી અષ્ટમી એ પ્રગટીયા પોતે
કુંવરજી નામ ધરી રે... શ્વેતાયન...

કુંભરામાતા ને ગોપાળદેવ થકી
તમે રે નરતન ધરી રે... શ્વેતાયન...

કુમકુમવાપી માં વ્હાલે બાળલીલા કરીને
મહા તિર્થ તાજુ કરી રે... શ્વેતાયન...

સંતો ને મધ્યે વ્હાલો સંત થઈ ને રહયા
જુનાગઢ નિવાસ કરી રે... શ્વેતાયન...

સર્વોપરી ઉપાસ ના પ્રર્વતાવા કાજે
જાહેર વ્યાખ્યાન કરી રે... શ્વેતાયન...

વચનામૃત માં કહી ગયા પોતે
તે વાત સાચી કરી રે... શ્વેતાયન...

દાસ પ્રવિણ ને દર્શન દેજો
શિર પર પાઘ ધરી રે... શ્વેતાયન...

શ્વેતાયન વ્યાસ હરિ પ્રગટ થયા, શ્વેતાયન વ્યાસ હરિ રે..

કિર્તન

શ્વેતાયન તેરી યાદ તો વિસરાય ના
પ્રેમ ની પીડા હવે સહેવાય ના... શ્વેતાયન...
ભોળા ભાવે મે કરી તી પ્રીતડી
છે હૃદય ને કાળજુ કોરાય ના... શ્વેતાયન...
નાવ મારી મે મુકી મજ્ધાર માં
દુઃખ ના દરીયા હવે છોડાય ના... શ્વેતાયન...
શ્વેતાયન તેરી આંખડી જાદુભરી
રાત-દિવસ તે મને રડાવતી... શ્વેતાયન...
લોકો પુછે છે તેને હું શુ કહુ
દાઝ્યા દિલ ની વાત તો કહેવાય ના... શ્વેતાયન...
સુખ ના સપના બધા રોળાઈ ગયા
બિંદુ ની આશા નિરાશા થાય ના... શ્વેતાયન...

કિર્તન

શ્વેતાયન ના રાજ માં સૌને લીલા લ્હેર છે
સૌને લીલા લ્હેર છે ને પ્રગટ ની મ્હેર છે ...શ્વેતાયન ના
સોરઠ ધરા માં એક કુંકાવાવ ધામ છે
કંભરા માં ની કુખે જન્મ્યાં અનાદિ કૃષ્ણ નામ છે ...શ્વેતાયન ના
વંથલી વન માં એક કુલવાડી ધામ છે
પ્રગટ પ્રભુજી ને રહેવાનું ધામ છે ...શ્વેતાયન ના
ગઢ ગીરનાર એક જુનાગઢ ધામ છે
સંત રૂપે રહયા પ્રભુ પરચા અપાર છે ...શ્વેતાયન ના
ધામો માં શ્રેષ્ઠ એવું પરમધામ છે
શરણાગતિ મંડળને રહેવા નું ધામ છે ...શ્વેતાયન ના
શ્વેતાયન ના રાજ માં સૌને લીલા લ્હેર છે
સૌને લીલા લ્હેર છે ને પ્રગટ ની મ્હેર છે ...શ્વેતાયન ના

કિર્તન

શ્વેતાયન હરિ શ્વેતાયન હરિ શ્વેતાયન હરિ અવતારી હરિ
વ્હાલે કુંકા રે વાવ મા જન્મ ધરી
કંભરા માતા ની કુખ ને ઉજળી કરી
દિધા દર્શન દિવ્ય રૂપ ધરી ... શ્વેતાયન હરિ
વ્હાલે લોમષ ઋષી ને દર્શન દિધા
દિવ્ય ચિન્હો જોઈ હરિવર કિધા
બાલકૃષ્ણ કુંવરજી નામ દીધા ....શ્વેતાયન હરિ
વ્હાલે કુંકાવાવ માં બાળલીલા કરી
ભકત બજરંગ બલિ પર મ્હેર કરી
દિધા દર્શન દિવ્ય રૂપ ધરી ... શ્વેતાયન હરિ
આવ્યા દર્શને ઋષિ મંડળ મળી
હરિ ચરણો માં શિશ નમાવ્યા વળી
દિધા દર્શન દિવ્ય રૂપ ધરી ... શ્વેતાયન હરિ
વ્હાલે વચનામૃત માં રૂડી વાત કરી
સંત મધ્યે પ્રગટ થયા નિમિત ધરી
આવી વસીયા છો જુનાગઢ હરિ ... શ્વેતાયન હરિ
વ્હાલે કાશી એ ભાગવા નું નિમિત ધરી
મહા પંડિતો ના મનડા લીધા હરિ
નિજ સર્વોપરી જ્ઞાન દાન દઈ ... શ્વેતાયન હરિ
વ્હાલે શાસ્ત્રો રચીયા સર્વોપરી
વિશ્વ કલ્યાણ કાજે પ્રગટયા હરિ
દિધા પરચા અગણિત આજ હરિ ... શ્વેતાયન હરિ
વ્હાલે શરણાગતિ ને મહાસુખ દિધા
કુલવાડી બગીચા પાવન કીધા
દાસ શાંતિ કહે દિવ્ય સુખ દીધા ... શ્વેતાયન હરિ

શરીર ના તત્વો તો સોની જેવા ચોર છે. તે સમજી ને આત્મા એ પરમાત્મા માં પ્રીતિ રાખવી

કિર્તન

શ્વેતાયન હાલે ચાલે ને વાગે ઘુઘરી રે,

મારા વ્હાલા ને નિરખું નેણા ભરી રે, ... શ્વેતાયન

સિવડાવી છે ચોરણી મેલાવી છે કાંગરી રે,

મારા વ્હાલા ને નાડી સાચા હીર ની રે, ... શ્વેતાયન

રમવા આપુ રમકડા ને હાથમાં આપુ લાકડી

કંભરા માતા રમાડે શ્વેતાયન ને રે, ... શ્વેતાયન

કંકાવટી ની જાળી ભરી ને ત્રાંબાકુંડી તૈયાર છે,

કંભરા માતા નવરાવે શ્વેતાયન ને રે, ... શ્વેતાયન

ભાવતા ભોજન જમાડીશ ને માખણ મીસરી તૈયાર છે,

કંભરા માતા જમાડે શ્વેતાયન ને રે, ... શ્વેતાયન

સોના-ચાંદી ના પારણીયા ને મખમલ ના છે ખોયા,

કંભરા માતા ઝુલાવે શ્વેતાયન ને રે, ... શ્વેતાયન

શ્વેતાયન હાલે ચાલે ને વાગે ઘુઘરી રે,

મારા વહાલા ને નિરખું નેણા ભરી રે ... શ્વેતાયન

કિર્તન

શ્વેતાયન શ્વેતાયન રટના ઉચ્ચાર અનાદિ શ્રી કૃષ્ણનું શરણુ સ્વીકાર

કુંકાતેવાવ માં શ્વેતાયન પ્રગટીયા

બાળ સ્વરૂપે વ્હાલો કુંકાવાવ માં રમ્યા

ગોપાળદેવ ધેર આનંદ અપાર અનાદિ શ્રી કૃષ્ણ નું શરણુ સ્વીકાર

અશ્વપટ સરોવર આવી છલકાયો

સ્નાન કરે તેના પાપ ધોવાય

વાલો મારો દુઃખડા ટાળે તત્કાળ અનાદિ શ્રીકૃષ્ણ નું શરણુ સ્વીકાર

સર્વેભકતો ભેળા મળીને

અનાદિ શ્રી કૃષ્ણને યાદ કરીને

આનંદ અપરમ જય જય કાર અનાદિ શ્રી કૃષ્ણ નું શરણુ સ્વીકાર

શરણાગતિ મંડળ માં પ્રગટ બિરાજે

દર્શન દેવાને વ્હાલો પોતે પધારે

અનેક પરચા આપે મારો નાથ અનાદિ શ્રી કૃષ્ણ નું શરણુ સ્વીકાર

ભકતો સાથે ભેળા મળીને

કામ કરે છે વ્હાલો અનેક સ્વરૂપ લઈને

ભકતો ને આનંદ ઉપજાવે મારો નાથ અનાદિ શ્રી કૃષ્ણ નું શરણુ સ્વીકાર

કિર્તન

શ્વેતાયન હરિ શ્વેતાયન હરિ મારે કંઈક તમોને કહેવું છે
મારી નૈયાને પાર ઉતાર જો
દિન જાણી મને દર્શન દેજો
મારે તવ ચરણો માં રહેવું છે
શ્વેતાયન હરિ મારે કંઈક તમોને કહેવું છે
પ્રભુ બહુ બહુ દુઃખ છુપાવીને
મારા દર્દ લીધા દફનાવી ને
મારે માથે તમારું દેવું છે
શ્વેતાયન હરિ શ્વેતાયન હરિ મારે કંઈક તમોને કહેવું છે
પ્રભુ આપ વિના દિલ કયાં ખોલુ
જયાં પ્રેમ નહિ ત્યાં શુ બોલુ
મારે મુંગે મોઢે રહેવું છે
શ્વેતાયન હરિ શ્વેતાયન હરિ મારે કંઈક તમોને કહેવું છે
પ્રભુ આપ વિના નથી કયાંય આરો
હું જન્મો જન્મ નો દુઃખીયારો
મારુ જીવન જાણવા જેવુ છે
શ્વેતાયન હરિ શ્વેતાયન હરિ મારે કંઈક તમોને કહેવું છે
પ્રભુ પ્રેમ સેવા દર્શન દેજો
મારી આગળ આવી ઉભા રહેજો
મારે તમારી સેવા માં રહવુ છે
મારે આટલું તમને કહેવું છે
શ્વેતાયન હરિ શ્વેતાયન હરિ મારે કંઈક તમોને કહેવું છે

કિર્તન

શ્વેતાયન વ્યાસ તમારી માયા મને લાગી રે
માયા રે લાગી ભીડ જન્મો ની ભાંગી ... શ્વેતાયન
અનાદિ શ્રી કૃષ્ણ તમે મારા રે સ્વામિ
મારા રે સ્વામિ પરમધામ ના છો ધામી ... શ્વેતાયન
કાશી માં વિદ્યા ભણી જગ તમે જીત્યા
જગ તમે જીત્યા ને વંથલી માં વસીયા ... શ્વેતાયન
શ્વેતાયન વ્યાસ તમે શાસ્ત્રો રે રચિયા
શાસ્ત્રો રે રચિયા ચિન્હ ચરિત્ર બતાવ્યા ... શ્વેતાયન
મન મંદિર માં મૂર્તિ તમારી
મૂર્તિ તમારી જોઈ પ્રીત મારી જાગી ... શ્વેતાયન
અક્ષર બ્રહ્મને સાથે તેડી લાવ્યા
સાથે તેડી લાવ્યા ભકતો ના મન ભાવ્યા ... શ્વેતાયન
દાસ ભરત કહે શીશ નમાવી
શીશ નમાવિ જાઉ તમને હું વારી ... શ્વેતાયન

કિર્તન

શ્વેતાયન વરસોથી જોઉ તમારી વાટલડી
યુગો યુગથી જોઉ તમારી વાટલડી
ક્ષાણે ક્ષાણે હું જોઉ તમારી વાટલડી
હવે શાને તરસાવો મારા નાથ રે શ્વેતાયન હરિ
તમારે અમારે ભવની પ્રીતલડી
શ્વેતાયન રડતા થાકી છે મારી આંખલડી
તમારા વિરહથી ભર્યું મારૂ મન રે શ્વેતાયન હરિ
તમારે અમારે ભવની પ્રીતલડી
મારા વાલા શ્વેતાયન એક દિન આવશે
એવા હૈયામાં રાખ્યા વિશ્વાસ રે શ્વેતાયન હરિ
તમારે અમારે ભવની પ્રીતલડી
વાલા મારા પ્રીત કરી તમને ઓળખ્યા
કોને કહેવી આ વેદનાની વાત રે શ્વેતાયન હરિ
તમારે અમારે ભવની પ્રીતલડી
તમે સ્નેહના સાગર કહેવાઓ છો
અવતાર ધરી કર્યો શરણાગતિનો ઉધ્ધાર રે શ્વેતાયન હરિ
તમારે અમારે ભવની પ્રીતલડી

કિર્તન

શ્વેતાયન માંગુ હું એટલું જ દેજો
બીજુ કાંઇ જોતુ નથી રે લોલ
શ્વેતાયન મન મંદિરીયામાં રેજો બીજુ કાંઇ, જોતુ નથી રે લોલ

ભકિત નો રંગ મને એવો લગાડજો
કામ ને ક્રોધ મારી પાસે ન આવજો
શ્વેતાયન સેવા તમારી મને દેજો બીજું કાંઇ, જોતુ નથી રે લોલ

રાતે નિંદ્રા માં મને દર્શન આપજો
મંદ મંદ હાસ્ય કરી મુજ ને હસાવજો
શ્વેતાયન પ્રત્યક્ષ આવી ઉભા રેજો બીજુ કાંઇ, જોતુ નથી રે લોલ

રાત દિવસ તમારા કિર્તન બોલતી
કિર્તન બોલતા હું તો ભાન ભુલી જાતી
શ્વેતાયન ભકિત તમારી મને દેજો બીજુ કાંઇ, જોતુ નથી રે લોલ

સંસાર ના સુખ પ્રભુ મારે શું કામના
માયા ને મમતા નાથ મારે નથી કામના
શ્વેતાયન આવીને હાથ મારો જાલો બીજુ કાંઇ, જોતુ નથી રે લોલ

કંભરામાતા ના બાળ બાલકૃષ્ણ આવજો
ગોપાળદેવ ના લાલ બાલકૃષ્ણ આવજો
શ્વેતાયન દેજો પરમધામમાં વાસ બીજુ કાંઇ, જોતુ નથી રે લોલ

ભગવાન નું સુખ ક્ષણ માત્ર મળે તો અમીના અખંડ ઓડકાર આપે છે.

કિર્તન

શ્વેતાયન હરિ વ્યાસ ને તે કેમ ભુલી જવાય
દિવ્ય દર્શન બહુ આપતા તે કેમ ભુલી જવાય
કલમ ધરતા ને શાસ્ત્રો રચતા
પ્રેમી ભકતો ને પત્ર લખતા તે કેમ ભુલી જવાય
કથા ઓ કરતા ને સાર સમજાવતા
મોક્ષ નો મારગ બતાવતા તે કેમ ભુલી જવાય
પાઘલડી પહેરતા ને માળા ફેરવતા
લટકા કરી ને બોલાવતા તે કેમ ભુલી જવાય
મંદિરે જાતા ને પ્રદક્ષિણા ફરતા
ચાલ ચટકતી ચાલતા તે કેમ ભુલી જવાય
રોગી ઓ આવતા ને દુઃખ મટાડતા
સાજા કરી ને મોકલતા તે કેમ ભુલી જવાય
રોતા રે આવતા ને હસતા રે જાતા
સહુ પ્રગટ ના ગુણલા ગાતા તે કેમ ભુલી જવાય
લાડુ જમાડતા ને ચરણામૃત આપતા
છાતી માં ચરણ પધરાવતા તે કેમ ભુલી જવાય
જુનાગઢ માં રહેતા ને કુંજવૃતિ થી સેવતા
શરણાગતિ ની રક્ષા કરતા તે કેમ ભુલી જવાય
દિક્ષા ઓ આપતા ને કંઠી પહેરાવતા
એક ભગવુ ધરવા નું કહેતા તે કેમ ભુલી જવાય
શરણાગતિ ને લાડ લડાવતા
દાસ પ્રવિણ ને સેવા આપતા તે કેમ ભુલી જવાય.

કિર્તન

શ્વેતાયન વ્યાસ અવતારી રંગીલા વ્હાલા દયાળુ દર્શન આપો ને

અનાદિ શ્રી કૃષ્ણનારાયણ વ્હાલા દયાળુ દર્શન આપો ને

કંભરામાતા ના પુત્ર લાડીલા વ્હાલા દયાળુ દર્શન આપો ને

ગોપાળદેવ ના પુત્ર લાડીલા વ્હાલા દયાળુ દર્શન આપો ને

કુંકાવાવ ધામ ના ધામી રંગીલા વ્હાલા દયાળુ દર્શન આપો ને

કુલવાડી ધામ ના ધામી રંગીલા વ્હાલા દયાળુ દર્શન આપો ને

શિરપર પાઘ વાળા રંગીલા વ્હાલા દયાળુ દર્શન આપો ને

ચરણો માં ચિન્હો વાળા રંગીલા વ્હાલા દયાળુ દર્શન આપો ને

હથેળીમાં ચિન્હોવાળા રંગીલા વ્હાલા દયાળુ દર્શન આપો ને

કરમાં કલમ વાળા રંગીલા વ્હાલા દયાળુ દર્શન આપો ને

કરમાં માળા વાળા રંગીલા વ્હાલા દયાળુ દર્શન આપો ને

કંઠે ગુલાબ ના હાર રંગીલા વ્હાલા દયાળુ દર્શન આપો ને

અવતારો ના અવતારી રંગીલા વ્હાલા દયાળુ દર્શન આપો ને

અનેક શાસ્ત્રો રચનારા રંગીલા વ્હાલા દયાળુ દર્શન આપો ને

સર્વેધામો ના ધામી રંગીલા વ્હાલા દયાળુ દર્શન આપો ને

પરમધામ ના ધામી રંગીલા વ્હાલા દયાળુ દર્શન આપો ને

શરણાગતિ ના સ્વામિ રંગીલા વ્હાલા દયાળુ દર્શન આપો ને

કિર્તન

શ્વેતાયન શ્વેતાયન બોલતા રહેજો રે

જય અનાદિ કૃષ્ણનારાયણ કહેતા રેજો રે

દર્શન આપે શ્વેતાયન વ્યાસ હરિ રે

જય અનાદિ કૃષ્ણનારાયણ કહેતા રેજો રે

વ્હાલો કુમકુમવાપી માં પ્રગટીયા રે

વાલે દેવાણી કુળ દીપાવીયા રે

કુંકાવાવ ધામ રચાવીયા રે, જય અનાદિ...

વંથલી માં પ્રગટ પ્રભુ આવીયા રે

બગીચા માં તે રાસ રમાડીયા રે...

કુલવાડી ધામ રચાવીયા રે, જય અનાદિ...

જુનાગઢ માં પ્રગટ પ્રભુ આવીયા રે

દર્શન સેવા ના સુખડા આપીયા રે

શાસ્ત્રો સતાવન રચીયા રે, જય અનાદિ...

સુરત માં પ્રગટ પ્રભુ આવીયા રે

શરણાગતિ મંડળ રચાવીયા રે

ઘેર ઘેર લાલજી સેવા આપીયા રે જય અનાદિ...

કિર્તન

શ્વેતાયન શ્વેતાયન બોલ એમાં કલ્યાણ છે
એમા કલ્યાણ છે ને એમા ઉધ્ધાર છે
અવતારી નારાયણ બોલ એમા કલ્યાણ છે
કૃષ્ણવલ્લભાચાર્યજી અવતારી નાથજી
બાલકૃષ્ણ કુંવરજી શ્વેતાયન વ્યાસજી.
અનાદિ શ્રીકૃષ્ણ બોલ એમા કલ્યાણ છે
સર્વોપરી હરિ પ્રગટ પધાર્યા
કંભરાગોપાળ ઘેર આનંદ અપાર થયા
બાલકૃષ્ણ બાલકૃષ્ણ બોલ એમાં કલ્યાણ છે
પ્રગટ પ્રભુજી ને ભાવે ભજી લ્યો
સેવા કરીને રાજી કરી લ્યો
રાજીપે પરમધામ જવાય એમાં કલ્યાણ છે
નિર્વિકલ્પ ઉત્તમ મુર્તિ માં
મહામુકત થઈ નિર્ગુણ સ્થિતિ માં
પ્રગટ ભજીલ્યો હો એમાં કલ્યાણ છે
તન મન ધન સર્વે અર્પણ કરી ને
શ્વેતાયન વ્યાસજી ને રુદીયે ધરીલ્યો
કૃષ્ણવલ્લભાચાર્યજી બોલ એમાં કલ્યાણ છે
દાસ શાંતિ કહે પ્રગટ ભજી લ્યો
આવ્યા અવસર લેખે કરી લ્યો
પ્રગટ ની ભકિત સહુપાર એમાં કલ્યાણ છે

માતા બાળક ની રક્ષા કરે છે તેમ હું ભગવાન મારા વિશ્વાસી ભકત ની રક્ષા કરું છું.

સદગ્રંથનો સાર

૧. આપણો સંપ્રદાય કયો છે ?

➧ આપણો સમ્પ્રદાય અનાદિશ્રીકૃષ્ણનારાયણ સંપ્રદાય છે

૨. ત્રણ દેહનાં નામ લખો

➧ ૧. સ્થુળ ૨. સુક્ષ્મ ૩. કારણ

સ્થુળ દેહ પાંચ તત્વોનો, સુક્ષ્મ દેહ ઓગણીસ તત્વનો અને કારણ દેહ વાસના છે.

૩. પંચ તત્વોનાં નામ આપો.

➧ પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ (પંચ ભૂત)

૪. સુક્ષ્મ દેહ ઓગણીસ તત્વોનું છે, તેનાં નામ આપો.

➧ – પંચ જ્ઞાન ઈન્દ્રિયો

શ્રોત્ર, ત્વક, ચક્ષુ, રસનાં, ધ્રાણ.

– પંચ કર્મેન્દ્રિયો.

વાક્, પાણી, પાદ્, પાયું, ઉપસ્થ.

– પંચ પ્રાણ.

પાન, અપાન, વિયાન, ઉદાન, સમાન.

– ચાર અંતઃકરણ.

મન, બૂધ્ધિ ચિત્ અંહકાર.

૫. પંચ વિષયના નામ આપો.

➧ ૧. શબ્દ ૨. સ્પર્શ ૩. રૂપ ૪. રસ ૫. ગંધ

૬. ત્રણ અવસ્થાનાં નામ આપો.

➧ ૧. જાગ્રત ૨. સ્વપ્ન ૩. સુસુપ્તિ

૭. ચાર વર્ણ નાં નામ આપો.

➧ ૧. બ્રાહ્મણ ૨. ક્ષત્રિય ૩. વૈશ્ય ૪. શુદ્ર

૮. ચાર આશ્રમ નામ આપો.

➧ ૧. ગૃહસ્થાંશ્રમ ૨. ત્યાગાશ્રમ ૩. વાનપ્રસ્થાશ્રમ ૪. સન્યાસાશ્રામ

૯. ચાર પ્રકાર ની મુકતિ.

➧ ૧. ભગવાન નાં લોક માં રહેવુ
૨. ભગવાન નાં જેવાં ઐશ્વર્ય ને પામ્વું
૩. ભગવાન નાં સમીપ માં રહેવુ
૪. ભગવાન નાં જેવું સ્વરૂપ પામ્વું

૧૦. ભકિત કેટલાં પ્રકારની છે. તેનાં નામ આપો.

➧ ભકિત નવ પ્રકારની
૧. શ્રવાણ ભકિત ૨. કિર્તન ભકિત ૩. સ્મરાણ ભકિત ૪.દાસત્વ ભકિત
૫. સાંખ્ય ભકિત ૬. વંદન ભકિત ૭. પાદ સેવન ભકિત ૮. અર્ચન ભકિત
૯. આત્મ નિવેદી

૧૧. ત્રાણ તાપનાં નામ

➧ આધી, વ્યાધી, ઉપાધી

૧૨. ચાર પ્રલય નાં નામ આપો.

➧ ૧. નિત્ય પ્રલય ૨. નિમિત પ્રલય ૩. પ્રાકૃતિક પ્રલય ૪. આત્યંતિક પ્રલય

૧૩. ત્રાણ ગુણ નાં નામ આપો.

➧ ૧. સત્વગુણ ૨. રજોગુણ ૩. તમોગુણ

૧૪ પાંચ વર્તમાન

➧ ૧. નિષ્કામ ૨. નિર્લોભ ૩. નિસ્વાદ ૪. નિર્માન ૫. નિસ્નેહી

ભગવાન ની સેવા માં તત્પર પ્રેમીભકતને જો કોઈ વિઘ્ન કરે તો તે પ્રસન્નતા ને પાત્ર રહેતો નથી

૧૫. ચૌદ લોકનાં નામ આપો.

➧ ઉપરના સાત લોક.
ભૂલોક, ભુવરલોક, સત્યલોક, જનલોક, તપલોર્ક, સ્વર્ગલોક, મહરલોક

નિચેનાં સાત લોક
અતળલોક,વિતળલોક, સુતળલોક, તળાતળલોક,
રસાતળલોક, મહાતળલોક, પાતાળલોક

૧૬. આઠ આવરણનાં નામ આપો.

➧ ૧. પૃથ્વી ૨. જળ ૩. તેજ ૪. વાયું
૫. આકાશ ૬. મહત્વ ૭. પ્રધાનપુરૂષ ૮. અહંકાર

૧૭. છ અનાંદિ ભેદનાં નામ આપો.

➧ ૧. જીવ ૨. ઈશ્વર ૩. માયા ૪. મુકત ૫. બ્રહ્મ ૬. પરબ્રહ્મ

૧૮. ચાર પ્રકારનાં જીવો જાણાવો.

➧ ૧. જીવનમૂકત ૨. મુમુક્ષ ૩. વિષયી ૪. પામર

૧૯. ચાર વાતો જીવનું જીવન છે.

➧ ૧. મહારાજ ની ઉપાસના ૨. મહારાજની આજ્ઞા
૩. મોટાં એકાંતીક સાથે પ્રિતી ૪. ભાગવદીય સાથે સહદય પણું

૨૦. સંત્સંગમાં ઉતરવાના ત્રાણ વાના.

➧ ૧. હઠ ૨. માન ૩. ઈર્ષા

૨૧. સંત્સંગમાં ચડવાના ત્રાણ વાના.

➧ ૧.ગુણ ૨. વિનય ૩. સેવા

૨૨. ત્રાણ વાતમાં ભગવાન રાજી રાજી ને રાજી છે તે કઈ.

➧ ૧. ભગવાનની આજ્ઞા ૨. ભગાવનનાં સંતનું સ્વરૂપ
૩. ભગાવનનું સ્વરૂપ

૨૩. ત્રાણ પ્રકારની ગોપી જાણાવો.

➧ ૧. મુગ્ધા ૨. મધ્યા ૩. પ્રોઢા

૨૪. આ ત્રાણ વાત બરાબર સમજે તો સર્વે આવી ગયું.

➧ ૧. ભગવાન ૨. ભગવાનનાં ભકતોને વિષે આત્મબુધ્ધિ
૩. ભગવાની આજ્ઞા

૨૫. ત્રાણ વસ્તુ જીવનમાં એકવાર મળે છે.

➧ ૧. મા ૨. બાપ ૩. ભગવાન

૨૬. ત્રાણ ગયાં પછી પાછાં મળતાં નથી.

➧ ૧. તીર કમાન થી ૨. વાણી જીભ થી ૩. પ્રાણ દેહ થી

૨૭. ત્રાણ ઉપર હંમેશા પડધો રાખવો.

➧ ૧. ધન ૨. સ્ત્રી ૩. ભોજન

૨૮. ત્રાણ ઉપર મન લગાડવાથી હંમેશા પ્રગતિ થાય છે.

➧ ૧. ભગાવન ૨. મહેનત ૩. વિદ્યા

૨૯. ત્રાણ વ્યકિતનું હમેશા સન્માન કરવું.

➧ ૧. માતા ૨. પિતા ૩.ગુરૂ

૩૦. ત્રાણ ને હમેશા વશમાં રાખવા.

➧ ૧. માન ૨. ક્રોધ ૩. મન

૩૨. ત્રણ પ્રકારના ભકતો.

➧ ૧. ઉતમ ૨. મધ્યમ ૩. કનિષ્ઠ

૩૩. ચાર પ્રકારના કુસંગી.

➧ ૧. કુડા પંથી ૨. શુષ્ક વેદાતી ૩. નાસ્તિક ૪. શકિત પંથી

૩૪. પ્રગટ ભગવાન અનાદિ શ્રી કૃષ્ણ નારાયણનો
જન્મ કયા ગામમાં થયેલ હતો.

➧ મોટી કુંકાવવા (જીલ્લો-અમરેલી)

૩૫. પ્રગટ ભગવાન અનાદિ શ્રી કૃષ્ણ નારાયણનો જન્મ
કંઈ સાલમાં થયો હતો ?

➧ સંવત ૧૯૬૧ અશ્વિન વદ-૮ આઠમ શનિવાર
તારીખ :૨૧/૧૦/૧૯૦૫ ના સવારે ૫:૩૪ સૂર્યોદય પહેલા થયો હતો

૩૬. પ્રગટ ભગવાન અનાદિ શ્રી કૃષ્ણ નારાયણના
માતા પિતાનું નામ શું હતું ?

➧ માતાનું નામઃ કંભરાલક્ષ્મી, પિતાનું નામઃ ગોપાળ દેવ છે.

૩૭. પ્રગટ ભગવાન અનાદિ શ્રી કૃષ્ણ નારાયણને કેટલા ભાઈ હતા
તેના નામ આપો.

➧ પ્રગટ ભગવાન અનાદિ શ્રી કૃષ્ણ નારાયણને ત્રણ ભાઈ હતા,
૧. ભગવાનભાઈ ૨. પોપટભાઈ ૩.વલ્લભભાઈ (દિક્ષા લીધી)

૩૮. પ્રગટ ભગવાન અનાદિ શ્રી કૃષ્ણ નારાયણ નું નાનપણ નું નામ શું હતુ?

➧ પ્રગટ ભગવાન અનાદિ શ્રી કૃષ્ણ નારાયણ નું નાનપણ નું નામ,
કુંવરજી હતું.

૩૯. પ્રગટ ભગવાન અનાદિ શ્રી કૃષ્ણ નારાયણ પૃથ્વી ઉપર કેટલાં વર્ષ રહયા.

➧ પ્રગટ ભગવાન અનાદિ શ્રી કૃષ્ણ નારાયણ પૃથ્વી ઉપર ૮૦ વર્ષ ૪ માસ
૭ દિવસ રહયા

૪૦. અનાદિ શ્રી કૃષ્ણ નારાયણ ભગવાને કેટલા આચાર્ય સ્થાપ્યા ?

➧ અનાદિ શ્રી કૃષ્ણ નારાયણ ભગવાને ચાર આચાર્ય સ્થાપ્યાં.
૧. શ્રી શ્વેતાયનાંચાર્યજી મહારાજઃ ગોવિદજી નારણજી ટૂકડિયાં (ગોસા ટૂકડા)
૨. શ્રી સ્વરૂપાચાર્યજી મહારાજઃ માધવજીભાઈ સોની (ભંડારા)
૩. શ્રી વલ્લભવ્યાસાચાર્યજી મહારાજઃ દિનેશભાઈ અજીતભાઈ (કુંકાવાવ)
૪. શ્રીકૃષ્ણમાં ચાર્યજી મહારાજઃ પ્રવીણભાઈ પી. જોષી. (જામવંથલી)

૪૧. સત્સંગ કોને કેહવાય?

➧ સત્ વસ્તુનો સંગ કરે તેને સંત્સગ કહેવાય. સત્ય એવા ભગવાન, સત્ પુરૂષ, સત્ શાસ્ત્રો સત્ય એવા એકાંતિક ભકત.

૪૨. પ્રગટ ભગવાન અનાદિ શ્રી કૃષ્ણ નારાયણે અખિલ ભુમંડલીય સાંપ્રદાયિક મુકિત વ્યવસ્થામાં કેટલા વચનામૃતની સાંખ્ય આપી છે.

➧ પ્રગટ ભગવાન અનાદિ શ્રી કૃષ્ણ નારાયણ ભગવાને કુલ એકતાલીસ વચનામૃતની સાંખ્ય આપી છે.
ગઢડા પ્રથમ : ૧૨,૨૦,૨૧,૨૩,૨૪,૨૬,૪૦,૪૧,૪૩,૬૪,૭૩
સાળંગપુરનાઃ ૩,૧૪,૧૬,૧૭
લોયાનાઃ ૧૪,૧૫
કારીયાણીઃ ૭
વડતાલઃ ૨,૪,૮,૧૧,૧૮,૨૦
ગઢડા મધ્યનાઃ ૮,૧૩,૩૧,૬૨,૬૬,૬૭
ગઢડા અંત્યનાઃ ૨૨,૨૪,૩૧,૩૨,૩૩,૩૫,૩૬,૩૭,૩૮,૩૯

ભગવાન ની ચાકરી, સેવા અને ઉપાસના આત્મા બ્રહમ મુકત થાય છે.

૪૩. પ્રગટ ભગવાન અનાદિ શ્રી કૃષ્ણ નારાયણે સ્વહસ્તે કેટલી મૂર્તિ ભકતોને પુજવા આપી.

➧ ૧. છડી વાળી ૨. પાઘવાળી ૩. ચિન્હવાળી
૪. અવતાર અવતારીની (ચોવિસ અવતારની) ૫. હસ્તી મૂર્તિ
૬. બેઠી મુર્તિ ૭. પાઘવાળી (ભારતાં નકશાવાળી)
૮. કથાનું પાન કરાવતી મૂર્તિ ૯. સુખ શૈયાની મૂર્તિ
૧૦. ખુરશી ઉપર બેઠી મુર્તિ ૧૧. આર્શીવદ આપતી મૂર્તિ
૧૨. ચરણાવિંદ ૧૩. લાલજી મહારાજની મૂર્તિ

૪૪. ભગવાનનો અંકાતિક ભકત કોને કહેવાય ?

➧ જે ભકત ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ભકિત આ ચારે ગુણે સંપન્ન હોય તેને એકાંતિક ભકત કહેવાય.

૧. ધર્મ – શ્રુતિ અને સ્મૃતિ એ બે શાસ્ત્રનું પ્રતિપાદન કરે તે
૨. ભકિત – ભગવાનના મહાત્મયે સહિત ઘણો નિશ્ચય
૩. જ્ઞાન – જીવ, ઈશ્વર માયા, મુકત, બ્રહ્મ એન પરબ્રહ્મ આદિને યથાર્થ જાણે તેને
૪. વૈરાગ્ય – ભગવાન વિનાં અન્ય પદાર્થમાં અરૂચી
જીવ – જીવ તે જ્ઞાન ઘન છે
ઈશ્વર – ઐશ્વર્ય ઘન છે
માયા – અજ્ઞાન ઘન છે
બ્રહ્મ – પ્રકાશઘન છે
પરબ્રહમ – આંનદ ઘન છે

૪૫. પ્રિતીનું શું લક્ષણ છે ?

➧ જેને ભગવાન ને વિષે પ્રિતી હોય તે ભગવાન ની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ, જેમા ભગાવનનું ગમતું હોય તેમજ કરે તેને પ્રિતી નું લક્ષણ કહેવાય.

૪૬. અનાદિ શ્રી કૃષ્ણ ભગવાન મામાને ઘેર કેટલો વખત રહયા.

➧ અનાદિ શ્રી કૃષ્ણ ભગવાન મામાને ઘેર ઓળિયા ગામે એક વર્ષ રહયાં હતા.

૪૭. મહારાજે કાલાવડમાં મૂર્તિ પ્રતિષ્ઠા કયારે કરી.

➧ મહારાજે સંવત્ ૧૯૯૭ જેઠ સુદી ત્રીજ તા. ૨૮/૦૫/૧૯૪૧ ને બુધવાર શ્વેતાયન શક ૩૬

૪૮. શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે આચાર્ય મહારાજને ૧૦૦૮ ડિગ્રી કયારે અપાવી

➧ શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સંવત્ ૧૯૯૮ ચૈત્રવદી બારસ તારીખ : ૧૨-૦૪-૧૯૪૨ રવિવાર શ્વેતાયન શક ૩૭

૪૯. મહારાજે ખંભાતમાં સ્વામીનારાયણ મંદિરમા કળશ કયારે ચડાવ્યા?

➧ મહારાજે સંવત્ ૨૦૦૦ વૈશાખ વદ દશમ તારીખ : ૧૭-૫-૧૯૪૪ બુધવાર શ્વેતાયન શક ૩૯

૫૦. મહારાજ સૌ પ્રથમ જામનગર કયારે આવ્યા?

➧ મહારાજે સવંત્ ૨૦૦૧ અષાઢ વદી અમાસ તા. ૭-૮-૧૯૪૫ મંગળવાર શ્વેતાયન શક ૪૦

પોતાને ન ગમે પણ તે જો ભગવાનને ગમતું હોય તો તે કરીને રાજી કરી લેવા અને મૂર્તિનું સુખ લેવું.

૫૧. મહારાજે જામનગરમાં સંભા મંડપની છત કયારે ભરી ?

➧ મહારાજે સંવત્ ૨૦૦૩ વેશાખ સુદ ત્રીજ બુધવાર તારીખ ૨૬-૪- ૧૯૪૭ શ્વેતાયન શક ૪૨ ના ભરી હતી.

૫૨. પુરૂષોએ આઠ અંગ સહિત દર્શન કરવા?

➧ પુરૂષોએ પગ, હાથ, ગોઠણ, છાતી, મસ્તક, નેત્ર, મન, વચને કરીને સાષ્ટાંગ દર્શન કરવા.

૫૩. સ્ત્રી ભકતોએ કયાં પાંચ અંગ સહિત દર્શન કરવા.

➧ સ્ત્રી ભકતોએ હાથ, મસ્તક, દ્રષ્ટ્રી, મન, વચન કરી પ્રાણામ કરવા.

૫૪. આપણા અનાદિ શ્રી કૃષ્ણ નારાયણ સંપ્રદાયનો મત કયો.

➧ આપણા અનાદિ શ્રી કૃષ્ણ નારાયણ સંપ્રદાયનો મત વિશિષ્ટા બ્રહ્માદ્વેત છે.

૫૫. શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને કયાં આચાર્યશ્રીએ દિક્ષા આપી હતી?

➧ શ્રીકૃષ્ણલ્લચાચાર્યજી મહારાજ ને શ્રી પતિ પ્રસાદજી મહારાજે દિક્ષા આપી હતી સંવત ૧૯૭૫ ને ચૈત્ર શુકલ એકાદશી તારીખ ૧૧-૦૪-૧૯૧૯ રવિવાર વડતાલમાં પ્રથમ દિક્ષા આપી હતી. સંવત ૧૯૭૬ કાર્તિક શુકલ એકાદશી તારીખ ૪-૧૧-૧૯૧૯ ને મંગળવારે દ્રિતીય દિક્ષા આચાર્યશ્રી પતિ પ્રસાદજી મહારાજ પાસેથી ગઢડામા લીધી હતી.

૫૬. નૈમિષારણ્ય ક્ષેત્ર કોને કહેવાય ?

➧ જયાં કાયમ (નિત્ય)કથા વાર્તા થતી હોય અને જે જગ્યાએ ઈન્દ્રિયો રૂપ જે મનની ધારાને ધસાઈ ને બુઠ્ઠી થઈ જાય તે ક્ષેત્ર ને નૈમિષારણ્ય ક્ષેત્ર કહેવાય.

૫૭. આટલું કાયમ યાદ રાખો.

૧. દેશ, પરદેશ ગમે ત્યાં જાવ પણ ભગવાનને ન ભૂલાવાં
૨. કુસંગનો ત્યાગ કરવો.
૩. વ્યસન કોઈ જાતનુ થવા ન દેવું.
૪. બધા સાથે હળી મળી ને રહેવુ, કુસંપ ન કરવો.
૫. નિયમ ધર્મ બરાબર સાચવવાં.
૬. મધુરી વાણી બોલવી, કટાક્ષ ન કરવો.
૭. સર્વ સાથે નમ્રતા વિવેકથી રહેવું.
૮. પદાર્થ આવે કે જાય, પણ કોધ કરી ઝધડો કરવો નહિ.
૯. સભામાં બરાબર હાજરી આપવી, સત્સંગ સેવામાં તત્પર રહેવું.
૧૦. મોટા કહે તેમ અનુવૃતિ પાડવી.
૧૧. કોઈનો અપરાધ અવગુણ ન લેવો બધાનો રાજીપો લેવો.
૧૨. શ્રી હરિ શરણાગતિ મંડળના દાસ થઈને રહેવું.
૧૩. જે વાંચવાથી ભગવાન અને સંત મુકતનો દોષ લાગે તેવા ફાલતુ પુસ્તકવાંચવા નહિ. મહારાજનાં સત્શાસ્ત્રોનો અભ્યાસ હંમેશા રાખવો.
૧૪. માતા-પિતા ઘરે વઢીને કહે તોય મુંજાવુ નહિ અને રાજી થવુ કે મારા હિત ને અર્થે કહે છે. આજ્ઞાનું પાલન કરવું.
૧૫. મોટાનો સંગ રાખવો દુરીજનનો સંગ કોઈ દિવસ ન કરવો.

૫૮. આપણે જાણવાં જેવું.

૧. સંભારણુ એ જ ભેગાપણું
૨. સેવા એ જ દિવ્ય આંખો
૩. રાજીપો એ જ દેખવા પણું
૪. સંગ એ જ સત્સંગ જીવમાં રાખવા પણું

૫૯. મહારાજ કાશી એ કયારે ભાગવા ગયા હતા ?

મહારાજ કાશી એ સંવત ૧૯૮૦ માગશર સુદી આઠમ તારીખ ૧૩-૦૨-૧૯૨૪ રવિવાર શ્વેતાયન શક ૧૯ ભાગવા ગયા હતા.

જીવ પોતાની મેળે ભવસાગર માથી નીકળી શકતો નથી. તેને ભગવાન અને સંતો કાઢે છે.

૬૦. મહારાજ દિક્ષા લીધા પછી પ્રથમ કુંકાવાવ કયારે ગયા હતા ?

➧ મહારાજ દિક્ષા લીધા પછી કુંકાવાવ માં સંવત ૧૯૮૮ ભાદરવા વદી પડવો ગુરૂવાર તારીખ ૧૫-૯-૧૯૩૨ શ્વેતાયન શક ૨૭

૬૧. ઉના મંદિરમાં મહારાજે સોનાના કળશ કયારે ચઢાવ્યા ?

➧ સંવત ૧૯૯૨ માગશર સુદી પંચમી તારીખ ૨૮-૦૧-૧૯૩૬ શ્વેતાયન શક ૩૧

૬૨. મહારાજ પ્રથમ વખત જામવાગથલી કયારે આવ્યા હતા ?

➧ સંવત ૧૯૯૪ ફાગણ સુદી પંચમી તારીખ ૭-૦૩-૧૯૩૮ શ્વેતાયન શક ૩૩

૬૩. અનાદિ શ્રી કૃષ્ણનારાયણ ભગવાન કયારે સ્વધામગમન થયા ?

➧ અનાદિ શ્રી કૃષ્ણનારાયણ ભગવાન સંવત ૨૦૪૨ મહાવદ-૪, તા. ૨૮-૦૨-૧૯૮૬ શુકવારે પ્રાતઃ કાળે સ્વધામગમન થયા.

પ્રગટ ભગવાન ની કૃષ્ણવલ્લભાચાર્ય મહારાજે સંસ્કૃત માં મેળવેલ ડિગ્રી

ક્રમ	ડિગ્રી-સર્ટીફીકેટો	ઉ.વર્ષ	ઇ.સ.	વિ.સં.
૧	ન્યાય મધ્યમાં ગર્વમેન્ટ સંસ્કૃત કોલેજ એકઝામીનેશન-બનારસ	૨૨	૧૯૨૬	૧૯૮૨
૨	ન્યાયવૈષેશિકશાસ્ત્રી (M.A.) ગર્વમેન્ટ સંસ્કૃત કોલેજ એકઝામીનેશન-બનારસ	૨૬	૧૯૩૦	૧૯૮૬
૩	દાર્શનિકપંચાનન ટીકમણી સંસ્કૃત કિવન્સ કોલેજ-બનારસ	૨૬	૧૯૩૦	૧૯૮૬
૪	સાંખ્યયોગતીર્થ બંગાળ સંસ્કૃત એસોશિએસન-કલકતા	૩૦	૧૯૩૪	૧૯૯૦
૫	ષડ્દર્શનાચાર્ય ગર્વમેન્ટ સંસ્કૃત કોલેજ-કાશી	૩૦	૧૯૩૪	૧૯૯૦
૬	વેદાન્તતીર્થ બંગાળ સંસ્કૃત એસોશિએસન-કલકતા	૩૧	૧૯૩૫	૧૯૯૧
૭	નવ્યન્યાયાચાર્ય ગર્વમેન્ટ સંસ્કૃત કોલેજ-બનારસ	૩૧	૧૯૩૫	૧૯૯૧
૮	મીમાંસાતીર્થ બંગાળ સંસ્કૃત એસોશિએસન-કલકતા	૩૩	૧૯૩૭	૧૯૯૩
૯	શ્રી વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ સાર્વભૌમ સંસ્કૃત કાર્યાલય-કાશી	૬૬	૧૯૭૦	૨૦૨૬
૧૦	મહામહોપાધ્યાય શ્રી શારદાપીઠાધીશ્વર શ્રીમદ્ જગદ્ગુરૂ શંકરાચાર્ય-દ્વારકા	૭૨	૧૯૭૬	૨૦૩૨

ભગવાનના વચન માં પોતાની સામર્થિ પ્રમાણે રહેવાય તેટલું રહેવું
પણ ભગવાન ની મુર્તિ નું બળ અતિશય રાખવું

ક્રમ	ડિગ્રી-સર્ટીફીકેટો	ઉ.વર્ષ	ઈ.સ.	વિ.સં.
૧૧	દાર્શનિકમાર્તણ્ડ (D.Phil) શ્રી શારદાપીઠાધીશ્વર શ્રીમદ્ જગદ્‌ગુરૂ શંકારાચાર્ય-દ્વારકા	૭૨	૧૯૭૬	૨૦૩૨
૧૨	સાહિત્યમનિષી (D.Litt) શ્રી શારદાપીઠાધીશ્વર શ્રીમદ્ જગદ્‌ગુરૂ શંકારાચાર્ય-દ્વારકા	૭૩	૧૯૭૭	૨૦૩૩
૧૩	તાર્કિકવાચસ્પતિ (Ph.D) શ્રી શારદાપીઠાધીશ્વર શ્રીમદ્ જગદ્‌ગુરૂ શંકારાચાર્ય-દ્વારકા	૭૪	૧૯૭૮	૨૦૩૪
૧૪	ભારત મહાગુજરાત રાજય બહુસન્માનીત ગુજરાતના રાજયપાલ શ્રીમતી શારદા મુખરજી-ગાંધીનગર	૭૪	૧૯૭૮	૨૦૩૪
૧૫	ભારતભૂષણ શ્રીમદ્ જગદ્‌ગુરૂ શંકરાચાર્યજી-જયોર્તિમઠ બદ્રીકાશ્રમ હિમાલય	૭૪	૧૯૭૮	૨૦૩૪
૧૬	ઉત્તરપ્રદેશ ભારત રાજય વિશેષસમ્માનીત ઉત્તરપ્રદેશ સંસ્કૃત એકાદમી-લખનઉ	૭૫	૧૯૭૯	૨૦૩૫

પ્રગટ ભગવાન ની કૃષ્ણવલ્લભાચાર્ય મહારાજે રચિત ૫૭ શાસ્ત્રોની નામાવલી

(૧) ન્યાયશાસ્ત્ર ગ્રંથો

(૧) ન્યાયસિધ્ધાંત મુકતાવલીની કિરણાવલી ટીકા
(૨) તર્કસંગ્રહની દીપિકાની કિરણાવલી
(૩) ન્યાયબોધિની-પદ કૃત્યની ટિપ્પણી
(૪) તત્ત્વપ્રભાવલી, નવીન ગહન શ્વેતાયનીય વિશિષ્ટ ન્યાયશાસ્ત્ર
(૫) સામાન્ય નિરૂકિત ગદાધરીના કોડપત્રી શાસ્ત્રાર્થ
(૬) ખ્યાતિવિમર્શ : ૩૩ ત્રયસ્ત્રિંશત્થી અધિક ખ્યાતિઓ
(૭) પ્રભાત્વમિર્શ : પ્રભાત્વ અપ્રભાત્વ વિશદ વિચાર
(૮) સકારત્વ-વિમર્શ ''સર્વ સાકારમ્''એવો સૂક્ષ્મવિચાર
(૯) સાક્ષાત્કાર-સૂત્રાણિ : ''સર્વ સાક્ષાત્'' એવો સટીક વિચાર

(૨) મીમાંસાશાસ્ત્ર ના ગ્રંથો

(૧૦) મીમાંસાની અર્થસંગ્રહની કિરણાવલી
(૧૧) મીમાંસામાં અંગત્વ આદિના પરિષ્કાર

(૩) સાંખ્યશાસ્ત્રના ગ્રંથો

(૧૨) સાંખ્યકારિકા ગ્રંથનું ભાષ્ય
(૧૩) સાંખ્યતત્વકૌમુદિની કિરણાવલી
(૧૪) સાખ્યકારિકાના ગૌડપાદભાષ્યની કિરણટીકા

(૪) યોગશાસ્ત્રના ગ્રંથો

(૧૫) યોગસૂત્રશાસ્ત્રનું ભાષ્ય
(૧૬) યોગસૂત્રભોજવૃત્તિની કિરણટીકા

ભગવાન ના ભકતને ભગવાનની મુર્તિરૂપી ચિંતામણિ માથી બધુ મળે છે.

(૫) વેદાંતના ગ્રંથો

(૧૭) શ્રુતિતાત્પર્ય નિર્ણય - મૂળ ગ્રંથ

(૧૮) ચિત્સુખી ટિપ્પણી - ગહને સરળતા

(૬) દર્શનશાસ્ત્રના ગ્રંથો

(૧૯) દર્શતત્ત્વસાર - દર્શનશાસ્ત્રીના મતો

(૨૦) વિવિધા વિપ્રતિપત્તિયો : વાદી-પ્રતિવાદીઓનાં તત્ત્વજ્ઞાન
(નોંધ : ૧ થી ૨૦ ગ્રંથો સંસ્કૃત ભાષામાં)

(૨૧) વેદસ્તુતિ-સરળ અર્થમાં (સંસ્કૃત તથા ગુજરાતીમાં)

(૨૨) તત્વમુકતાકલાપ - પંચસરીની વિશાલ કિરણાવલી (સંસ્કૃત)

(૭) કાવ્ય ગ્રંથો

(૨૩) કવિકાવ્ય ગૌરવમ્ - કાવ્યતત્વવિચાર (સંસ્કૃત)

(૨૪) હિતોપ્રદેશે મિત્રલાભની કિરણાવલી (સંસ્કૃત - હિન્દી)

(૨૫) જાતિવિમર્શ - જાતિ પરિવર્તનાદિ વિચાર (સંસ્કૃત)

(૨૬) અખિલભૂમંડલીય સાંપ્રદાયિકમુકિતવ્યવસ્થા (સંસ્કૃત-ગુજરાતી)

(૮) આધ્યાત્મિક ગ્રંથો

(૨૭) શ્રી ગુણાતીતબ્રહ્મોપનિત્ (સંસ્કૃત)

(૨૮) ભકિતરસસરિત્ - અનેક ભકિતરસો (સંસ્કૃત)

(૨૯) પંચતત્વનિર્ણય - જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ વિચાર (સંસ્કૃત)

(૯) ધર્મશાસ્ત્રો ગ્રંથો

(૩૦) શ્રી શ્વેતાયન સ્મૃતિ-ચાલુ સમયનું ધર્મશાસ્ત્ર
(સંસ્કૃત પદ્ય-ગુજરાતી)

(૩૧) જનક-સુલભા-સંવાદઃઆધ્યાત્મિકજ્ઞાન સંવાદ
(સંસ્કૃત પદ્ય-ગુજરાતી)

(૧૦) મહામહા ઈતિહાસકાવ્ય

(૩૨) શ્રી શ્વેતાયન સંહિતા (શ્રી લક્ષ્મીનારાયણ સંહિતા)
૧,૨૬,૦૦૦ શ્લોકમાં બ્રહ્મ-સૃષ્ટિ-ઈતિહાસ (સંસ્કૃત પદ્ય)

(૩૩) શ્રી ગુણાતીતોપદેશ-પાંચ પ્રકરણ (સંસ્કૃત પદ્ય અને હિન્દી)

(૩૪) શ્રી ગોપાલનંદોપદેશ-ત્રાણ પ્રકરણ (સંસ્કૃત પદ્ય અને હિન્દી)

(૩૫) શ્રી સ્વામિનારાયણ દર્શનશાસ્ત્ર-સપ્તમદર્શન, સૂત્ર અને ટીકા (સંસ્કૃત)

(૩૬) શ્રી સ્વામિનારાયણ વેદાંતસાર-પદ્યાર્થનિર્ણય (સંસ્કૃત)

(૩૭) વિશિષ્ટાદ્વૈતમાં પણ વિશિષ્ટબ્રહ્માંડદ્વૈતત્વ વિચાર (સંસ્કૃત)

(૩૮) શ્રી હરિવાકયસુધાસિંધુ : મૂળ ૨૬૨ તરંગોનું
બ્રહ્મરસાયનભાષ્ય : લગભગ ૫૦૦૦ પૃષ્ઠોમાં મહાસાગરભાષ્ય (સંસ્કૃત)

(૩૯) સુધાસિંધુસાર સન્દોહન-ગ્રંથાધારે તત્વપદાર્થ (સંસ્કૃત)

(૪૦) વચનામૃતપ્રામાણ્યહેતવઃ - ૨૬૨ સ્તબકોમાં હેતુઓ (સંસ્કૃત)

(૪૧) સુધાસિંધુસૂત્રાણિ -૨૨૫૧ સંખ્યામાં સૂત્રો (સંસ્કૃત)

(૪૨) શ્રી હરિસ્વરૂપનિર્ણયનું સત્સંગભાષ્ય, પરબ્રહ્મ-માનવરૂપમાં એકતા,
તમામ ઉપાસકોને ઉપયોગી (સંસ્કૃત)

(૪૩) સત્સંગિજીવન ૧૮૦૦૦ શ્લોક, પાંચ પ્રકરણોની સારબોધિની પારાયણી
સંક્ષિપ્ત સંસ્કૃત ટીકા (સંસ્કૃત)

(૪૪) શિક્ષાપત્રી ૨૧૨ શ્લોકની કિરણાવલી (સંસ્કૃત-ગુજરાતી)

(૪૫) અવતાર-અવતારીપણામાં પુરાણાદિ વચનો (સંસ્કૃત)

(૪૬) ભગવતો - ભગવતીનાં હનુમાન આદિનાં સ્તોત્રાણિ (સંસ્કૃત)

(૪૭) શ્રી હરિવચનામૃતાનિ-ભાષાંતર (હિન્દી)

(૪૮) શિક્ષાપત્રી-ભાષાંતર (હિન્દી)

ભગવાન અને સંત વિના કોઈ ભગવાન ભજવાનો આગ્રહ કરે તેવા નથી

(૪૯) પ્રભુજી કે વૃત્તાંત-જીવની (હિન્દી)
(૫૦) ભકતોકી અભ્યર્થનાએ (હિન્દી-ગુજરાતી)
(૫૧) આધ્યાત્મિક જ્ઞાનરંગ (ગુજરાતી)
(૫૨) પ્રત્યક્ષ મહિમા પીયૂષ (ગુજરાતી)
(૫૩) શરણાગતિસ્પષ્ટાર્થ-આશ્રયબલ (ગુજરાતી)
(૫૪) પ્રકીર્ણકમાહાત્મ્ય ઉપદેશ.. આદિ (ગુજરાતી)
(૫૫) આધ્યાત્મિક ભૌતિક યોગ (ગુજરાતી)
(૫૬) વિદ્વાનો કૃત અભિનંદનાનિ-અભિનંદન ગ્રંથ
(સંસ્કૃત, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી)
(૫૭) વિદ્વાનોને પ્રત્યાભિનંદન-અભિનંદન ગ્રંથ (ગુજરાતી-હિન્દી)



પ્રગટ ભગવાન

અનાદિ શ્રી કૃષ્ણનારાયણ

(બ્રહ્મપેલેસ મંદિર-મોટી કુંકાવાવ)

જી.અમરેલી

Website : www.shreeharisharnagatimandal.com
Email Id : info@shreeharisharnagatimandal.com
shreeharisharnagatimandal@gmail.com